વિક્રમ સંવત ૨૦૭૯, ભાદરવો સુદ નોમ • તારીખ : ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૩, રવિવાર • વર્ષ : ૧૫ • અંક : ૫૯
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ • અમદાવાદ • કિંમત : રૂા. ૨.૦૦ • પાના : ૮

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886



## વડાપ્રધાન તરીકેની જવાબદારી સંભાળ્યા બાદ મોદીની વારાણસીની આ ૩૧મી મુલાકાત










વડાપ્રધાને વારાણસીમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમનું ખાતમુહૂર્ત કર્યું । રાજ્યને રૂ. ૧,૫૬૫ કરોડથી વધુના વિકાસ પ્રોજેક્ટની ભેટ આપી

# ભારતના દરેક ગામના રમતગમત મહારથીને ઓળખવા જરૂરી : પીએમ મોદી



। વારાણસી, તા.૨૩ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે તેમના સંસદીય ક્ષેત્ર વારાણસી પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે વારાણસીના ગંજારીમાં પૂર્વાંચલના પ્રથમ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ સ્ટેડિયમનું ખાતમુહૂર્ત કર્યું હતું. વડાપ્રધાન તરીકેની જવાબદારી સંભાળ્યા બાદ નરેન્દ્ર મોદીની વારાણસીની આ ૩૧મી મુલાકાત છે. આ દરમિયાન તેમણે વારાણસી સહિત સમગ્ર રાજ્યને રૂ. ૧,૫૬૫ કરોડથી વધુના વિકાસ પ્રોજેક્ટની ભેટ આપી હતી. પીએમ મોદીના આ કાર્યક્રમમાં ઉત્તર પ્રદેશના ત્રીજા ઈન્ટરનેશનલ ક્રિકટ સ્ટેડિયમનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ હતું. આ દરમિયાન બીસીસીઆઈના ચીફ રોઝર બિન્ની સહિત અનેક પૂર્વ ક્રિકેટર હાજર રહ્યા હતા. જેમાં 'ક્રિકેટના ભગવાન' કહેવાતા સચિન તેંડુલકર સહિત ૧૯૮૩ વર્લ્ડકપ વિજેતા ટીમ રવિ શાસ્ત્રી, સુનિલ ગાવસ્કર અને કપિલ દેવ પણ હાજર રહ્યા હતા. ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમનું ખાતમુહૂર્ત કરતી વખતે પીએમ મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું



કે, મહાદેવની નગરી કાશીમાં બનવા જઈ રહેલા આ સ્ટેડિયમની ડિઝાઈન સ્વયં મહાદેવને જ સમર્પિત કરવામાં આવી છે. પીએમ મોદીએ આગળ કહ્યું કે, આગામી દિવસોમાં ક્રિકેટ મેચોની સંખ્યા પણ વધવા જઈ રહી છે તો આવી સ્થિતિમાં જ્યારે મેચ વધશે તો નવા સ્ટેડિયમની પણ જરૂર પડશે. જેના કારણે આ સ્ટેડિયમ પૂર્વાંચલનું આભૂષણ બનશે. પીએમ મોદીનું કહેવું છે કે, ઈન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ બનવાથી કાશીના લોકોને ફાયદો થશે. જેના કારણે રોજગારીની નવી તકો ઉભી થશે અને યુવાનોને રમતગમતમાં જોડાવાની તક મળશે. પીએમ મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું કે અમે રમતગમતને તેમની કારકિર્દીમાં જોડ્યા છે. ખેલો ઈન્ડિયાનું બજેટ ગત વર્ષની સરખામણીમાં આ વખતે ૭૦ ટકા વધ્યું છે.

પીએમ મોદીએ પોતાના સંબોધનમાં આગળ કહ્યું કે, ભારતના દરેક ગામમાં રમતગમતના મહારથીઓ છે તેમને ઓળખવા ખૂબ જ જરૂરી છે. દેશના નાનામાં નાના ગામડાઓમાંથી બહાર આવીને યુવાનો સમગ્ર વિશ્વમાં દેશનું ગૌરવ બની રહ્યા છે. આપણે આ પ્રતિભાને મહત્તમ તકો આપવાની અને તેને નિખારવાની જરૂર છે. ખેલો ઈન્ડિયા અભિયાનથી આજે દેશના દરેક ખૂણેથી પ્રતિભાશાળી ખેલાડીઓની ઓળખ કરવામાં આવી રહી છે. જેમને પ્રોત્સાહન આપવા માટે સરકાર કામ કરશે.

## કેનેડા સામે પસંદગી કરવાની હોય તો અમે ભારતની પડખે

। વોશિંગ્ટન, તા.૨૩ ।

કેનેડા તરફથી ભારત પર લગાવાયેલા આરોપ અંગે બાયડેન સરકાર (યુએસએ)ના વલણ પર અમેરિકી ડિફેન્સ વિભાગના પૂર્વ અધિકારી માઈકલ રુબિન એ જોરદાર પ્રહાર કર્યા છે. રુબિને કહ્યું કે વિદેશમંત્રી બ્લિંકન જો કહે છે કે અમેરિકા હંમેશા આંતરરાષ્ટ્રીય ઉત્પીડન વિરુદ્ધ ઊભું રહેશે તો આપણે ખરેખર પાખંડી બની ગયા છીએ કેમ કે આપણે જેના વિશે વાત કરી રહ્યાં છીએ તે આંતરરાષ્ટ્રીય દમન છે જ નહીં.

# આતંકની ફેક્ટરી બંધ કરે પાકિસ્તાન, પીઓકે હવે તાત્કાલિક ખાલી કરો

## સંયુક્ત રાષ્ટ્રમાં ભારતની ફર્સ્ટ સેક્રેટરી પંખુડી ગેહલોતે પાકિસ્તાનને સંભળાવતા કહ્યું હતું કે જમ્મુ-કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે

। નવી દિલ્હી, તા.૨૩ ।

પાકિસ્તાન સંયુક્ત રાષ્ટ્રના આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મનો દુરુપયોગ કરીને કાશ્મીર રાગ આલાપવાનું બંધ નથી કરતું. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ૭૮માં સત્રને સંબોધિત કરતી વખતે પાકિસ્તાનના કાર્યવાહક વડા પ્રધાન અનવારુલ હક કાકરે ફરી એકવાર કાશ્મીર રાગ આલાપ્યો. તેમણે સંયુક્ત રાષ્ટ્રને કાશ્મીર પર ઠરાવ પસાર કરવા અને ત્યાં સૈન્ય હસ્તક્ષેપની માંગણી કરી. ભારતે શનિવારે આનો યોગ્ય જવાબ આપ્યો.

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતની ફર્સ્ટ સેક્રેટરી પંખુડી ગેહલોતે પાકિસ્તાનને સંભળાવતા કહ્યું કે જમ્મુ-કાશ્મીર કેન્દ્ર શાસિત પ્રદેશ ભારતનો અભિન્ન અંગ છે, પાકિસ્તાનને અમારી આંતરિક બાબતોમાં બોલવાનો કોઈ અધિકાર નથી. જવાબ આપવાના અધિકારનો ઉપયોગ કરીને પંતુલ ગેહલોતે કહ્યું, "જ્યારે પાકિસ્તાન




બીજાના આંતરિક મામલામાં ડોકિયું કરી રહ્યું છે, ત્યારે તેણે પહેલા પોતાના દેશમાં થઈ રહેલા માનવાધિકાર ઉલ્લંઘનને જોવું જોઈએ અને તેને તાત્કાલિક બંધ કરવું જોઈએ." પાકિસ્તાનને અરીસો બતાવતા પંખુડી ગેહલોતે કહ્યું કે તમારે મુંબઈ હુમલાના આતંકવાદીઓ સામે કડક કાર્યવાહી કરવી જોઈએ જેમના પીડિતો ૧૫ વર્ષ પછી પણ ન્યાયની રાહ જોઈ રહ્યા છે. પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય આતંકવાદી સંગઠનોનો ગઢ છે. તેણે પાકિસ્તાનને આતંકવાદીઓ માટે સુરક્ષિત આશ્રયસ્થાન બનાવી દીધું છે. વિશ્વમાં સૌથી ખરાબ માનવાધિકાર ઉલ્લંઘનના પાકિસ્તાનના રેકોર્ડ વિશે વાત કરતાં ગેહલોતે કહ્યું, "વિશ્વની સૌથી મોટી લોકશાહી પર આંગળી ઉઠાવવાનો કોઈને અધિકાર નથી. પાકિસ્તાન યુએન ફોરમનો દુરુપયોગ કરવા ટેવાયેલું છે. તે ભારત વિરૂદ્ધ આ વૈશ્વિક મંચનોવારંવાર દુરુપયોગ કરે છે. ભારત પર વારંવાર પાયાવિહોણા આક્ષેપો કરવામાં આવે છે જેથી કરીને વિશ્વ પાકિસ્તાનમાં થઈ રહેલા માનવાધિકારના ભંગને જોઈ ન જાય.

### પાકિસ્તાનમાં લઘુમતી હિન્દુ, શીખ અને ખ્રિસ્તી મહિલાઓની હાલત દુનિયામાં સૌથી ખરાબ છે

પાકિસ્તાનમાં અહમદિયા સમુદાયના લોકો સામે આવો જ ગુનો કરવામાં આવે છે, જેમના પૂજા સ્થાનો પાકિસ્તાનમાં તોડી પાડવામાં આવે છે. પાકિસ્તાનમાં લઘુમતી હિન્દુ, શીખ અને ખ્રિસ્તી મહિલાઓની હાલત દુનિયામાં સૌથી ખરાબ છે. ખુદ પાકિસ્તાનના માનવાધિકાર પંચના રિપોર્ટમાં આ વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ રિપોર્ટ અનુસાર, પાકિસ્તાનમાં દર વર્ષે લઘુમતી સમુદાયની લગભગ ૧૦૦૦ મહિલાઓનું અપહરણ કરવામાં આવે છે અને બળજબરીથી ધર્મપરિવર્તન કરીને લગ્ન કરવામાં આવે છે. ભારતે દક્ષિણ એશિયામાં શાંતિ માટે પાકિસ્તાનને ત્રણ સલાહ આપી હતી અને કહ્યું હતું કે પાકિસ્તાન સરહદ પારથી ભારતમાં આતંકવાદી ગતિવિધિઓ તાત્કાલિક બંધ કરે. વિલંબ કર્યા વિના આતંકવાદી ઠેકાણાઓ બંધ કરો. જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશ (PoK)ના વિસ્તારોને તાત્કાલિક ખાલી કરો કે જેના પર પાકિસ્તાન દ્વારા ગેરકાયદેસર રીતે કબજો કરવામાં આવ્યો છે.

### મોદી વીડિયો લિન્કના માધ્યમથી ટ્રેનોને લીલી ઝંડી બતાવશે

## મોદી ૧૧ રાજ્યોમાં ૯ નવી વંદે ભારત ટ્રેનને લીલી ઝંડી બતાવશે

### આ ૯ વંદે ભારત ટ્રેનોમાં એક અમદાવાદ અને જામનગર વચ્ચે શરૂ થનારી વંદે ભારત ટ્રેન પણ સામેલ છે

। નવી દિલ્હી, તા.૨૩ ।

આવતીકાલે ૨૪ સપ્ટેમ્બરના રોજ ૧૧ રાજ્યોમાં નવી ૯ વંદે ભારત ટ્રેનો શરૂ થવા જઈ રહી છે. વડાપ્રધાન મોદી વીડિયો લિંકના માધ્યમથી કાચીગુડા-યશવંતપુર અને વિજયવાડા-એમજીઆર ચેન્નઈ સેન્ટ્રલ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનને લીલીઝંડી બતાવી રવાના કરશે. વડાપ્રધાન મોદી એ જ દિવસે દેશભરમાં ૯ વંદે ભારત ટ્રેનને લીલીઝંડી બતાવી રવાના કરશે જેમાંથી બે ટ્રેનનું સંચાલન દક્ષિણ મધ્ય રેલવેના ક્ષેત્રાધિકારમાં રહેશે. દક્ષિણ મધ્ય રેલવેનું હેડક્વાર્ટર સિકંદરાબાદમાં છે. આ ૯ ટ્રેનોમાં એક અમદાવાદ અને જામનગર વચ્ચે શરૂ થનારી વંદે ભારત ટ્રેન પણ સામેલ છે જેને લીલીઝંડી બતાવાશે.

# કેદી સુધરી ગયો હોય તેને જેલમાં રાખવાથી શું મળશે : સુપ્રીમ કોર્ટ

## કેદીઓને સમયથી પહેલાં મુક્ત કરવાનો ઈનકાર કરવા તે કેદીઓના મૌલિક અધિકારોનાં હનન સમાન છે

। નવી દિલ્હી, તા.૨૩ ।

અપરાધીઓને સમયથી પહેલાં મુક્ત કરવા અંગે સુપ્રીમ કોર્ટે પોતાના એક મહત્વના ચુકાદામાં કહ્યું હતું કે, જે કેદી સુધરી ગયો હોય, તેને જેલમાં રાખવાથી શું મળશે ? સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, જેલમાં રહેવા કેદીઓને સજામાં છૂટ આપી, સમયથી પહેલાં મુક્ત કરવાનો ઈનકાર કરવા તે કેદીઓના મૌલિક અધિકારોનાં



હનન સમાન છે. તેથી કેદીઓમાં નિરાશાની ભાવના ઉત્પન્ન થાય છે. આશરે ૨૬ વર્ષથી જેલમાં રહેલા કેદીને મુક્ત કરવાનો આદેશ આપતાં સુપ્રીમ કોર્ટે આ ટીકા કરી હતી. ૧૯૯૮માં ડેકૌટી અને એક મહિલાની હત્યાના ગુનામાં કરેલની જેલમાં બંધ ૬૫ વર્ષના જોસેફની અરજી ઉપર ચુકાદો આપતાં ન્યાયમૂર્તિઓ સર્વશ્રી રવીન્દ્ર ભટ્ટ અને દીપંકર દત્તાની પીઠે કહ્યું હતું કે, સજામાં છૂટ અપાયા પછી, સમય પહેલાં મુક્ત કરવાનો ઈનકાર કરવો તે સંવિધાનના સમાનતાના અધિકાર અને જીવનના અધિકાર નીચે સંરક્ષિત મૌલિક અધિકારોનાં હનન સમાન છે.

### મહિલા આરક્ષણ વિધેયક પર રાહુલની ટિપ્પણી

# મહિલા આરક્ષણમાં ઓબીસી ક્વોટો ન સમાવી શકવાનો અફસોસ : રાહુલ

। નવી દિલ્હી, તા.૨૩ ।

કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, કોંગ્રેસને સોએ સો ટકા અફસોસ છે કે જ્યારે તે સત્તામાં હતી ત્યારે તે મહિલા આરક્ષણ વિધેયક પસાર કરવામાં અસમર્થ રહી હતી. તેઓએ સ્વીકાર્યું કે, જો તેઓની પાર્ટીએ તે વખતે ઓબીસી મહિલાઓ માટે પણ ક્વોટાની માગણી સ્વીકારી લીધી હોત તો આ કાનુન ૧૦ વર્ષ પૂર્વે જ અમલી બની ગયો હોત.



ઓબીસી સમુદાય માટે ક્વોટાની અંદર ક્વોટાની માગણી સમાજવાદી પાર્ટી અને રાષ્ટ્રીય જનતા દળ દ્વારા કરાઈ હતી. પરંતુ યુપીએ સરકારનું નેતૃત્વ કરનારી કોંગ્રેસ પાર્ટીએ ત્યારે તે માગણીનો અસ્વીકાર કર્યો હતો. તેથી નારાજ થયેલા સપા અને રાજદે ત્યારે સરકારને આપેલું સમર્થન પાછું ખેંચી લીધું. જો કે તે બિલ ૨૦૧૦માં રાજ્યસભામાં તો પસાર થઈ ગયું હતું. આમ છતાં રાહુલ ગાંધીએ મોદી સરકારને અન્ય પછાત વર્ગો (ઓબીસી): વિરોધી કહેતાં જણાવ્યું હતું કે, જો કેન્દ્રમાં કોંગ્રેસ સરકાર આવશે.

## ન્યૂઝ બ્રિફ

### યાત્રાધામ અંબાજીમાં ભાદરવી પૂનમના મેળાનો શુભારંભ



। અંબાજી, તા.૨૩ ।

અંબાજીમાં આજથી ભાદરવી પૂનમના મેળાની વિધિવત શરૂઆત કરાઈ છે. આજથી અંબાજી ભાદરવી મહાકુંભની રંગેચંગે શરૂઆત થઈ છે. દાંતા રોડ પર અંબાજી મંદિરના ચેરમેન અને વહીવટદારે રથ ખેંચીને મેળાની શરુઆત કરી. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર પરીવાર સાથે પૂજામાં જોડાયાં હતા. નાની બાળકીએ રથ સાથે પૂજા અર્ચના કરી હતી. તો અંબાજી માતાજીની આરતી કરવામાં આવી હતી. ભક્તિ શક્તિ અને અસ્થાન કેન્દ્ર સમા માં અંબાના ધામ અંબાજી ખાતે આજે ભાદરવી પૂનમના મેહમેળાની શરૂઆત થઈ છે. ત્યારે અંબાજી નજીક વેંકટેશ માર્બલ પાસે માતાજીનો રથ લાવવામાં આવ્યો હતો. આ રથનું શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન અને બનાસકાંઠા કલેકટરે રથની પૂજા અર્ચના કરી હતી. જ્યાં બ્રાહ્મણો દ્વારા શાસ્ત્રોક્ત વિધિ દ્વારા મંત્રોચ્ચાર કરી માતાજીના રથની પૂજા કરાઈ હતી.

### વાઘોડિયા ગામથી પારૂલ યુનિ. સુધીના રોડ પર ખાડારાજ

। વડોદરા, તા.૨૩ ।

વાઘોડિયાથી વડોદરા રોડ પર અપ અને ડાઉન બે સાઈડ રોડ બનાવવામાં આવ્યો છે. પરંતુ રોડની એક સાઈડ પર મસમોટા ખાડા પડી જવાથી વાહન ચાલકોને મુશ્કેલી પડી રહી છે. રોડના એક તરફના ભાગમાં રોડ પર મસમોટા ખાડા પડી જવાથી નાનાથી લઈ મોટા વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. પારૂલ યુનિવર્સિટીથી લઈ વાઘોડિયા ગામ સુધીના આસરે ચાર કિલોમીટર સુધીના રોડ પર ખાડા જ ખાડા હોવાથી વાહનચાલકોને આ રોડ ઉપરથી પસાર થતાં નવનેજા આવી જાય છે.વાઘોડિયાથી વડોદરા રોડ પર અપ અને ડાઉન બે સાઈડ રોડ બનાવવામાં આવ્યો છે. પરંતુ રોડની એક સાઈડ પર મસમોટા ખાડા પડી જવાથી વાહન ચાલકોને મુશ્કેલી પડી રહી છે. રોડના એક તરફના ભાગમાં રોડ પર મસમોટા ખાડા પડી જવાથી નાનાથી લઈ મોટા વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.પારૂલ યુનિવર્સિટીથી લઈ વાઘોડિયા ગામ સુધીના આસરે ચાર કિલોમીટર સુધીના રોડ પર ખાડા જ ખાડા હોવાથી વાહનચાલકોને આ રોડ ઉપરથી પસાર થતાં નવનેજા આવી જાય છે.

### મહિસાગરમાં આચાર્ય અને શિક્ષક ૨૯૦૦૦ ની લાંચ લેતા ઝડપાયા

। મહિસાગર, તા.૨૩ ।

મહિસાગર જિલ્લામાં આવેલ કડાણા સ્થિત એકલવ્ય મોડલ રેસીડેન્શીયલ સ્કૂલના ઈન્ચાર્જ આચાર્ય અને શિક્ષક લાંચ લેતા એસીબીના છટકામાં ઝડપાયા છે. આચર્યની ઓફિસમાં જ લાંચની રકમ સ્વિકારતા એસીબીએ ઝડપી લઈને બંનેની ધરપકડ કરી છે. આચાર્ય અને શિક્ષક બંનેએ વિદ્યાર્થીઓને અપાતા ભોજન અને નાસ્તાના બીલની રકમમાંથી ત્રણ ટકા લેખે રકમ માંગી હતી. મહિસાગર જિલ્લામાં આવેલ કડાણા સ્થિત એકલવ્ય મોડલ રેસીડેન્શીયલ સ્કૂલના ઈન્ચાર્જ આચાર્ય અને શિક્ષક લાંચ લેતા એસીબીના છટકામાં ઝડપ યા છે. આચર્યની ઓફિસમાં જ લાંચની રકમ સ્વિકારતા એસીબીએ ઝડપી લઈને બંનેની ધરપકડ કરી છે. આચાર્ય અને શિક્ષક બંનેએ વિદ્યાર્થીઓને અપાતા ભોજન અને નાસ્તાના બીલની રકમમાંથી ત્રણ ટકા લેખે રકમ માંગી હતી. આ માટે પહેલા અડધી રકમ બીલ મુજબ લાંચ પેટે આપ્યા બાદ બાકીની રકમ માટે લાંચ માંગતા એસીબીને ફરિયાદ કરવામાં આવી હતી. ખાનગી કંપની દ્વારા એકલવ્ય મોડલ રેસીડેન્શીયલ સ્કૂલમાં વિદ્યાર્થીઓને ભોજન અને ચા નાસ્તો આપવામાં આવે છે.



એનસીપીના ચીફ શરદ પવાર અને અદાણી ગ્રુપના અધ્યક્ષ ગૌતમ અદાણીએ ગુજરાતના વાસણામાં લેક્ટોફરીન પ્લાન્ટ એક્સાઈમ પાવરનું ઉદ્‌ઘાટન કર્યું હતું.

#### રાજ્યના કેટલાક જિલ્લામાં વરસાદથી નુકશાન થયું હતું

# ૩૩%થી વધુ નુકસાન થયું હોય તેવા ખેડૂત સહાયની જાહેરાત

### એસડીઆરએફ નોર્મ્સ પ્રમાણે હેક્ટર દીઠ ૮૫૦૦ની સહાય વધુમાં વધુ બે હેક્ટરની મર્યાદામાં અપાશે

। અમદાવાદ, તા.૨૩ ।

ગુજરાતમાં સપ્ટેમ્બરના મધ્યમાં ભરૂચ, નર્મદા અને વડોદરા જિલ્લામાં ભારે વરસાદ તથા ઉપરવાસના ભારે વરસાદને કારણે નર્મદા નદીમાં પુર આવતા ખેતી બાગાયતી પાકોને થયેલા નુકસાન અન્વયે રાજ્ય સરકારે ખાસ કૃષિ રાહત પેકેજ ૨૦૨૩ જાહેર કર્યું છે. ૧૬ થી ૧૮ સપ્ટેમ્બર દરમિયાન ભરૂચ, વડોદરા, નર્મદા જિલ્લામાં ભારે વરસાદ વરસ્યો હતો તેમ જ નર્મદા નદીના ઉપરવાસમાં પણ વરસેલા ભારે વરસાદને કારણે આ ત્રણ જિલ્લામાં ખેતી અને બાગાયતી પાકોને વ્યાપક નુકસાન તેમજ ખેતરોમાં પાણી ભરાઈ જવાના પરિણામે નુકસાનીના પ્રાથમિક અંદાજો સંબંધિત જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાજ્ય સરકારને મળ્યા છે. આ પેકેજનો લાભ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જાહેર કરાયેલ નુકસાનગ્રસ્ત ગામોમાં કૃષિ અને બાગાયતી પાકોમાં ૩૩% કે તેથી વધુ નુકસાન થયું હોય તેવા ખેડૂત ખાતેદારોને મળશે. રાજ્યના કૃષિ વિભાગે જાહેર કરેલા આ સહાય પેકેજ અનુસાર ખરીફ ૨૦૨૩-૨૪ ઋતુના વાવેતર કરેલા બિન પિયત ખેતી પાકોમાં ૩૩% કે તેથી વધુ નુકસાન માટે એસડીઆરએફ નોર્મ્સ પ્રમાણે હેક્ટર દીઠ ૮૫૦૦ની સહાય વધુમાં વધુ બે હેક્ટરની મર્યાદામાં અપાશે. આ ખરીફ ઋતુ ૨૦૨૩-૨૪ના વાવેતર કરેલા પિયત ખેતી પાકો અને વર્ષાયુ બાગાયતી પાકોમાં પણ ૩૩% કે તેથી વધુ નુકસાન માટે એસડીઆરએફના નિયમાનુસાર હેક્ટર દીઠ મળવા પાત્ર રૂપિયા ૧૭ હજારની સહાય ઉપરાંત રાજ્ય ભંડોળમાંથી વધારાની સહાય હેકટર દીઠ ૮૦૦૦ પ્રમાણે મળીને કુલ રૂપિયા ૨૫૦૦૦ની સહાય હેકટર દીઠ મહત્તમ બે હેક્ટરની મર્યાદામાં મળવા પાત્ર થશે. બહુવર્ષાયુ બાગાયતી પાકોના ૩૩% કે તેથી વધુ નુકસાન માટે એસડીઆરએફમાંથી મળવાપાત્ર એક્ટર દીઠ રૂપિયા ૨૨૫૦૦ની સહાય ઉપરાંત રાજ્ય ભંડોળમાંથી પ્રતિ એક્ટર ૧૫૦૦૦ મળી કુલ ૩૭૫૦૦ સહાય હેક્ટર દીઠ મળશે. વધુમાં વધુ બે હેક્ટરની મર્યાદામાં આ સહાય મળશે.

### ૨૭-૨૮ સપ્ટેમ્બરે સૌરાષ્ટ્રમાં વરસાદની કરાયેલી આગાહી

ગુજરાતમાં આજે પણ ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. હવામાન નિષ્ણાંતે આગામી સમયમાં ૨૭-૨૮ સપ્ટેમ્બરે સૌરાષ્ટ્રમાં વરસાદની આગાહી કરી છે. દક્ષિણ પાકિસ્તાન અને કચ્છ નજીક વધુ એક સિસ્ટમ સક્રિય થતાં વરસાદ પડવાના એંધાણ છે. મધ્ય ગુજરાતના જિલ્લાઓમાં વરસાદની આગાહી છે. ગુજરાતના માથે વધુ એક સિસ્ટમ સક્રિય થતા ભારે વરસાદની આગાહી છે. આ દિવસોમાં વડોદરા, દાહોદ, પંચમહાલ, બનાસકાંઠા, સાબરકાંઠામાં ભારે વરસાદની આગાહી છે. તો અમદાવાદ, ગાંધીનગરમાં પણ હળવા વરસાદની આગાહી છે. રાજ્યમાં અત્યાર સુધી સિઝનનો ૧૧૫.૫ ટકા વરસાદ વરસ્યો છે.

હવામાન વિભાગે આપેલી માહિતી અનુસાર, બંગાળની ખાડીમાં હાલ સાયક્લોનિક સર્ક્યુલેશન બની ગયું હતું અને હવે તે લો-પ્રેશર એરિયામાં ફેરવાઈ જશે. આ સિસ્ટમ લો-પ્રેશર એરિયા બન્યા બાદ આગળ વધશે અને તે ફરી ગુજરાત કેટલાક વિસ્તારોમાં વરસાદ વરસાવે તેવી શક્યતા જણાઈ રહી છે. ઓક્ટોબર મહિનાના પ્રથમ અઠવાડિયામાં પણ વરસાદનો એક રાઉન્ડ જોવા મળી શકે છે.

અંબાલાલ પટેલે જણાવ્યું છે કે, રાજ્યમાં નવી વરસાદી સિસ્ટમ બનશે જે દેશના પૂર્વિય ભાગોમાં ભારે વરસાદ લાવશે. નવી વરસાદી સિસ્ટમના કારણે ઓરિસ્સા, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં ભારે વરસાદ વરસી શકે છે. જ્યારે ૨૭-૨૮ સપ્ટેમ્બર સુધીમાં સૌરાષ્ટ્રના ભાગોમાં વરસાદ આવી શકે છે. સાથે પશ્ચિમ સૌરાષ્ટ્ર, ઉત્તર સૌરાષ્ટ્ર અને કચ્છમાં વરસાદ પડી શકે છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવ જણાવે છે કે, દક્ષિણ પાકિસ્તાનમાં અને કચ્છને અડીને એક સિસ્ટમ સક્રિય થતા આગામી બે દિવસ ભારે વરસાદ થશે. સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડમાં ભારે વરસાદ રહેશે. આવતીકાલે વડોદરા, દાહોદ પંચમહાલ, બનાસકાંઠા, સાબરકાંઠામાં ભારે વરસાદની શક્યતા છે. અમદાવાદ અને ગાંધીનગરમાં હળવા વરસાદની શક્યતા છે. હાલ રાજ્યમાં કેટલાક જગ્યાઓએ વરસાદે વિરામ લેતા ગરમીનો માહોલ છે. આજે અમદાવાદમાં ૩૪.૫ ડિગ્રી તાપમાન રહેશે. તો આ તાપમાન ઘટે તેવી શક્યતા છે, અત્યાર સુધી ૧૧૫.૫% વરસાદ રહ્યો છે. હવામાન વિભાગે ગુજરાતમાં ફરી ભારે વરસાદની આગાહી કરી છે. આગામી બે દિવસ ગુજરાતના કેટલાક વિસ્તારમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ પાકિસ્તાન અને કચ્છને અડીને એક સિસ્ટમ સક્રીય થઈ હોવાથી ભારેથી અતિભારે વરસાદ વરસી શકે છે. દક્ષિણ ગુજરાતમાં સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડમાં વરસાદ વરસશે. તો મધ્ય ગુજરાતમાં આવતીકાલે વડોદરા, દાહોદ, પંચમહાલ, બનાસકાંઠામાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

#### ગુજરાતમાં ટ્રેનમાં આગની બીજી ઘટના

## વલસાડથી સુરત જતી હમસફર એક્સપ્રેસમાં આગથી અફરાતફરી

। વલસાડ, તા.૨૩ ।

ગુજરાતમાં ટ્રેનમાં આગ લાગવાની સતત બીજી ઘટના પ્રકાશમાં આવી છે. વલસાડથી સુરત જતી ટ્રેનમાં આગ લાગતાં મુસાફરોમાં અફરાતફરી મચી જવા પામી હતી. આગ લાગવાની ઘટના બનતાં જ મુસાફરોને સુરક્ષિત બહાર મોકલી દેવામાં આવ્યા હતાં. વલસાડ રેલવે વિભાગે સાયરન વગાડીને આગ અંગેની જાણકારી આપી હતી. આગ કયા કારણે લાગી તેનું કારણ હજી અકબંધ છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે વલસાડથી સુરત જતી હમસફર એક્સપ્રેસ ટ્રેનમાં આગ લાગવાની ઘટના બની છે. વલસાડના છીપાવાડ વિસ્તાર નજીક આગની ઘટના બનતાં મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતાં. આગ લાગવાની ઘટનાને લીધે રેલવે વિભાગના અધિકારીઓ દોડતા થઈ ગયા હતાં. ટ્રેનના જનરેટર કોચમાં લાગેલી આગને કાબુમાં લેવાનો પ્રયાસ શરૂ કરવામાં આવ્યો છે. આગ કયા કારણે લાગી તેનું કારણ હજી અકબંધ છે. વલસાડ રેલવે વિભાગે સાયરન વગાડીને આગ લાગ્યાની જાણકારી આપી હતી. ટ્રેનમાંથી મુસાફરોને રેલવેના અધિકારીઓએ સુરક્ષિત રીતે બહાર કાઢી લીધા હોવાથી મોટી જાનહાની ટળી હતી.

#### મીડિયામાં સમાચાર પ્રસિદ્ધ થતા તાત્કાલિક સ્વામી મહારાજનું સ્ટેચ્યું હટાવાયું

## લુણાવાડામાં ગણેશજીને સ્વામિનારાયણનાં ખોળામાં બેસાડી નાના દેખાડતા વિવાદ

। મહીસાગર, તા.૨૩ ।

મહીસાગરનાં લુણાવાડામાં વિવિધ જગ્યાએ વિઘ્નહર્તા ગણેશજીની સ્થાપના કરવામાં આવી છે. ત્યારે દરેક પંડાલ ખાતે સવાર તેમજ સાંજનાં સુમારે ગણેશજીની આરતી, થાળ તેમજ ગણેશ ધૂન કરવામાં આવે છે. લુણાવાડામાં સ્વામિનારાયણ ભગવાનનાં ખોળામાં ગણેશજીને બેસાડતા વિવાદ ઉભો થવા પામ્યો છે. મહીસાગરનાં લુણાવાડામાં ફરી સ્વામિનારાયણને લઈ વિવાદ વકરે તેવી સ્થિતિ ઉભી થવા પામી છે. લુણાવાડા છપપ્યા ધામ બહાર ગણેશ મહોત્સવ દરમિયાન શહજાનંદ સ્વામી મહારાજ અને ગણપ તિનું વિવાદિત પોસ્ટર લગાવેલ હતું. જેમાં ભગવાન ગણેશજીને સ્વામિનારાયણ કરતા નાના બતાવાયા છે. તેમજ ગણેશજી સ્વામિનારાયણનાં ખોળામાં બેસાડી નાના દેખાડાતા વિવાદ ઉભો થયો છે. જે અંગેનાં સમાચાર મીડિયામાં પ્રસિદ્ધ થયા બાદ તેઓ દ્વારા વિવાદિત પોસ્ટર તેમજ ગણપતિની મૂર્તિ પાછળનું શહજાનંદ સ્વામી મહારાજનું સ્ટેચ્યું પણ હટાવી લીધું હતું.

#### નર્સિંગના ચોથા વર્ષના ૧૪ છાત્રોની ઉત્તરવહી ગૂમ

# યુનિ.ની ઉત્તરવહી ગૂમ કેસમાં સની ચૌધરી-અમિત સીંગની ધરપકડ થઈ

### આરોપી અમદાવાદ આવ્યા હોવાની જાણ થતાં ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આરોપીઓની ધરપકડ કરવામાં આવી

। અમદાવાદ, તા.૨૩ ।


ગુજરાત યુનિવર્સિટીમાંથી બીએસસી નર્સિંગના ચોથા વર્ષના અંદાજે ૧૪ જેટલા વિદ્યાર્થીઓની ૨૮ જેટલી ઉતરવહીઓ ગુમ થવાની ઘટના બે મહિના પહેલા બની હતી. જે અંગે ગત ૧૨ જુલાઈએ ગુજરાત યુનિવર્સિટી પોલીસ મથકે ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. આ સમગ્ર કેસની તપાસમાં પોલીસને સની ચૌધરી અને અમિત સીંગ નામના વ્યક્તિઓની સંડોવણીની વિગતો જાણવા મળી હતી. જો કે ફરિયાદ દાખલ થયા બાદ બંને ફરાર થઈ ગયા હતા. ત્યારે આખરે અઢી મહિના બાદ મુખ્ય આરોપી સની ચૌધરી અને અમિત સિંઘની ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી લીધી છે. આરોપીઓને પકડવા પોલીસ અન્ય રાજ્યમાં પણ પહોંચી હતી, પરંતુ આરોપી ભાગતા રહેતા હતા, જેથી પોલીસ પકડી શકતી નહોતી. આરોપી અમદાવાદ આવ્યા હોવાની જાણ થતાં ક્રાઈમ બ્રાન્ચે આરોપીઓની ધરપકડ કરી છે. ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી ચૈતન્ય માંડલિકે મીડિયાને જણાવ્યું હતું કે, સની ચૌધરી અને અમિતસિંઘ બન્ને નવા વાડજના રહેવાસી છે. બન્નેની પુછપરછમાં એવું જાણવા મળ્યું છે કે, ઉત્તરવહી માટેના સ્ટ્રોંગ રૂમનો પટ્ટાવાળો સંજય ડોમર હતો તેની સાથે સેટિંગ કરી લગભગ ૬૦ આસપાસ વિદ્યાર્થીઓ સાથે સેટિંગ કરી દરેક પાસેથી ૨૦થી ૫૦ હજાર રૂપિયા લઈ પાસ કરાવ્યા છે. એમના ઘણા બધા પોલિટિશિયન્સ સાથે ફોટો છે પણ આ કોઈ ઓફિશિયલ હોદ્દેદાર અને કોઈ પણ સ્ટુડન્ટ પક્ષ સાથે જોડાયેલા હોય એવું અત્યાર સુધી જોવા મળ્યું નથી.

ચૈતન્ય માંડલિકે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત યુનિવર્સિટીમાં ૧૦ જુલાઈએ રાતે બોટની વિભાગમાંથી નર્સિંગની ૧૪ ઉત્તરવહી ગાયબ થઈ ગઈ હતી. યુનિવર્સિટી દ્વારા તપાસ કરવામાં આવતા ૧૪ વિદ્યાર્થીઓની ઉત્તરવહી ગાયબ હતી. ગુજરાત યુનિવર્સિટી દ્વારા આ અંગે યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે ૧૪ વિદ્યાર્થીઓ અને બોટની વિભાગના કર્મચારીઓ તથા અધિકારીઓની પૂછપરછ કરી હતી. પોલીસ તપાસમાં સની ચૌધરી અને અમિત સિંઘ નામના આરોપીની સમગ્ર મામલે સંડોવણી સામે આવી હતી. આરોપી પરિણામ આવે તે જ દિવસે નાપાસ થયેલા વિદ્યાર્થીઓનો સંપર્ક કરતા હતા. વિદ્યાર્થીઓને ફરીથી પરીક્ષામાં પાસ કરાવવા માટે સેટિંગ કરતા હતા. વિદ્યાર્થી પાસેથી એક પેપર દીઠ ૫૦ હજાર રૂપિયા લેતા હતા.

ચૈતન્ય માંડલિકે વધુમાં જણાવ્યું હતું કે, બન્ને આરોપીઓ રાજકીયપક્ષોની વિદ્યાર્થી પાંખ સાથે જોડાયેલા હોવાનો દાવો કરતા હતા પણ તે કોઈ ઓફિશિયલ હોદ્દેદાર નથી. તે લોકોને આકર્ષવા માટે સોશિયલ મીડિયા પર હોદ્દા લખતા હતા. નાપાસ થયેલા વિદ્યાર્થીઓનો ઈન્સ્ટાગ્રામની મદદથી કોન્ટેક કરતા હતા. ત્યારબાદ જ્યારે વિદ્યાર્થી પૈસા આપીને પાસ થઈ જવા માટે તૈયાર થાય ત્યારે તે વોટ્સએપ-ઈન્સ્ટાગ્રામના માધ્યમથી તેમનો સંપર્ક કરતા હતા અને જ્યારે રિ-ટેસ્ટ હોય ત્યારે એક પેસિફિક માર્ક નક્કી કરતા હતા. પેસિફિક માર્ક ઉત્તરવહી ઉપર કર્યા પછી એ કોરી ઉત્તરવહી સ્ટોર રૂમ ખાતે મોકલી આપવામાં આવતી હતી. જ્યારે સંજય ડોમર રાતના સમયે માર્કિંગવાળી ઉત્તરવહી અલગ કરીને સની અને અમિતને આપી દેતો હતો અને રાતના સમયે વિદ્યાર્થીને બોલાવી ભાઈજીપુરામાં એક કોમ્પલેક્ષમાં જઈ ઉત્તરવહીમાં જવાબો લખી લેતા હતા.

#### રાજકોટમાં આજી ડેમમાં ડૂબી જવાથી ૨ લોકોના મોત

## ગણેશ વિસર્જન કરવા ગયેલા મામા ભાણેજના આજી ડેમમાં ડૂબી જવાથી મોત



। રાજકોટ, તા.૨૩ ।

રાજકોટમાં આજી ડેમમાં ડૂબી જવાથી ૨ લોકોના મોત થયા છે.ગણેશ વિસર્જન કરતા સમયે ડૂબી જવાથી મામા-ભાણેજના મોત થતા સમગ્ર વિસ્તારમાં અરેરાટી મચી ગઈ છે. આ ઘટનાની જાણ તાત્કાલિક ફાયર વિભાગને કરવામાં આવી હતી. જે બાદ ફાયરની ઘટના સ્થળે પહોંચી હતી અને બન્નેના મૃતદેહને બહાર કાઢ્યા હતા. એક જ પરિવારના ૨ના મોતથી શોકનો માહોલ છવાયો છે. આ અંગે સામે આવેલી વિગતો અનુસાર રાજકોટના કોઠારિયા રોડ પર આવેલી મણીનગર સોસાયટીમાંથી ગણેશ વિસર્જન માટે આજીડેમ ગયા હતા. ત્યા દુર્ઘટના ઘટી હતી. મામા રામભાઈની ઉંમર ૩૩ વર્ષ હતા જ્યારે હર્ષ નામના તેમના ભાણેજની ઉંમર ૧૯ વર્ષ હતી. એક જ પરિવારના બે લોકોના મોત થતા પરિવારમાં માતમ છવાયો છે. દેશભરમાં અત્યારે ચોમાસાની સિઝન ચાલી રહી છે, ત્યારે હવામાન વિભાગે મોટી માહિતી આપી છે. દેશભરમાં છેલ્લા કેટલાક દિવસોથી ચારેયબાજુ ધોધમાર વરસાદ ખાબકી રહ્યો છે, અને ઠેર ઠેર તબાહીના દ્રશ્યો સર્જાયા છે. ગુજરાતમાં પણ વરસાદે કેર વર્તાવ્યો છે, હવે દેશભરમાં ચોમાસાની સિઝનને લઈને હવામાન વિભાગે મહત્વની જાહેરાત કરી છે, તેમના અનુસાર, દેશમાંથી ચોમાસાની સંપૂર્ણ વિદાય તારીખ નજીક આવી ગઈ છે, એટલે કે ચોમાસુ હવે વિદાય લઈ લેશે. દેશભરમાં આ ચોમાસા સિઝનમાં સામાન્ય વરસાદ કરતા ઓછો વરસાદ પડ્યો છે. દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ૨૫ સપ્ટેમ્બરની આસપાસ દેશમાંથી વિદાય લે તેવી સંભાવના વ્યક્ત કરાઈ છે. હવામાન વિભાગ અનુસાર, આ મહિનાના અંત સુધીમાં ચોમાસું વિદાય લઈ લેશે.

### દેશમાં કેટલાક રાજ્યોમાં વરસાદનો વિરામ । આગામી બે દિવસ સુધી પશ્ચિમ બંગાળ અને બિહારમાં હળવોથી મધ્યમ વરસાદની સંભાવના વ્યક્ત કરાઈ છે

# દિલ્હી, પ.બંગાળ, સિક્કીમમાં ભારે વરસાદ થવાની શક્યતા

। નવી દિલ્હી, તા.૨૩ ।

દેશમાં કેટલાક રાજ્યોમાં વરસાદે વિરામ લીધો છે તો કેટલાક રાજ્યમાં હજુ પણ ભારે વરસાદ વરસી રહ્યો છે. રાજધાની દિલ્હીમાં છેલ્લા બે દિવસથી ગરમીથી પરેશાન છે તો બીજી તરફ બિહારમાં મુશળધાર વરસાદ વરસી રહ્યો છે. હવામાન વિભાગે કેટલાક રાજ્યોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) અનુસાર, પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં ૨૪ સપ્ટેમ્બર સુધી અને બિહારમાં ૨૩ સપ્ટેમ્બર સુધી હળવો કે મધ્યમ વરસાદ અને કેટલીક જગ્યાએ ભારે વરસાદની શક્યતા છે. રાજધાની દિલ્હી માટે, હવામાન વિભાગે ૨૩ સપ્ટેમ્બરે છૂટાછવાયા વરસાદની આગાહી કરી છે. ૨૩ સપ્ટેમ્બરથી દિલ્હી-એનસીઆરમાં હવામાન ફરી એકવાર શુષ્ક થશે. સ્કાયમેટ વેધર પેટા હિમાલયન પશ્ચિમ બંગાળ, સિક્કિમ, પશ્ચિમ આસામ અને ઉત્તર-પૂર્વ બિહારમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી કરી છે.

ભારતીય હવામાન વિભાગ (આઈએમડી)ના જણાવ્યા અનુસાર આગામી બે દિવસ સુધી પશ્ચિમ બંગાલ અને બિહારમાં હળવોથી મધ્યમ વરસાદની સંભાવના છે તેમજ રાજધાની દિલ્હીમાં આવતીકાલે છુટોછવાયો વરસાદ પડવાની શક્યતા છે. જ્યારે સ્કાયમેટ ડેટા અનુસાર હિમાલયન પશ્ચિમ બંગાળ, સિક્કિમ, પશ્ચિમ આસામ અને ઉત્તર-પૂર્વ બિહારમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી કરી છે. કેરળના ઘણા ભાગોમાં સતત વરસાદ વરસી રહ્યો છે ત્યારે હવામાન વિભાગે અનેક જિલ્લાઓ માટે યલો એલર્ટ જાહેર કરતા ભારે વરસાદની આગાહી કરી છે.

હવામાન વિભાગ મુજબ તિરુવનંત પુરમ, કોલ્લમ, પથાનમથિટ્ટા, અલાપ્પુઝા, કોટ્ટયમ, ઈડુક્કી અને એર્નાકુલમ જિલ્લામાં ભારે વરસાદની શક્યતા છે. આ સિવાય કોઝિકોડ, વાયનાડ, કન્નુર અને કાસરગોડ સહિતના ઉત્તરી જિલ્લાઓમાં આગામી કલાકોમાં તોફાન, મધ્યમ વરસાદ અને ભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે આજે પશ્ચિમ બંગાળ અને સિક્કિમ, બિહાર અને આસામ અને મેઘાલયમાં છૂટાછવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. આ ઉપરાંત આજે પણ પૂર્વ રાજસ્થાન, મધ્ય પ્રદેશ, વિદર્ભ, ઝારખંડ, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, મધ્ય મહારાષ્ટ્ર, ગુજરાત પ્રદેશ, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ અને યાનમ, રાયલસીમા, તેલંગાણા, તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદ પડવાની સંભાવના છે.

## નાગપુરમાં પાણીમાં ફસાયેલા લોકોને કાઢવા એનડીઆરએફની ટીમ કાર્યરત

**મહારાષ્ટ્રના નાગપુરમાં ગઈકાલે ભારે વરસાદ વરસતા લોકોને મુશ્કેલી ઉભી થઈ હતી, ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાય ગયા છે તેમજ ફસાયેલા લોકોને બહાર કાઢવા માટે એનડીઆરએફની ટીમ સતત કર્યરત છે. હાલ ડેપ્યુટી સીએમ ફડણવીસ સ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે. નગાપુરમાં ગઈકાલે રાત્રે ૨ વાગ્યાથી સતત મુશળધાર વરસાદ વરસતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાય ગયા છે, ભારે વરસાદને પગલે અંબાઝરી તળાવ છલકાઈ ગયું છે. આ સાથે જ જિલ્લા અને મહાનગર વહીવટીતંત્રની મેનજમેન્ટની ટીમ કામ કરી રહી છે. કલેક્ટર અને કોર્પોરેશન કમિશનરે આજે વહેલી સવારે અનેક વિસ્તારોનું નિરીક્ષણ કર્યું હતું. આ સિવાય ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ પણ સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યું છે. ભારે વરસાદને પગલે આજે જિલ્લાની તમામ શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે. નાગપુરમાં મુશળધાર વરસાદના કારણે અંબાઝરી તળાવ છલકાઈ જતા આજુબાજુના નીચાણવાળા વિસ્તારોમાં તેની અસર જોવા મળી છે. તળાવનું પાણી છલકાઈને અનેક વિસ્તારોમાં ફરી વળતા ગોઠણસમાં પાણી ભરાયા છે. આને કારણે અનેક ઘરોમાં પણ ભારી ભરાય જતા લોકોને હાલાકી પડી છે. આ સાથે દેવેન્દ્ર ફડણવીસે નાગપુરના કલેક્ટર, મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનર અને પોલીસ કમિશનરને કેટલાક સ્થળોએ ફસાયેલા લોકોને બચાવવા માટે તરત જ કેટલીક ટીમોને સક્રિય કરવા નિર્દેશ આપ્યો છે. આ ઉપરાંત એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમો પણ તૈનાત કરવામાં આવી રહી છે.**

### ન્યૂઝ બ્રિફ

## હિન્દુઓને નિશાન બનાવતી દ્વેષપૂર્ણ ટિપ્પણીઓ નિંદાને પાત્ર

। ટોરેન્ટો, તા.૨૩ ।

કેનેડામાં ખાલિસ્તાનનો મુદ્દો ચરમસીમા પર છે. સતત નિવેદનબાજી વચ્ચે શીખ ફોર જસ્ટિસના ચીફ પન્નુએ કેનેડાના હિન્દુઓને દેશ છોડવાની ધમકી આપી હતી. હવે આ વીડિયોની નિંદા થઈ રહી છે. કેનેડામાં વિપક્ષના નેતા પિયર પોઈલીવરે હિન્દુના સમર્થનમાં એક વાત કહી છે. તેમને નિવેદનમાં કહ્યું હતું કે, દરેક કેનેડિયન ભય વિના જીવવાને પાત્ર છે. હાલમાં હિન્દુઓને નિશાન બનાવતી દ્વેષપૂર્ણ ટિપ્પણીઓએ ખરેખર નિંદા પાત્ર છે. આપણા દેશના દરેક ભાગમાં હિંદુઓએ અમૂલ્ય યોગદાન આપ્યું છે અને તેમનું અહીં હંમેશા સ્વાગત કરવામાં આવશે. કેનેડાના વિપક્ષી નેતા બાદ ત્યાંના સાંસદ અને ન્યૂ ડેમોક્રેટિક પાર્ટીના વડાએ પણ હિન્દુઓને લઈ એક વાત કરી હતી. જગમીત સિંહે કેનેડામાં રહેતા હિન્દુઓને કહ્યું છે કે, આ તમારું પોતાનું ઘર છે અને તમે અહીં રહેવાના હકદાર છો. એસએફજેના કાયદાકીય સલાહકાર પન્નુએ એક વીડિયોમાં કહ્યું કે, ભારતીય મૂળના હિંદુઓનું ઘર ભારત છે. કેનેડા છોડી ભારત જતા રહે. તમે લોકો માત્ર ભારતને જ સમર્થન નથી આપ્યું પરંતુ તમે ખાલિસ્તાન તરફી શીખોના ભાષણ અને અભિવ્યક્તિના દમનને પણ સમર્થન આપ્યું છે.

## ૩૯ દિવસ પહેલાં જન્મેલી બાળકીને માતાએ ૧૪મા માળેથી ફેંકી દીધી

। મુંબઈ, તા.૨૩ ।

દેશની આર્થિક રાજધાની મુંબઈના મુલુંડથી એક કાળજુ કંપાવનારી ઘટના સામે આવી છે. ૩૯ દિવસ પહેલા જન્મેલી માસૂમ બાળકીને તેમની માતાએ ૧૪માં માળેથી ફેંકી દઈને કરૂણ ઘટનાને અંજામ આપ્યો છે. આરોપી માતા વિકલાંગ છે અને તેમનો ઈલાજ ચાલી રહ્યો છે. મુલુંડમાં એક મહિલાએ પોતાની ૪૦ દિવસની બાળકીને ઉઠાવીને ૧૪માં માળની બાલકનીમાંથી નીચે ફેંકી દીધી છે. ત્યારબાદ બાળકીને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવી હતી જ્યાં ડોક્ટર્સે તેને મૃત જાહેર કરી હતી. આ ઘટનાની સૂચના મળતા જ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને મહિલા વિરુદ્ધ બાળકીની હત્યાનો કેસ દાખલ કરી લીધો છે. જોકે, હજુ મહિલાની ધરપકડ કરવામાં નથી આવી. આરોપી મહિલાની માનસિક સ્થિતિ ઠીક નથી. તે બોલી પણ નથી શકતી અને સાંભળી પણ નથી શકતી. એટલા માટે હજુ સુધી ઘટનાનું કારણ સ્પષ્ટ નથી થયું. પોલીસે જણાવ્યું કે, આ ઘટના મુલુંદ વેસ્ટના જેવર રોડ પર બની હતી. ત્યાં એક સોસાયટીમાં રહેતી દિવ્યાંગ મહિલા ૧૪માં માળે પરિવાર સાથે રહેતી હતી. ૪૦ દિવસ પહેલા જ તેણે પુત્રીને જન્મ આપ્યો હતો. બાળકીના જન્મને ૪૦ દિવસ જ થયા હતા.પરંતુ આ ૪૦ દિવસમાં તેમના ઘરમાં કંઈક એવી સ્થિતિ સર્જાઈ કે ગુસ્સામાં આવીને મહિલાએ પોતાની માસૂમ બાળકીને ૧૪માં માળેથી નીચે ફેંકી દીધી. એવી પણ માહિતી મળી રહી છે કે, પુત્રી થવાના કારણે તેમના ઘરમાં વિવાદ ચાલી રહ્યો હતો.



**નવી દિલ્હીમાં જોધપુર હાઉસ ખાતે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ‘વન નેશન એક ચૂંટણી’ પરની પ્રથમ ઉચ્ચકક્ષાની સમિતિની બેઠક દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી હતી.**

## કેનેડામાં ભારતીયો માટે કોન્સ્યુલર સેવાઓ ચાલુ છે

। નવી દિલ્હી, તા.૨૩ ।

કેનેડામાં જ્યારથી ખાલિસ્તાની સમર્થક હરદીપ સિંહ નિજ્જરની હત્યા કરવામાં આવી છે ત્યારથી ભારત સાથે તણાવ ચાલી રહ્યો છે. ભારતે કેનેડાના પીએમ જસ્ટિન ટુડોના આરોપોને ફગાવી દીધા હતા અને તેના પર જરુરી પગલાં પણ લેવાઈ રહ્યા છે ત્યારે હવે કેન્સ્યુલેટ જનરલ ઓફ ઈન્ડિયાએ કહ્યું હતું કે કેનેડામાં વસતા ભારતીય લોકો માટે કોન્સ્યુલર સેવા ચાલુ છે. કોન્સ્યુલેટ જનરલ ઓફ ઈન્ડિયાએ બે દિવસ પહેલા જ સોશ્યલ મીડિયા પોસ્ટ એક્સ(અગાઉનું ટ્વિટર) પર પોસ્ટ કરીને જાહેરાત કરી હતી કે કેનેડામાં રહેતા ભારતીય નાગરિકો માટે પાસપોર્ટ ઈશ્યુ કરવા, પાસપોર્ટ રિન્યુઅલ, પોલીસ ક્લિયરન્સ સર્ટિફિકેટ અને વેરિફિકેશન જેવી કોન્સ્યુલર સેવાઓ ચાલુ છે. આ પહેલા ગુરુવારે જાહેરાત કરી હતી કે કેનેડિયન નાગરિકોને હાલના સમયમાં ભારતના વિઝા મળશે નહીં. વિદેશ મંત્રાલયના પ્રવક્તા અરિંદમ બાગચીએ કહ્યું હતું કે કેનેડામાં હાઈ કમિશન અને કોન્સ્યુલેટને સુરક્ષા જોખમોનો સામનો કરવો પડી રહ્યો છે. આ કારણે ભારત કેનેડાથી વિઝા અરજીઓ પર પ્રક્રિયા કરવામાં કામચલાઉ ધોરણે અસમર્થ છે.

### ભારત-કેનેડા વિવાદે ભારે કરી । આ ઉપરાંત પ્રોફેશનલ કામ માટે જે લોકો કેનેડાથી આવવાના હતા તેમણે પોતાના પ્લાન રદ કરવા પડ્યા છે

# લગ્નોના આયોજન ખોરવાયા, સગા-સંબંધી નહીં મળી શકે

। નવી દિલ્હી, તા.૨૩ ।

બે દેશો વચ્ચે જ્યારે કોઈ વિવાદ થાય અને સંબંધો બગડે ત્યારે તેની કેટલી વ્યાપક અસર પડતી હોય છે તે તાજેતરના ભારત-કેનેડા વિવાદમાં જોવા મળ્યું છે. બંને દેશોએ એક બીજાના ડિપ્લોમેટની છટણી કરી અને હવે વિઝા પર નિયંત્રણ મુક્યા છે. તેના કારણે ભારતીય સ્ટુડન્ટ્સ, વેપારીઓ, કંપનીઓ, પ્રવાસીઓ અને પરિવારો પણ પરેશાન છે.



ભારતે કેનેડાના લોકોને વિઝા આપવાનું સાવ અટકાવી દીધું છે તેના કારણે આગામી દિવસોમાં લગ્ન પ્રસંગ માટે વિદેશથી મહેમાનો આવવાના હોય અથવા કોઈ ભારત ફરવા આવવાનું હોય તેમની તકલીફો વધી ગઈ છે. હાલમાં વિઝા કન્સલ્ટન્ટ્સના ફોન આખો દિવસ રણકતા હોય છે અને અત્યારની સ્થિતિમાં હવે શું થશે તેના વિશે લોકો સવાલો કરતા હોય છે. ઈમિગ્રેશન કન્સલ્ટન્ટ સાઈરસ શેઠના કહે છે કે ગુરુવારથી તેઓ નોન-સ્ટોપ લોકોને ફોન પર જવાબ આપી રહ્યા છે. મુંબઈમાં ડિસેમ્બરમાં એક કપલના લગ્ન છે અને તેમાં ૩૦થી ૪૦ મહેમાન કેનેડાથી આવવાના હતા. હવે તેઓ ભારત આવી શકશે કે નહીં તે વિશે તેમને ચિંતા છે. બીજી તરફ કેનેડાના ડોક્ટરોનું એક ડેલિગેશન ભારતમાં કોન્ફરન્સમાં ભાગ લેવા માટે આવવાનું હતું પરંતુ હવે કાર્યક્રમ કેન્સલ રાખવો પડે તેવી શક્યતા છે. શેઠના કહે છે કે ભારતે વિઝા પર સાવ પ્રતિબંધ મુકવાની જરૂર ન હતી. કેનેડાની વિઝા પ્રોસેસ પહેલેથી મુશ્કેલ હતી. તેના માટે લાંબી રાહ જોવી પડતી હતી અને સાવ નકામા કારણોસર વિઝા રિજેક્ટ કરીદેવામાં આવતા હતા. હવે આગળ શું થશે તે કોઈ નથી જાણતું. ભારત અને કેનેડા વચ્ચેના હાલના વિવાદમાં ઘણા લોકોને સમજાતું નથી કે આગળ શું કરવું. કેનેડાની યુનિવર્સિટીઓ માટે એપ્લાય કરનારા સ્ટુડન્ટ પણ ચિંતિત છે. આ ઉપરાંત જેમના પરિવાર કેનેડામાં છે તેઓ પણ સ્વજનોને મળી શકે તેમ નથી. છેલ્લા કેટલાક સમયથી ભારતથી કેનેડા જતા લોકોની સંખ્યામાં મોટો વધારો આવ્યો હતો જેમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ હતા. એર કેનેડાની ડાયરેક્ટ ફ્લાઈટ હંમેશા બૂક થયેલી જોવા મળતી હતી. કેનેડામાં હાલમાં જે ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ ભણે છે તેમાં ૪૦ ટકા જેટલા ભારતીયો છે. પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્સ માટે કેનેડાને ફેવરિટ ગણવામાં આવે છે. હાલમાં લગભગ ત્રણ લાખ ભારતીયો સ્ટુડન્ટ વિઝા પર કેનેડામાં વસે છે. મુંબઈ સ્થિત એક ઈમિગ્રેશન કન્સલ્ટન્ટ વિરલ દોશી કહે છે કે ભારતીયો માટે કેનેડા હંમેશાથી એક સુરક્ષિત, ફ્રેન્ડલી અને એજ્યુકેશન માટે ઉત્તમ દેશ ગણવામાં આવ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં સ્થિતિ બદલાઈ ગઈ છે. મને એવા ઘણા પેરન્ટના કોલ આવ્યા છે જેઓ પૂછવા માગે છે કે કેનેડાના બદલે હવે યુકે અથવા નેધરલેન્ડ્સ જઈ શકાય કે કેમ. અન્ય એક કન્સલ્ટન્ટે કહ્યું કે જાન્યુઆરીમાં જે સ્ટુડન્ટ એડમિશન લેવાના હતા તેઓ હવે ચિત્ર થોડું સ્પષ્ટ થાય તેની રાહ જુએ છે. વિદ્યાર્થીઓ તો વિદેશ જવા માટે ઉત્સુક છે. પરંતુ તેમના વાલીઓ સ્થિતિ નોર્મલ થાય પછી તેમને મોકલવા માગે છે.

જે ભારતીય સ્ટુડન્ટ પહેલેથી કેનેડામાં ભણી રહ્યા છે તેમને પણ લાગે છે કે કંઈક ખોટું થવાનું છે. ઓન્ટારિયોની એક કોલેજમાં એક મહિનો પૂરો કરનારા એક સ્ટુડન્ટે કહ્યું કે અમારામાંથી કેટલાક વિદ્યાર્થીઓ ચિંતિત છે. અમે બધા અત્યારે અફવાઓથી દૂર રહેવાનું વિચારીએ છીએ. કેનેડિયન કોલેજ અથવા ભારતીય દૂતાવાસ તરફથી કોઈ સૂચના નથી આવી. કેનેડાને ભારતીયો માત્ર એજ્યુકેશન માટે જ નહીં, પરંતુ કાયમી વસવાટ માટે પણ પસંદ કરે છે. એક્સપ્રેસ એન્ટ્રી પોઈન્ટ બેઝ્ડ સિસ્ટમની મદદથી ઘણા ભારતીય પરિવારો કેનેડામાં સેટલ થયા છે. કેનેડામાં શીખો ઉપરાંત ભારતીયો પણ મોટી સંખ્યામાં છે. આંધ્રપ્રદેશ, પંજાબ, ગુજરાત અને તમિલનાડુથી સૌથી વધારે સ્ટુડન્ટ કેનેડા જાય છે.

### બરસાનામાં રાધા જન્મોત્સવની ઉજવણીની ઘટના

## બરસાનામાં દર્શન કરવા આવેલા બે શ્રદ્ધાળુનાં શ્વાસ રૂંધાવાથી મોત

### દુર્ઘટના બાદ વહીવટી તંત્રમાં ભાગદોડ, બરસાનામાં રાધા અષ્ટમી પર દર્શન માટે ૨ લાખથી વધુ ભાવિકો ઉમટ્યા

। બરસાના/મથુરા, તા.૨૩ ।

રાધા જન્મોત્સવ દરમિયાન દર્શન કરવા માટે આવેલા બે શ્રદ્ધાળુઓના શ્વાસ રૂંધાવાથી મોત થઈ ગયા છે. આ દુર્ઘટના બાદ વહીવટી તંત્રમાં ભાગદોડ મચી ગઈ છે. બરસાનામાં રાધા અષ્ટમી પર દર્શન કરવા માટે ૨ લાખથી વધુ ભાવિકો ઉમટી પડ્યા હતા.

આ દુર્ઘટના આજે સવારે લાડલી જી મંદિરમાં અભિષેક દર્શન દરમિયાન બની હતી. મૃતકોમાં એક મહિલા શ્રદ્ધાળુ સામેલ છે. પ્રયાગરાજની રહેવાસી ૬૦ વર્ષીય શ્રદ્ધાળુ રાજમણિ રાધારાણીના દર્શન કરવા માટે પોતાના પરિવાર સાથે બરસાના પહોંચી હતી. સવારે ૪:૦૦ વાગ્યે



અભિષેક દર્શન માટે શ્રદ્ધાળુ સીડીઓથી લાડલી જી મંદિર જઈ રહી હતી. આ દરમિયાન ભીડના દબાણમાં તેમનો શ્વાસ રૂંધાવા લાગ્યો અને તેઓ બેભાન થઈ ગયા હતા. મહિલા શ્રદ્ધાળુને તેના સંબંધીઓ અને પોલીસ સીએચસીમાં લઈ ગયા હતા. ત્યાં તેમને મૃત જાહેર કરવામાં આવી હતી. બીજી તરફ સુદામા ચોકમાં ભીડના દબાણ હેઠળ અન્ય એક વૃદ્ધ બેહોશ થઈ ગયા હતા.

### ઈન્ડો-પેસિફિક ક્ષેત્રના દેશોના સેના પ્રમુખો સામેલ થશે

## ચીનની વધતી ગતિવિધિઓ સામે કાર્યવાહીની ચર્ચાની શક્યતા

### ઈન્ડો પેસિફિક આર્મી ચીફ કોન્ફરન્સ તરીકે જાણીતી આ કોન્ફરન્સનો વિષય ઈન્ડો-પેસિફિક ક્ષેત્રોમાં શાંતિ જાળવી રાખવા અપીલ કરાઈ

। નવી દિલ્હી, તા.૨૩ ।

ભારતીય સેના આવતા અઠવાડિયે કોન્ફરન્સનું આયોજન કરવા જઈ રહી છે. આ કોન્ફરન્સ બે દિવસ સુધી ચાલશે જેમાં ઈન્ડો-પેસિફિક ક્ષેત્રના દેશોના સેના પ્રમુખો સામેલ થશે. આ કોન્ફરન્સમાં ઈન્ડો પેસિફિક ક્ષેત્રોમાં ચીનની વધતી ગતિવિધિઓ સામે કાર્યવાહી અંગેની પણ ચર્ચા કરવામાં આવી શકે છે. ઈન્ડો પેસિફિક આર્મી ચીફ કોન્ફરન્સ (આઈપીએસીસી) તરીકે જાણીતી આ કોન્ફરન્સનો વિષય ઈન્ડો-પેસિફિક ક્ષેત્રોમાં શાંતિ અને સ્થિરતા જાળવી રાખવોનો છે. ભારતીય સેનાએ આ જાણકારી આપી છે.

ભારતીય સેનાએ સોશ્યલ મીડિયા એક્સ(અગાઉનું ટ્વિટર) પર પોસ્ટ શેર કરતા લખ્યું હતું કે આઈપીએસીસીએ સુરક્ષા પર વિચારોનું આદાન-પ્રદાન, ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતાને પ્રોત્સાહન આપવા માટેલું પ્લેટફોર્મ છે. આ સિવાય આ ક્ષેત્રના ભાગીદારો વચ્ચે પરસ્પર સમજણ અને સંવાદ વિકસાવવા માટેનું પ્લેટફોર્મ છે. આ કોન્ફરન્સમાં સામાન્ય



મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે ૩૦થી વધુ દેશો ભાગ લેશે. આ કોન્ફરન્સ પહેલા બુધવારે એક કાર્યક્રમ યોજાયો હતો જેની પણ માહિતી પણ આપવામાં આવી છે. ભારતીયે સેનાએ જણાવ્યું હતું કે ૨૦મી સપ્ટેમ્બરના રોજ શરુ થયેલા કાર્યક્રમ દરમિયાન કોન્ફરન્સમાં ભાગ લેવા આવેલા લોકો વચ્ચે સારી વાતચીત થઈ હતી. આ કાર્યક્રમમાં વિવિધ દેશોના વિદેશ સેવા અધિકારીઓએ લેફ્ટનન્ટ જનરલ સુચિન્દ્ર કુમાર અને લેફ્ટનન્ટ જનરલ તરુણ કુમાર આઈચ સાથે વાત કરી હતી. હવે નવી દિલ્હીમાં ૨૫થી ૨૭ સપ્ટેમ્બર સુધી યોજાનારા મુખ્ય કાર્યક્રમમાં ઘણા દેશોના સેના પ્રમુખો ભાગ લેવાની રાહ જોવાઈ રહી છે.

## H-1Bમાં સુધારા તરફ આગળ વધ્યું USCIS

। વોશિંગ્ટન, તા.૨૩ ।

યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિસે (USCIS) H-1B વિઝા પ્રોગ્રામના આધુનિકીકરણને લગતા એક પ્રસ્તાવિત રેગ્યુલેશનને સમીક્ષા માટે ઓફિસ ઓફ મેનેજમેન્ટ એન્ડ બજેટ (OMB)ને સબમિટ કર્યો છે. રેગ્યુલેટરી પ્રક્રિયામાં આ પહેલું પગલું છે અને આખી પ્રક્રિયાને આખરી સ્વરૂપ આપવામાં ઘણા મહિનાઓ લાગશે. આ પ્રક્રિયામાં જાહેર અભિપ્રાયો મંગાવવાનો સમાવેશ થાય છે. સૂચિત નિયમ H-1B પ્રોગ્રામના ઘણા પાસાઓમાં સુધારો કરે તેવી શક્યતા છે, જેમાં એમ્પ્લોયર-કર્મચારી સંબંધોની વ્યાખ્યામાં સુધારો, સાઈટ વિઝિટની જરૂરિયાતો અને એજન્સીના અધિકારીઓ માટે માર્ગદર્શિકા સ્થાપિત કરવી, F-1 (વિદ્યાર્થી વિઝા) કેપ-ગેપ મુદ્દાને સંબોધિત કરવાનો સમાવેશ થાય છે, અને H-1B કેપ ઈ-રજીસ્ટ્રેશન સિસ્ટમમાં છેતરપિંડી વિરોધી સુરક્ષામાં વધારાનો પણ સમાવેશ થાય છે. જૂન ૨૦૨૧ માં બાઈડન વહીવટીતંત્રના પ્રથમ દ્વિ-વાર્ષિક કાર્યસૂચિમાં આમાંના ઘણા પાસાઓનો એજન્ડા તરીકે ઉલ્લેખ કર્યો હતો. સૂચિત નિયમ ડિસેમ્બર ૨૦૨૩માં ફેડરલ રજિસ્ટરમાં પ્રકાશન માટે નિર્ધારિત છે, ત્યારબાદ લોકોની ટિપ્પણીઓને આમંત્રિત કરવા માટે ૩૦-૬૦ દિવસ માટે વિન્ડો ખુલ્લી રહેશે. આગામી H-1B કેપ ફાઈલિંગ સીઝન જે સામાન્ય રીતે માર્ચ ૨૦૨૪ માં ખુલશે તેના માટે નવા નિયમો લાગુ થશે કે કેમ તે જોવાનું રહેશે. ગ્લોબલ ઈમિગ્રેશન લો ફર્મ ફ્રેગોમેનના પાર્ટનર મિચ વેક્સલરના જણાવ્યા અનુસાર, “સપ્ટેમ્બર ૨૦૨૪માં પૂરા થતા નાણાકીય વર્ષ માટે આ માર્ચમાં સબમિટ કરવામાં આવેલી H-1B કેપ વિઝા માટે મોટી સંખ્યામાં ઈ-રજીસ્ટ્રેશને USCISને દુરુપયોગની શંકા દર્શાવી હતી.

## તંત્રી લેખ...

# મહિલાઓ જીવનના દરેક ક્ષેતરમાં આગળ વધી રહી છે

છેવટે લોકસભા અને રાજ્યસભામાં સર્વસંમતિથી મહિલા અનામત બિલ પાસ થઈ ગયું. આજે મહિલાઓ જીવનના દરેક ક્ષેતરમાં આગળ વધી રહી છે અને છાપછોડી રહી છે, નવા-નવા ક્ષેત્રોમાં પોતાની મજબૂત ઉપસ્થિતિ નોંધાવી રહી છે, પંરતુ રાજનીતિ જ એકમાત્ર એવું ક્ષેત્ર છે, જ્યાં તેમના માટે દરવાજા સુનિયોજિત રીતે બંધ હતા. કહેવાતું હતું કે મહિલાઓમાં ચૂંટણી જીતવાની ક્ષમતા નથી. પણ હવે તેમને પોતાનો હક્ક મળી ગયો છે, જેનો ફાયદો આવનારા સમયમાં મળશે. રાજકારણમાં મહિલાઓની ભાગીદારી નક્કી કરવાની શરૂઆત રાજીવ ગાંધીએ કરી હતી, જ્યારે સ્થાનિક નિગમોની ચૂંટણીમાં તેમની સરકારે એક તૃતિયાંશ સીટો અનામત રાખવાની વાત કરી હતી, પરંતુ તે વિધેયક ખબર નહીં તેમના વડાપ્રધાનકાળમાં ભારે બહુમતી છતાં પસાર ન થઈ શક્યું, કારણ કે રાજ્યોએ તેનો આકરો વિરોધ કર્યો હતો. બાદમાં નરસિંહા રાવના કાર્યકાળમાં તે પસાર થઈ શક્યું. તેમાં સ્થાનિક નિગમોની ચૂંટણીમાં મહિલાઓ માટે ૩૩ ટકા સીટો અનામત રાખવામાં આવી. બિહાર જેવાં રાજ્યોએ મહિલાઓ માટે ૫૦ ટકા સીટો અનામત કરી દીધી. તેને કારણે જમીની સ્ત પર આજે એવી મહિલાઓનો મોટો વર્ગ છે, જેમને પંચાયત ચલાવવાનો રાજકીય અનુભવ છે. મહિલાઓ આજે પોતાના દમ-ખમથી બહેતર રીતે પંચાયતોનું સંચાલન કરી રહી છે. કેટલાય અધ્યયનોથી ખબર પડે છે કે જ્યાં મહિલાઓ પંચાયતમાં મુખી કે સરપંચ રહી છે, તેમણે બુનિયાદી મુદ્દા- શિક્ષણ, સ્વાસ્થ્ય વગેરેને મહત્ત્વ આપ્યું છે. રાજકીય રૂપે જાગૃત એ મહિલાઓના વિશાળ સમૂહને હવે પંચાયતથી ઉપર રાજ્ય વિધાનસભાઓ અને લોકસભામાં પ્રતિનિધિત્વ કરવાનો અવસર મળશે. મહિલાઓનું પ્રતિનિધિત્વ વધશે, તો કાયદો પણ મહિલા સંવેદનશીલ બનશે અને નીતિ-નિર્માણમાં તેમની ભૂમિકા વધશે. ૧૯૯૬માં જ્યારે પહેલી વાર એચડી દેવગૌડા સરકારે લોકસભામાં તેને રજૂ કર્યું હતું ત્યારે વિભિન્ન પાર્ટીઓના કેટલાક વરિષ્ઠ લોકો સાંસદોને સદનમાં જવાથી રોકી રહ્યા હતા, કારણ કે તેઓ ઈચ્છતા હતા કે સદનનું કોરમ જ પૂરું ન થાય. દરેક પાર્ટીની અંદર તેને લઈને પ્રતિરોધ હતો, ભલે બહાર તેમનું જે વલણ હોય તે. પુરુષ નેતાઓએ પોતાની સીટો ગુમાવવાનો ભય હતો. પછી અટલ બિહારી વાજપેયીના સમયમાં પણ તેને રજૂ કરવામાં આવ્યું, પરંતુ પસાર ન થઈ શક્યું. ત્યારબાદ ડો. મનમોહન સિંહના સમયમાં ૨૦૦૮માં રાજ્યસભામાં તેને રજૂ કરવામાં આવ્યું હતું, પછી તેને સ્ટેન્ડિંગ કમિટી પાસે મોકલી દેવામાં આવ્યું હતું. અંતે ૨૦૧૦માં રાજ્યસભામાં તે પસાર થઈ શક્યું. પરંતુ એ જ કોંગ્રેસ તેને લોકસભામાં પસાર ન કરાવી શકી, કારણ કે તેના જ ગઠબંધનના સહયોગીઓ- લાલુ યાદવ અને મુલાયમ સિંહ યાદવના વિરોધ સામે ઝૂકી ગઈ અને સરકાર બચાવવા માટે બિલને પડતું મૂક્યું. જે બિલ પસાર થયું છે તે નવું છે, જોકે મનમોહન સિંહ સરકાર દ્વારા લાવવામાં આવેલ વિધેયકથી આ બહુ અલગ નથી. નવા બિલમાં માત્ર એંગ્લો-ઈન્ડિયન સમુદાય માટે અનામતથી સંબંધિત જોગવાઈ હટાવી દેવામાં આવી છે. તેમાં લોકસભા, દિલ્હી વિધાનસભા અને તમામ રાજ્યોની વિધાનસભાઓમાં મહિલાઓ માટે એક તૃતિયાંશ સીટોના અનામતની જોગવાઈ છે. આ જ એક તૃતિયાંશ સીટોમાંથી એક તૃતિયાંશ સીટો અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની મહિલાઓ માટે અનામત છે. રાજ્યસભા અને વિધાન પરિષદોમાં મહિલાઓને અનામતની જોગવાઈ નથી. જે કોંગ્રેસ પોતાના વિધેયકમાં કોટામાં ઓબીસી કોટા નહોતી લાવી તે હવે કોટાની અંદર કોટાની માંગ કરી રહી છે. પરંતુ તેનો બહુ વિરોધ નહીં થાય. જેમ કે નીતિશ કુમાર મહિલાઓના મતોને કારણે ગઈ વખતે જીત્યા હતા.

# શું "ઈન્ડિયા"ની બદલે "ભારત" કરવાથી મૂળ ભારતીય સંસ્કારો આપણે પાછા મેળવી શકીશું? એ વિચારવા નો સમય આવી ગયો છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

હાલના સમયમાં અને સમાજમાં કેટલીય બાબતો પર ચર્ચા ચાલી રહી છે, જેમ કે સનાતન ધર્મની મહત્તા ઓછી કરવા કંઈ કેટલાય છમકલાં અન્ય સંપ્રદાય થકી થઈ રહ્યાં છે.તો બીજી બાજુ વિજ્ઞાન વિકાસના કારણે ભારત આજે વિશ્વભરમા ઘણી પ્રસિદ્ધિ મેળવી છે, અને વૈજ્ઞાનિકો મિસાઈલ દ્વારા છેક સૂર્ય ચંદ્ર પર પહોંચ્યા છે. શિક્ષણ અને શિક્ષકો વચ્ચે સતત સ્પર્ધા ના માહોલને કારણે અંતે શું પરિણામ આવે છે? શું સતત ધન અને રુપિયા કમાવવા કે પડાવી લેવા એ જ આજની યુવાનીનો ટાર્ગેટ છે! સમાજમાં ખુલ્લેઆમ લૂંટ હત્યા અને બલાત્કાર એ શું સૂચવે છે! સમય બહુ ખતરનાક મોડ પર છે, દરેક ક્ષેત્રમાં ભ્રષ્ટાચાર વ્યાપી ગયો છે! બધે દેખાડો અને દંભ આગળ વધી રહ્યા છે. સમાજમાં વૃદ્ધાશ્રમ અને અનાથાશ્રમ વધતા જાય છે, એ પણ નીંદનીય હોવા છતાં સ્વીકારવુ પડે છે. નિતનવા રોગ સામે પણ વિષયી જીવ ઝઝૂમે છે, અને વિજ્ઞાન દરેક પડકારનો જવાબ આપે છે, આમ ભોગી અને વિષયી હોવા છતાં આયુષ્ય વધતું જાય છે. તો બીજી બાજુ સમાજનો અમુક વર્ગ શારીરિક અને માનસિક શાંતિ માટે યોગ, ધ્યાન, અને ચિંતન તરફ આગળ વધી પોતાની જાતને સુધારી રહ્યો છે. આમ બૌદ્ધિકતાની દ્રષ્ટિએ વિરોધાભાસ ધરાવતા હોવા છતાં સમય પ્રમાણે ઘણું બધું થતું હોય છે, અને ઘણા બધાં વિચારોમાં સમાજ જો પરિવર્તન ઈચ્છે તો કરી પણ શકે. અઢારમી સદીના અમુક ઝડ રીત રિવાજો આજે આપણે નથી અનુસરતા, કારણ કે એનાથી સમાજનો સર્વાંગી વિકાસ થતો નથી. સ્ત્રીઓ એ સારી એવી સફળતા પ્રાપ્ત કરી છે અને લગભગ બધા જ ક્ષેત્રોમાં એણે પોતાનુ નામ કર્યું છે. હમણાં હમણાં એક બીજી ચર્ચા એ પણ જોર પકડ્યું છે, અને એ છે બંધારણની પ્રથમ કોલમમાં જ લખાયેલા ઈન્ડિયા શબ્દની બદલે સરકાર ભારત શબ્દ મુકવા માંગે છે. આપણે બધા જ ભારતીય છીએ પણ આ બાબતે દરેકનાં મંતવ્ય અલગ અલગ હોય શકે છે. પણ જ્યાં સુધી રાષ્ટ્રની વાત હોય તો એમાં સર્વની સંમતિ બહુ જરૂરી છે. જોકે આજે આપણે શું કામ આવું કરવું જોઈએ? એની પર વાત કરવા કરતાં, આવું કરવાથી શું ફેર પડશે ખરો? એ મહત્વની વાત તરફ ધ્યાન દોરવા વિનંતી છે.

આપણે જાણીએ છીએ કે ઈન્ડિયા એટલે ભારતના ઘણા નામ છે. જેમકે પ્રાચીન કાળથી આપણાં દેશનાં અલગ-અલગ નામ રહ્યાં છે.




પ્રાચીન ગ્રંથોમાં જમ્બૂદ્વીપ, ભારતખંડ, હિમવર્ષ, અજનાભ વર્ષ, આર્યાવર્ત વગેરે તો કેટલાક ઈતિહાસકારોએ હિંદ, હિંદુસ્તાન, ઈન્ડિયા જેવા નામ આપ્યાં. ભારત નામ ની સૌથી સામાન્ય જાણકારી આપણે સૌને છે કે દુષ્યંત અને શકુંતલા ના પુત્ર ભારતે ચારે દિશામાં સફળતા મેળવીને ભારત વર્ષની સ્થાપના કરી હતી. આ ઉપરાંત આપણા સનાતની ઓનાં આદર્શ રહેલા પ્રભુ શ્રીરામના ભ્રાતા એવા ભરતના પરમ ત્યાગ ના લક્ષણને માન આપીને આ દેશનું નામ ભારત રાખવામાં આવ્યો એવી પણ ધારણા છે. તો વિષ્ણુ પુરાણમાં ઉલ્લેખ છે કે ઋષભદેવ બ્રહ્મ ઉપાસના માટે વન-ગમન કરે છે, ત્યારે પોતાના જયષ્ટ પુત્ર ભરતને ઉતરાધિકારી બનાવે છે અને તેના નામ પરથી ભારત નામ પડ્યું.

સમુદ્ર ની ઉતરેથી હિમાલયના દક્ષિણ સુધીના પ્રદેશને ભારત કહે છે. આ ઉપરાંત આ પ્રદેશમાં સૌથી પહેલા આર્ય જાતિના લોકોએ વસવાટ કર્યો હોવાથી તેને આર્યાવર્ત પણ કહેવામાં આવે છે. તો મધ્ય યુગમાં તુર્કી અને ઈરાનીઓએ સિંધુ ઘાટી માંથી આ પ્રદેશમાં પ્રવેશ કર્યો હતો અને એ લોકો શ ની બદલે હ બોલતા હોવાથી આ પ્રદેશને હિન્દુસ્તાન પણ કહેવામાં આવે છે. વિષ્ણુ પુરાણ ના બીજા અધ્યાયમાં હિમાલયમાં થતા જાંબુ નામના વૃક્ષના ફળો હાથી જેવડા મોટા હોય છે એનો ઉલ્લેખ જોવા મળે છે અને આ ફળ પાકી ને એનો રસ જ્યારે હિમાલયથી નીચે વહેતો ત્યારે નદી જેટલો પ્રવાહ વહેતો હતો એટલે આ વૃક્ષની મહત્તા દર્શાવવા માટે આ પ્રદેશને જમ્બૂદ્વીપ પણ કહેવામાં આવતું હતું. આ ઉપરાંત હિમાલયમાં સતત બરફ એટલે કે હિમ થીજેલો રહેતો અને એને કારણે હિમવર્ષ પણ કહેવાતું હતું. પરંતુ અંગ્રેજોએ જ્યારે આપણા આ વિસ્તારમાં પ્રવેશ કર્યો ત્યારે એ પણ સિંધુ ઘાટી માંથી જ પ્રવેશ્યા હતા અને એ લોકોએ આ ઘાટીને ઈંડસ વેલી એવું નામ આપ્યું, અને આ પ્રદેશ કે વિસ્તાર ને એ લોકોને બોલવામાં ભારતવર્ષ કે હિન્દુસ્તાન અઘરું પડતું હતું એટલે ઈન્ડિયા ઈંડસ વેલી નાં પ્રદેશને ઈન્ડિયા કહેવા લાગ્યા અને આમ બંધારણમાં ઈન્ડિયા એવું નામ દાખલ થયું.

તાજેતરમાં ચાલી રહેલી તજવીજ મુજબ આ ઈન્ડિયા નામ કાઢી અને ત્યાં ભારત નામ દાખલ કરવું એવી એક સ્પષ્ટ વાત છે અને આર એસ એસનાં વડા શ્રી મોહન ભાગવત સાહેબની જનતાને અપીલ પણ છે કે ઈન્ડિયાની બદલે ભારત નામથી જ આપણા દેશને પ્રેઝન્ટ કરવો! ૨૦૨૦ માં પણ આ અંગે થોડી તજવીજ થઈ હતી, પણ કંઈ થયું નહીં. ઈન્ડિયા નામ આપણને ગુલામીની યાદ અપાવે છે, એવો તર્ક પણ ઘણા લગાવે છે. પણ પ્રશ્ન એ છે શું આપણે ખરેખર આઝાદ છીએ ? મને લાગે છે કે કદાચ નથી. દેશની ઉપર ભલે હવે કોઈ રાજ કરતું નથી, પણ દિવસે ને દિવસે આપણે આપણી જાતનાં ગુલામ થઈ રહ્યાં છીએ અને એને કારણે દેશ તો આઝાદ થયો પણ આપણે દેહના ગુલામ થઈને આપણી નૈતિકતા ગીરવે મુકતાં પણ ખચકાતા નથી!

શું આપણી આ માનસિકતા ઈન્ડિયા નામ બદલવાથી દુર થશે? પણ કમનસીબે કહેવું પડે છે કે એમાં રતીભાર ફેર પડવાનો નથી કારણ કે આંખે આધુનિકતા ના ચશ્મા ચડાવ્યા છે એ સાચું સારું કે ખોટું ખરાબ જોવા જ ક્યાં દે છે. સાચી દેશદાઝ વાળા બેશક આ ઉપાય ને કારગત માને પણ સમાજ અને સમયની દોડને લગામની જરૂર ચોક્કસ છે! પણ હવે આ નામ બદલવાથી કેટલે અંશે ફેર પડે છે, એ તો સમય પર જ છોડવું પડશે. ઈન્ડિયાની બદલે ભારત નામ થાય તો સારું જ છે! પણ શું માત્ર નામ બદલવાથી આપણે મૂળ ભારતીય સંસ્કાર તરફ પાછા ફરી શકીશું? કે જેમાં અન્ન એવો ઓડકાર, અને અન્ન બગડે એનું મન બગડે, એવી પ્રાથમિકતા થી આપણને સિંચ્યા છે. આજના આ દોર એ તો આ બાબતે દાટ વાળ્યો છે, અને એને કારણે જ સમાજ આટલો ક્રૂર અને હિંસક થતો જાય છે, એ તરફ ધ્યાન આપવું પડશે, એ વિચારવાનો સમય પાકી ગયો છે. ભારતમાં જન્મ થયો એ આપણી માટે બહુ ગર્વની વાત છે, પણ આપણી કમનસીબી છે કે એને આપણે સમજી શકતા નથી. જો એ વાત સમજાય જાય કે આપણે ભારતીય છીએ અને આ પ્રમાણે જીવવું એ જ મારી સાચી લાયકાત છે, તો પછી આપણે ન અંગ્રેજો ની ગુલામી કરવી પડે કે ન તેણે આપેલા ઈન્ડિયા નામની! અને જહાં ડાલ ડાલ પર સોને કી ચીડિયા કરતી હે બસેરા વો ભારત દેશ હે મેરા! જહાં સત્ય, અહિંસા ઓર ધર્મ કા પગ પગ લગતા ડેરા,વો ભારત દેશ હે મેરા, એ ગીતની કલ્પના મુજબનું ભારતવર્ષ ફરી જોવા મળે. જય હિન્દ.

### આતંકવાદીઓ સાથે લાંબી ખેંચાયેલી અથડામણે આપણને એ માનવા મજબૂર કરી દીધા છે

# પાકિસ્તાનની આતંકી સંરચના અને સ્થાનિક સહયોગ યથાવત છે




જમ્મુ-કાશ્મીરમાં અનંતનાગના કોકરનાગમાં આતંકવાદીઓ સાથે લાંબી ખેંચાયેલી અથડામણે આપણને એ માનવા મજબૂર કરી દીધા છે કે આ કેન્દ્રશાસિત પ્રદેશમાં મોટા પાયે વિકાસ બાદ પણ સ્થિતિઓ હજુ સંપૂર્ણ રીતે નિયંત્રણમાં નથી આવી. આ જ પ્રદર્શિત કરવું પાકિસ્તાની સત્તા અને વિશેષ રૂપે તેના ડીપ સ્ટેટની પણ દાનત રહી છે. કોકરનાગ કોઈ સીમા ક્ષેત્ર નથી, બલ્કે તે પાકિસ્તાનની સીમાથી લગભગ દોઢસો-બસો કિલોમીટર અંદર દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં છે. આતંકીઓને અહીં આવવા માટે સીમાથી આગળ આખો રાજોરી જિલ્લો પાર કરવો પડ્યો હશે. જમ્મુ-શ્રીનગર હાઈવે-૪૪ના પશ્ચિમમાં ૪૦ કિલોમીટર અંદર આવો ત્યારે કોકરનાગ વન ક્ષેત્ર પ્રારંભ થાય છે. સ્પષ્ટ છેકે પાકિસ્તાનની આતંકી સંરચના અને સ્થાનિક સહયોગ યથાવત છે. અનંતનાગમાં અથડામણ વચ્ચે ઉરી સેક્ટરમાં પણ સમા પાર કરવાનો પ્રયાસ કરતા ત્રણ આતંકી માર્યા ગયા. છેલ્લા દસ દિવસોમાં સીમા પારથી ઘૂસણખોરીના કમ સે કમ પાંચ પ્રયાસ સુરક્ષા દળોને અસફળ બનાવવામાં આવ્યા. તેનો અર્થ છે કે પાકિસ્તાનમાં આતંકીઓના ટ્રેનિંગ કેમ્પ અને લોન્ચ પેડ સક્રિય છે. પાકિસ્તાન જેમ જેમ વિદેશી સહાયતાના સહારે પોતાના આર્થિક સંકટમાંથી બહાર નીકળતું દેખાઈ રહ્યું છે, તેમ તેમ તે પહેલાંની જેમ કાશ્મીરને અશાંત કરવામાં લાગી ગયું છે. અહેવાલો છે કે સીમાઓ પર સપ્લાઈ બાદ આતંકીઓ આવવાના નવા રસ્તા પંજાબ અને નેપાળથી બની રહ્યા છે. પાકિસ્તાન હથિયાર અને બારુદ ડ્રોન દ્વારા મોકલીને આતંકી ગતિવિધિઓને જીવિત કરવાની કોશિશ કરી રહ્યું છે. નાણાંકીય વ્યવસ્થા માટે ડ્રોનથી ડ્રગ્સની તસ્કરી આતંકી નેટવર્કનો મોટો સહારો છે. જી-૨૦ શિખર સંમેલન પહેલાં પણ આતંકીઓની ઘૂસણકોરીના અનેક પ્રયાસ થયા, પરંતુ સીમા રક્ષકોની સજાગતાને કારણે કશું થયું નહીં. આ વખતે આતંકી કોકરનાગના જંગલોમાં પોતાનું ઠેકાણું બનાવવામાં સફળ થઈ ગયા. એક બીજું પરિવર્તન ધ્યાન આપવા યોગ્ય છે. પીર પંજાલના પર્વતીય સીમાંત અને આંતરિક ક્ષેત્રોમાં આતંકી ગતિવિધિઓ વધી છે. આતંકીઓના નિશાના પર હવે સુરક્ષા દળો છે. તેમના માટે કાશ્મીર ઘાટીમાં જ હુમલો કરવો જરૂરી નથી. એ પણ દેખાય છે કે આતંકી સંગઠનોના નેટવર્કનો વિસ્તાર પહેલાં જેવો જ છે. સવાલ સમસ્યાના સમાધાનનો છે. આખરે ક્યાં સુધી આ બધું ચાલવાનું છે? આઝાદીના આંદોલન દરમ્યાન મોહંમદ અલી ઝીણાએ મજહબના આધારે પાકિસ્તાનનો પ્રસ્તાવ મૂક્યો. તેમનું કહેવું હતું કે હિંદુ અને મુસલમાન બે અલગ-અલગ રાષ્ટ્ર છે. મૂળ તો આ વિચારના પ્રણેતા અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના સંસ્થાપક સર સૈયદ અહમદ ખાન હતા. આ વિચારતંત્રને અંગ્રેજી સત્તાની કાખઘોડીનો સહારો મળ્યો. કોંગ્રેસ આ પાકિસ્તાની વિચાર વિરુદ્ધ કોઈ આંદોલન ખડું ન કરી શકી. આ રીતે વિશ્વનો પહેલો મજહબ આધારિત દેશ પાકિસ્તાન અસ્તિત્વમાં આવી ગયો. મહારાજા હરિ સિંહનું કાશ્મીર ક્ષેત્ર મુસ્લિમ બહુમતીનું હતું, તેથી તે પાકિસ્તાનનો નિશાનો બન્યું. જમ્મુ-કાશ્મીરનો ૮૬ હજાર વર્ગ કિમી ક્ષેત્ર પાકિસ્તાનના ગેરકાયદે કબ્જામાં ૧૯૪૭-૪૮થી જ છે. આ યથાસ્થિતિ એટલા માટે છે, કારણ કે આપણા રાજકીય નેતૃત્વએ ક્યારેય તેને બદલવાનો પ્રયાસ સુદ્ધાં નથી કર્યો. આ એ ક્ષેત્ર ઝે જે અનાયાસ થયેલા યુદ્ધવિરામને કારણે ભારત પાસે આવવાથી રહી ગયો. વાસ્તવમાં પહેલા વડાપ્રધાન જવાહરલાલ નેહરુની કોઈ રુચિ પાકિસ્તાનના કબ્જાવાળા કાશ્મીરને પાછું લેવાની નહોતી. જ્યારે પણ તેમને પાકિસ્તાન સાથે મંત્રણાની તક મળી, તેમણે યુદ્ધવિરામ રેખાને જ આંતરરાષ્ટ્રીય સીમા રૂપે સ્વીકાર કરવાનો પ્રસ્તાવ આપ્યો.

# પરમાત્મા સગુણ નિર્ગુણ બને છે, તે કોમળ પણ છે અને કઠણ પણ છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા

પૃથ્વી લોક પરની જીવસૃષ્ટિમાં મનુષ્ય જીવ બુદ્ધિશાળી સાથે વર્ચસ્વ ધરાવતો જીવ છે.એટલે અન્ય જીવોના રક્ષણની જવાબ દારી તેની કુદરતે નક્કી કરી પણ તે સાંસારિક મોહમાયામાં એવો ઓતપ્રોત થઈ જાય છે કે તે મારું મારું કરવામાં પોતાની જીંદગી તો વેડફી નાખે છે સાથોસાથ અન્ય જીવોના નાશનો સંહારક બને છે ત્યારે કુદરત તેને અટકાવવા પ્રયત્ન કરે છે પણ કોઈ અસર થતી નથી. સૂર્ય ચંદ્ર પવન પાણી જેવા જાગૃત શક્તિ સાથે ચેડાં કરે ત્યારે તે કષ્ટ વેઠે જ છે.આજે આપણે શ્રીમદ્ ભાગવત પરમાત્મા સગુણ નિર્ગુણ બને છે. તે સ્થૂલ છે. તે સૂક્ષ્મ પણ છે, તે કોમળ પણ છે અને કઠણ પણ છે તે જોઈએ. નૃસિંહ સ્વામીનું પ્રાગટ્ય સ્તંભમાં થી થયું. વિચાર કરો,તે સ્તંભમાં કેવી રીતે રહ્યા હશે? થાંભલો પોલો તો નથી. ઠાકોરજી અંદર કેવી રીતે બેઠા હશે? પરમાત્મા સૂક્ષ્મરૂપે થાંભલામાં હતા, પરંતુ પ્રહલાદની ભક્તિથી સૂક્ષ્મમાંથી તે સ્થૂલ થયા



છે. પ્રહલાદનો પ્રેમ એવો કે સૂક્ષ્મ સ્વરૂપ સ્થૂલ બનીને બહાર આવ્યું. અતિશય પ્રેમ વગર પ્રભુ પોતાનું સ્વરૂપ બતાવતા નથી. પ્રહલાદજીનો પ્રેમ એવો હતો કે, નિરાકારમાંથી ભગવાન આકાર વાળા બન્યા છે. બુદ્ધિ સૂક્ષ્મ ન થાય ત્યાં સુધી તે બુદ્ધિ ઈશ્વરનું ચિંતન કરી શકતી નથી.પરમાત્મા પ્રેમને લીધે આકાર ધારણ કરે છે. પરમાત્મા સગુણ નિર્ગુણ બને છે. તે સ્થૂલ છે. તે સૂક્ષ્મ પણ છે, તે કોમળ પણ છે અને કઠણ પણ છે.

ઈશ્વરમાં આ બધા ધર્મો માયાથી ભાસે છે એમ વેદાંતીઓ માને છે. વૈષ્ણવ આચાર્યો માને છે કે,વિરુદ્ધ - ધર્માશ્રય પરમાત્મા છે. જે નૃસિંહ સ્વામી હિરણ્યકશિપુ માટે કઠોર હતા,તે જ પ્રહલાદ ગોદમાં આવ્યા ત્યારે કોમળ થઈ ગયા. જ્ઞાની પુરુષો સર્વમાં ભગવદ્ દૃષ્ટિ રાખે છે. દશ્ય પદાર્થમાંથી દષ્ટિને હટાવી દેષ્ટામાં તૃષ્ટિને સ્થિર કરો. દશ્યમાંથી દષ્ટિને હટાવો અને સર્વ ને જોનારા સર્વના સાક્ષી પરમાત્મા ના સ્વરૂપમાં દૃષ્ટિ સ્થિર કરો.એક મહાત્મા હતા. તેમને બધે ઈશ્વરનું સ્વરૂપ દેખાય. તેમની પાસે એક ગૃહસ્થ આવ્યો. તેણે કહ્યું, મારે ઈશ્વરનાં દર્શન કરવાં છે. મહાત્મા એ કહ્યું,તમે પોતે જ ઈશ્વર છો એમ માનો. ગૃહસ્થ કહે છે, હું ખાતરીથી કહું છું કે હું ઈશ્વર નથી. મહાત્મા કહે છે,તમે ઈશ્વર નથી તો તમારા સિવાયનું શ્રીમદ્ ભાગવત કથા જે કંઈ દેખાય તે ઈશ્વર છે તેમ માનો. ગૃહસ્થે તેમ કર્યું, તેથી તેનું પાપ અટકી ગયું. તેનો વ્યવહાર પો શુદ્ધ થયો. ફરીથી તે ગૃહસ્થ મહાત્મા પાસે આવ્યો. મહાત્માને કહ્યું, સર્વમાં ઈશ્વર છે તેવો અનુભવ કરવાથી શાંતિ મળે છે, પણ મને કોઈ વખત શંકા થાય છે કે, આ જે કંઈ દેખાય છે તે બધું ઈશ્વર નથી. મહાત્મા તેને કહે છે કે, તો હવે એમ કર. જે દેખાય છે તે ઈશ્વર નથી એમ માની એનો મોહ છોડી દે. હવે દશ્ય વસ્તુ એ ઈશ્વર નથી. હવે તું સંસારના દશ્ય પદાર્થ સાથે નહીં પણ દશ્યના જે દૃષ્ટા છે તેની સાથે પ્રેમ કર. જે નથી દેખાતું એ ઈશ્વર છે. ઈશ્વર સર્વનો દૃષ્ટા છે, તે દશ્ય નથી. એમ માની એમાં મન સ્થિર કર. સર્વના દૃષ્ટામાં જે દૃષ્ટિ સ્થિર કરે તેને ભગવાન મળે છે. જે સર્વનો ના દૃષ્ટા છે, જે સર્વનો સાક્ષી છે તેને કોણ સહેલાઈથી જાણી શકે? જેને પૂર્ણ વૈરાગ્ય ન હોય તેને "ધરી જ્ઞાનનો અનુભવ થતો નથી માટે આપણા જેવા માટે ભક્તિમાર્ગ સારો છે. વૈષ્ણવો માને છે, સર્વ પદાર્થમાં ઈશ્વર છે એવું સમજી વ્યવહાર કરો તો ભક્તિ માર્ગમાં સફળતા મળશે. ઈશ્વરના કોઈ સ્વરૂપમાં જ્યાં સુધી મનુષ્ય આસક્ત થશે નહીં, ત્યાં સુધી ભક્તિ શે ! થશે નહીં.દષ્ટામાં દશ્ય નાશવંત છે એવા નિશ્ચય સાથે દષ્ટામાં દૃષ્ટિ સ્થિર થાય અથવા પ્રત્યેક પદાર્થ માં ઈશ્વર છે એવું જ્ઞાન થાય તો આત્મ સાક્ષાત્કાર થશે. પ્રહલાદ સ્તુતિ કરે છે કે, મોટા મોટા સિદ્ધ મહાત્માઓ અનેક વર્ષો સુધી તપશ્ચર્યા કરે છે, તેમ જીનો છતાં તેઓને પરમાત્માનો સાક્ષાત્કાર થતો નથી. આજે આપે મારા ઉપર કૃપા કરી તો હે નાથ,હું સુધી રાક્ષસકુળમાં જન્મ્યો અને આપનાં દર્શન થયાં. બહુ ભણવાથી,બહુ જ્ઞાનથી ભગવાન મળતા નથી. જેનામાં બહુ જ્ઞાન હોય છે, તેને બીજાને છેતરતાં કે કપટ કરતાં જરાય બીક લાગતી નથી. પરમાત્માને પ્રસન્ન કરવા બહુ સંપત્તિની, બહુ ભણતરની જરૂર નથી કે,ઉચ્ચકુળમાં જન્મ થવો જોઈએ એ પણ જરૂરી નથી.

# વિશ્વમાં ૫ કરોડથી વધુ લોકો અલ્ઝાઇમરની બીમારીથી પીડાય છે!

## વર્ષ ૨૦૫૦ સુધીમાં ચિત્ત ભ્રમ સાથે જીવતા વ્યક્તિઓની સંખ્યા ત્રણ ગણી થઈને ૧૫.૨ કરોડ થવાનો અંદાજ છે



સાંપ્રત પ્રવાહો
લેખક : દીપક જગતાપ

હું એક દિવસ મારા પત્રકાર મિત્રને ઘરે વડોદરા મળવાગયો હતો ત્યારે ડ્રોઈંગરૂમમાં એમના પિતાજીને આરામ કરતા જોયેલા. મેં એમને નમસ્તે કર્યા. ખબર પણ પૂછી. પણ મારા મિત્રએ મને જણાવ્યું કે એમને અલ્ઝાઈમરની બીમારી છે. એમાં એમને યાદ રહેતું નથી કે કોઈને ઓળખતા નથી. ત્યારે મને થોડો આંચકો લાગેલો. એકદમ તંદુરસ્ત વ્યક્તિ શારીરિક રીતે ખૂબ સારા હોય પણ યાદ શક્તિજ ન હોય, કશું યાદ જ આવતું ન હોય કે આપણા જ સ્વજનોને ઓળખી ન શકતા હોય ત્યારે કેટલું દુઃખ થતું હશે.ત્યારે મને થયું કે ભૂલી જવાની બિમારી ખરેખર કેટલી દુઃખદ હોય છે.

**ખાસ કરીને ભૂલી જવાની**

આ બીમારી વૃદ્ધાવસ્થાની ઉંમરમાં બીમારી જોવા મળે છે. જેમાં યાદશક્તિ ઘટી જાય છે.વ્યક્તિની જયારે યાદશક્તિ, નિર્ણય લેવામાં મુશ્કેલી, તેમજ બોલવામાં તકલીફ થવાની સાથે દર્દી પરિવારજનોના નામ પણ ભૂલી જાય ત્યારે માનવામાં આવે છે કેઆવી વ્યક્તિ અલ્ઝાઈમર બીમારીથી તે પીડાય છે.અલ્ઝાઈમરની બીમારીમાં યાદશક્તિ અને વિચારવાની ક્ષમતા ખત્મ થઈ જાય છે.

જોકે હજી આ રોગ અંગે વિશેષ જાગૃતતાનો અભાવ જોવા મળી રહ્યો છે. વિશ્વભરમાં લાખો લોકો



આ રોગ થી પીડાય રહ્યા હોવાનું પણ જાણવા મળ્યુ છે. વિશ્વમાં ૫ કરોડથી વધુ લોકોને ચિત્ત ભ્રમ સાથે જીવે છે.વિશ્વમાં દર ત્રણ સેકન્ડે કોઈને કોઈ વ્યક્તિ ચિત્ત ભ્રમનો શિકાર બને છે.વર્ષ ૨૦૫૦ સુધીમાં ચિત્ત ભ્રમ સાથે જીવતા વ્યક્તિઓની સંખ્યા ત્રણ ગણી થઈને ૧૫.૨ કરોડ થવાનો અંદાજ છે. તેમાંથી ૬૮ ટકા લોકો ઓછી અને મધ્યમ આવક ધરાવતા દેશોના હશે.ચિત્ત ભ્રમને કારણે દેશ ઉપર દર વર્ષે એક ટ્રિલિયન અમેરિકન ડોલરનો આર્થિક બોજ પડે છે, જે રકમ વર્ષ ૨૦૫૦ સુધીમાં બમણી થશે.

**આજે ૨૧ સપ્ટેમ્બર એટલે**

વિશ્વ અલ્ઝાઈમર દિવસ છે.ઉંમર વધવાની સાથે જ તમામ પ્રકારની બીમારીઓ આપણા શરીરને નિશાન બનાવવાનું શરૂ કરી દે છે. ત્યારે અલ્ઝાઈમર પણ તેમાંથી એક બીમારી છે. આ વૃદ્ધ લોકોમાં જોવા મળે છે. ઉંમર વધવાની સાથે-સાથે યાદ કરવાની ક્ષમતા ઓછી થતી રહે છે અને વાતો ભૂલી જવાય છે. આ બીમારી વિશે જાગૃકતા લાવવા માટે દર વર્ષે ૨૧ સપ્ટેમ્બરના દિવસે વિશ્વઅલ્ઝાઈરમર્સ-ડિમેન્શિયા દિવસ મનાવવામાં આવે છે. અલ્ઝાઈમર રોગનું નામ ડો. અલોઈસઅલ્ઝાઈમરના નામથી રાખવામાં આવ્યુ છે. ૧૯૦૬માં જર્મની ના ન્યુરોલોજીસ્ટ ડો. અલોઈસ અલ્ઝાઈમરે આ રોગ અંગેની જાણકારી મેળવી હતી, એક મહિલા તેઓના ત્યાં માનસિક બીમારીની સારવાર અર્થે આવી હતી અને તે બીમારીના કારણે તેનુ મૃત્યુ થયુ હતુ. તેથી ડો.અલોઈસે મહિલાના મગજને લગતી તકલીફો ની જાણકારી મેળવવા માટે ઉંડો અભ્યાસ કર્યો હતો અને તેઓએ કરેલા પરીક્ષણમાં મહિલા ના મગજમાં નાના નાના પેશીઓ ના ટુકડા જોવા મળ્યા હતા તેમજ ડોક્ટર નિરીક્ષણ કર્યું હતું કે નર્વ સેલ અને મગજ વચ્ચે નો સંપર્ક ન હોવાનું કારણ આ રોગનું મુખ્ય લક્ષણ છે.

# માણ્યો છે ક્યારેય આવા ભોજન નો સ્વાદ??



આજ ની દોડધામ વાળી જિંદગી માં માણસ ભોજન નો સ્વાદ માણવાનું ભૂલી ગયો છે, ક્યારે શું ખાધું? કેટલું ખાધું?? એ ગણવાનું પણ ભૂલી ગયો છે, એક કોળિયો હજી કંઠે થી નીચે નથી ઉતરતો અને બીજા કોળિયા સાથે તૈયાર એનો હાથ છે. આજ ના કળિયુગ માં માણસ જીભ નો સ્વાદ પણ ભૂલી ગયો છે. કઈ વાનગી ગળી? કઈ વાનગી તીખી? કઈ વાનગી મોરી ?? આ દરેક બાબત નો સ્વાદ માણસ ભૂલી ગયો છે.

રેસ્ટોરન્ટ નું જમવાનું તેમને ખુબ જ સારું લાગે છે, કારણ કે ત્યાં એક થાળી ના અમુક પૈસા ચૂકવાય છે અને ઘરે એક થાળી ફ્રી માં મળે છે. રેસ્ટોરન્ટ ના જમવામાં એક પણ દિવસ ભૂલ નહિ કાઢે કારણકે પૈસા આપવાના છે, એક એક કોળિયો શાંતિ થી ખાશે, દરેક વસ્તુ નો જીભ પર સ્વાદ અનુભવશે. રેસ્ટોરન્ટ કે લગ્ન પ્રસંગ ના જમણવાર માં બધી વાનગી નો સ્વાદ માણશે, પરંતુ આ જ વસ્તુ ઘર ના બનાવેલા ભોજન માં કેમ નથી થતી?? ઘર ના ભોજન માં થોડીક જ મિનિટો માં માણસ ઉભો થઈ જાય છે. બહાર ની વાનગી નો સ્વાદ સારું લાગવાનું એક જ કારણ છે કે માણસ ઘરે માત્ર રોટલી શાક દાળ ભાત ના કોળિયા ભરે છે પરંતુ એ દરેક કોળિયા નો સ્વાદ તો માણતો જ નથી.

થાળી માં રાખેલી દરેક વાનગી નો સ્વાદ માણવો એ ખુબ જ જરૂરી છે કારણ કે માણસને ઘણી વાર એ પણ નથી ખબર હોતી આજે જમવામાં કઈ મીઠાઈ બનાવી છે?? કયું શાક બનાવ્યું છે? આટલી ઉતાવળ માં જમીને માણસ ને ક્યાં જવું છે? નોકરી કે ધંધો?? આ બધું અહીં ને અહીં જ રહેવાનું છે પરંતુ તમારા પરિવાર જનો દ્વારા બનેલા ભોજનનો સ્વાદ તમને આખો દિવસ તંદુરસ્ત રાખશે.



# વિશ્વની સૌથી શક્તિશાળી છે આ જંગલી શાકભાજી, તેમના છે અનેક ફાયદાઓ

આયુર્વેદ ચિકિત્સક વૈદ્ય શોભાલાલ ઔદિચ્યએ જણાવ્યું કે, કંકોડા રોગપ્રતિકારક શક્તિ વધારે છે. તેમાં રહેલા ફાઈટોકેમિકલ્સ સ્વાસ્થ્યને યોગ્ય રાખે છે. તેમાં એન્ટીઓક્સીડેન્ટ ભરપૂર માત્રામાં હોય છે. તેમાં રહેલા લ્યુટીન જેવા કેરોટોનાઈડ્સ આંખના રોગ, હૃદય રોગ અને કેન્સરને રોકવામાં મદદરૂપ છે. નિશા રાઠોડ/ઉદયપુરઃ ચોમાસાની ઋતુમાં આપણને કઈ શાકભાજી ખાવું અને કઈ ન ખાવી તેની ચિંતા થાય છે. અહીં અમે તમને એક એવી શાકભાજી વિશે જણાવવા જઈ રહ્યા છીએ, જેને ‘સ્વીટ કારેલા’ તરીકે પણ ઓળખવામાં આવે છે. તે વિશ્વની સૌથી શક્તિશાળી શાકભાજી પણ માનવામાં આવે છે. ઔષધીય ગુણોથી ભરપૂર આ શાકભાજી વરસાદની મોસમમાં વધુ ખાવામાં આવે છે. તેના ફાયદા જાણીને તમે ચોંકી જશો. આ દિવસોમાં બજારમાં ચોમાસામાં ઉપલબ્ધ કંકોડા અથવા કંટોલાની માંગ છે. આજકાલ આ શાકભાજી રૂ. ૨૦૦ પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહી છે, છતાં પણ લોકો તેને ખરીદવાનું પસંદ કરે છે.

ઔષધીય વનસ્પતિઓ અને વન પેદાશોથી સમૃદ્ધ ઉદયપુર શહેરમાં, આ દિવસોમાં કિકોડા આસપાસના જંગલોમાં ખીલે છે. વાઈલ્ડ સિકાડા બજારમાં રૂ.૨૦૦ પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યા છે. દુકાનદારો તેને આદિવાસીઓ પાસેથી રૂ.૧૫૦ પ્રતિ કિલોના ભાવે ખરીદે છે. પછી તેને બજારમાં વેચીને ૨૦૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચે છે. આ સિઝનમાં તે ફક્ત ૧૫ દિવસ માટે જ ઉપલબ્ધ હોય છે, તેથી મોંઘા હોવા છતાં, દરેક તેનો સ્વાદ લેવા માંગે છે. આ જ કારણ છે કે, લઈ આવ્યાના થોડા કલાકોમાં જ આખા કંકોડા વેચાઈ જાય છે. આયુર્વેદ ચિકિત્સક વૈદ્ય શોભાલાલ ઔદિચ્યએ જણાવ્યું કે, કંકોડા રોગપ્રતિકારક શક્તિ વધારે છે. તેમાં રહેલા ફાઈટોકેમિકલ્સ સ્વાસ્થ્યને યોગ્ય રાખે છે. તેમાં એન્ટીઓક્સીડેન્ટ ભરપૂર માત્રામાં હોય છે. તેમાં રહેલા લ્યુટીન જેવા કેરોટોનાઈડ્સ આંખના રોગ, હૃદય રોગ અને કેન્સરને રોકવામાં મદદરૂપ છે. જો તમે તેનું શાક ખાવા માંગતા ન હોવ તો તમે તેનું અથાણું પણ બનાવી શકો છો. તે ખૂબ જ પાચક પણ છે. કૃષિ વૈજ્ઞાનિકોના મતે કંકોડા એ કોળાનો પાક છે. પૌષ્ટિક ગુણોથી ભરપૂર હોવાની સાથે સાથે તે વિવિધ રોગોથી બચવામાં પણ મદદરૂપ છે. તેની ખેતી કરીને ખેડૂતો સમૃદ્ધ બની શકે છે. બાગાયત વિભાગે ખેડૂતોને તેની ખેતી કરવા અપીલ કરી છે. પન્નાના જંગલી વિસ્તારોમાં, કંકોડા બિનખેતી થાય છે, તેથી આદિવાસીઓ તેને તોડીને બજારમાં વેચે છે. આજુબાજુના લોકો શાકભાજી તરીકે તેનો ઉગ્ર ઉપયોગ કરે છે.

# આ આદર છે કે અનાદર



“તું સાઈડ માં ખસ મારે ક્રિકેટ રમવામાં તકલીફ પડે છે” આ શબ્દો છે માત્ર ૪ વર્ષ ના બાળક ના. આ બાળક ને તું અને તમે કહેવાનો ભેદ નથી આવડતો, મને એમ કે નાનું બાળક છે કોણ ઝઘડો કરે એટલે હું ખસી ગયો. પણ દિલ માં બહુ જ દુઃખ થયું, આજની નવી આવનારી પેઢી ખુબ જ હોશિયાર છે માન્યા કે, બધું ઝડપથી જ શીખી લે છે, પરંતુ એનો મતલબ એવો કદાચ નથી કે એમની ઉમર થી મોટા દરેક વ્યક્તિ ને અનાદર થી બોલાવે?? આ સંસ્કાર આપવામાં એમના માતા પિતા ની ભૂલ છે. મોટા વ્યકતિ સાથે એકાદ વાર ઘટના બને તો જતું કરી નાખે પરંતુ જયારે બાળકો દ્વારા થતો આ અનાદર નિત્યક્રમ બની જાય પછી કોઈ પણ વ્યક્તિ પોતાના ગુસ્સા ને કાબુ માં રાખે એ ખુબ જ મોટી વાત છે. માતા તથા પિતા આ બંને વ્યક્તિ એક બાળક ના ઘડતર માં એક જરૂરી કલાકાર તરીકે કાર્યરત છે. તેમનું કરેલું વર્તન નાના બાળક તરત જ શીખી લે છે, આપણા થી મોટી ઉમર ના દરેક વ્યક્તિને કેટલું માન આપવું કઈ વ્યક્તિ ને ક્યાં ઉપનામ થી બોલવું, આ બધી જ માહિતી એ બાળક ને એના પરિવાર દ્વારા જ મળે છે. આમ વાંક કોનો ?? એનો કે એના પરિવાર નો ?? જો આજકાલ ના છોકરા ઓ સ્માર્ટ છે?? ફોન પણ ઝડપથી શીખી જાય છે તો માતા પિતાના આપેલા સંસ્કાર કેમ નથી શીખતાં?? આપણી સંસ્કૃતિ, આપણી પરંપરા એમાં તેમને કઈ વસ્તુની અડચણ આવી જાય છે. જો આજ નું બાળક 4G છે તો આદર અને અનાદર કરવામાં કેમ થાપ ખાઈ જાય છે. આ બધું શીખવાડાની ફરજ તેના પરિવાર ની કે આખા ગામ ની?? આજ ના માતા પિતા બાળકના દરેક શોખ પૂરા કરે છે પરંતુ માતા પિતા એ ભૂલી જાય છે આ બાળક ની જીદ છે કે શોખ?? માતા પિતા પોતાના કામ માં એટલા વ્યસ્ત રહેવા લાગ્યા છે પોતાના જ બાળક ને પોતાની સાથે બેસાડીને એની ભૂલ વિશેની સાચી માહિતી પણ નથી આપતા, “બેટા આ તારી ભૂલ છે કાકા ને આમ ના બોલાવાય” આવું માત્ર એક વાર કહેવાથી બાળક ફરીથી એ ભૂલ ક્યારેય નહિ કરે, જયારે બાળક ચાલતા શીખે છે તો ઘણી વાર પડી જાય છે. ત્યારે તમે જ એને આધાર આપીને ઉભો કરો છો, તો જયારે એનાથી શબ્દ બોલવામાં ભૂલ થાય છે.

# ઉભા રહીને પાણી પીવો છો? છોડી દો આદત નહીંતર ૫ બીમારીઓ ઘેરી લેશે

પાણીને યોગ્ય રીતે પીવામાં આવે તો તેના ફાયદા જ ફાયદા છે. પરંતુ જો ખોટી રીતે પીવામાં આવે તો નુકસાન પણ થઈ શકે છે. જો તમે પણ ઉભા રહીને પાણી પીતા હોય તો આજે જ આ આદત છોડી દો, નહીંતર શરીરને ઘણી મુશ્કેલીઓ થઈ શકે છે. ચાલો જાણીએ ઉભા રહીને પાણી પીવાથી સ્વાસ્થ્યને શું નુકસાન થઈ શકે છે.

પાણી આપણા શરીર માટે ખૂબ જ જરૂરી છે. તેના વિના જીવનની કલ્પના જ અધૂરી છે. પાણીની જરૂરિયાત સૌથી વધુ ગરમીમાં હોય છે, કારણ કે આ સીઝનમાં દર ૧૦-૨૦ મિનિટે તરસ લાગી જાય છે. તમને જણાવી દઈએ કે, પાણીને યોગ્ય રીતે પીવામાં આવે તો ફાયદા જ ફાયદા છે, પરંતુ જો ખોટી રીતે પીવામાં આવે તો નુકસાન પણ થઈ શકે છે. ઘણા લોકોને ઉભા રહીને પાણી પીવાની



આદત હોય છે, જે ખોટુ છે. આમ કરવાથી તમે સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી રહ્યાં છો. જો તમે પણ ઉભા રહીને પાણી પીવો છો તો આજથી જ છોડી દો, નહીંતર શરીરને અનેક મુશ્કેલીઓ થઈ શકે છે. ચાલો બીએચયુના આયુર્વેદાચાર્ય ડો.અજયયાદવપાસેથીજાણીએકેઉભારહીનેપાણી



પીવાથી સ્વાસ્થ્યને કયા નુકસાન થઈ શકે છે. કિડની રોગઃ ઉભા રહીને પાણી પીવું સ્વાસ્થ્ય માટે ખૂબ જ નુકસાનકારક માનવામાં આવે છે. એક્સપર્ટ અનુસાર, જો તમે કિડની સાથે જોડાયેલ કોઈપણ મુશ્કેલી સામે ઝઝૂમી રહ્યાં છો, તો તમે બિલકુલ ઉભા રહીને પાણી ન પીવો. આમ કરવાથી તમે તમારી કિડનીને નુકસાન પહોંચાડી રહ્યાં છો. તેના કરતાં તમે આરામથી બેસીને ધીરે-ધીરે પાણી પીવો. સાંધાને નુકસાનઃ એક્સપર્ટ્સ અનુસાર, ઉભા રહીને પાણી પીવાની આદતથી સાંધાને નુકસાન પહોંચે છે. સાથે જ અર્થરાઈટિસના લક્ષણ પણ પેદા થાય છે. જણાવી દઈએ કે, ઉભા થવાથી નસોમાં તણાવ રહે છે અને આ દરમિયાન પાણી પીવાથી શરીરમાં ફ્લૂઈડ બેલેન્સ પ્રભાવિત થાય છે, જેના કારણે સાંધામાં દુખાવો થવા લાગે છે. ફેફસાને નુકસાનઃ જો તમને ફેફસા સાથે જોડાયેલી કોઈપણ પ્રકારની સમસ્યા છે તો ઉભા રહીને પાણી પીવાનું ટાળો. જણાવી દઈએ કે, જ્યારે તમે ઉભા રહીને પાણી પીવો છો, તો તે સમયે ઓક્સિજન લેવલ પ્રભાવિત થાય છે. તેના કારણે ફેફસાથી લઈને હાર્ટ હેલ્થ પર પણ અસર થાય છે.

BOLLYWOOD NEWS FLASH

**લગ્નમાં આવનાર દરેક મહેમાનોના ફોન લગ્નમાં જતી વખતે અને બહાર નીકળતી વખતે ચેક કરવામાં આવશે**

# લગ્ન બાદ પરિણીતી રાઘવ ચઢ્ઢા પોતાની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરશે

। મુંબઈ, તા.૨૩ ।

પરિણીતી ચોપડા અને રાઘવ ચઢ્ઢાના લગ્નના ફોટા કે વીડિયો સોશિયલ મીડિયા પર લીક ન થાય તે માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. તેના માટે લગ્નમાં આવનાર દરેક મહેમાનોના મોબાઈલ ફોન લગ્નમાં જતી વખતે અને બહાર નીકળતી વખતે ચેક કરવામાં આવશે. તેના માટે પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. દરેક મહેમાનના ફોનને લગ્નના વેન્યૂ પર પહોંચતાની સાથે જ ટેપ કરી દેવામાં આવશે. જાણવા મળતી માહિતી અનુસાર હોટલમાં લગ્ન માટે આવનાર મહેમાનોના મોબાઈલ કેમેરા પર બ્લુ ટેપ ચોંટાડી દેવામાં આવશે. આ ટેપ લગાવ્યા બાદ લગ્ન દરમિયાન કોઈ પણ વ્યક્તિ વીડિયોગ્રાફી કે ફોટોગ્રાફી કરી શકશે નહીં. આ ટેપ પણ ખાસ હશે જેને કોઈ વ્યક્તિ પોતાની મરજી અનુસાર કાઢી કે ચોંટાડી શકશે નહીં. આ એક બ્લુ રંગની ટેપ હશે જેને મોબાઈલ કેમેરા પર લગાવ્યા બાદ જો કોઈ તેને હટાવે છે તો તે ટેપ પર તીરનું નિશાન દેખાવા લાગે છે. જ્યારે મહેમાનો લગ્નમાંથી પરત ફરશે ત્યારે ફોન ચેક કરવામાં આવશે. આ સિક્યોરિટી ચેક કરવાની જવાબદારી માટે ખાસ માણસો રાખવામાં આવ્યા છે. લગ્નની તૈયારીઓ અને લગ્નની વિધિના ફોટોગ્રાફ્સ અને વીડિયો લીક ન થાય તે માટે બ્લુ ટેપની વ્યવસ્થા કરવામાં આવી છે. આ નિયમ લગ્નમાં આવનાર મહેમાનો તેમજ હોટેલ સ્ટાફ, ડેકોરેશન, સાઉન્ડ સિસ્ટમ સ્ટાફ અને શેફને પણ લાગુ થશે. લગ્ન બાદ પરિણીતી ચોપડા અને રાઘવ ચઢ્ઢા પોતાની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરશે.



# ૫૬ની ઉંમરમાં પણ અક્ષય કુમારે કર્યું અંડર વોટર વર્કઆઉટ

। મુંબઈ, તા.૨૩ ।

બોલિવુડ એક્ટર અક્ષય કુમાર ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પોતાની ફિલ્મોની સાથે ફિટનેસને લઈને પણ ચર્ચામાં રહે છે. તેમણે ડેલી રૂટીનમાં પોતાના જીવનમાં અમુક નિયમ બનાવ્યા છે. જેને તે ક્યારેય પણ કોઈના માટે નથી તોડતા. આજ કારણ છે કે તે ૫૬ વર્ષની ઉંમરમાં પણ ફિટનેસના મામલામાં આજના યંગસ્ટર્સને મોટી ટક્કર આપે છે. આ વચ્ચે હવે અક્કીનો એક વીડિયો સામે આવ્યો છે. જેમાં તેમનું અનોખુ વર્કઆઉટ જોવા મળી રહ્યું છે.



અક્ષય કુમાર બોલિવુડના ફિટ એક્ટર્સની લિસ્ટમાં આવે છે. તે પોતાને ફિટ રહે છે સાથે જ બીજાને પણ ફિટ રહેવાની સલાહ આપે છે. એવામાં તેમનો એક્વા વર્કઆઉટ વીડિયો સોશિયલ મીડિયા પર ચર્ચામાં રહ્યો છે. અક્ષય કુમારના આ વીડિયોમાં તમે જોઈ શકો છો કે તે સ્વીમિંગ પુલમાં પાણીની અંદર અનોખા અંદાજમાં વર્કઆઉટ કરતા જોવા મળી રહ્યા છે.

પહેલા તે કાર્ડીઓ કરી રહ્યા છે. ત્યાર બાદ તે પાણીની અંદર સુઈને ડંબલ મારતા જોવા મળી રહ્યા છે. આ વીડિયોને જોઈને તેમના ફેંસ ખૂબ પરેસાન છે. કારણ કે જ્યાં લોકો માટે એક મિનિટ પાણીની અંદર શ્વાસ રોકવો મુશ્કેલ હોય છે.

**ગણેશ ચતુર્થીના અવસરે અભિનેતાએ વાતચીત કરી**

# હું કોઈ કામ માટે સરળતાથી હા નથી કહેતો : ગોવિંદા

। મુંબઈ, તા.૨૩ ।

૯૦ના દાયકાના બોલિવૂડ સુપરસ્ટાર ગોવિંદાની છેલ્લી ફિલ્મ ૨૦૧૯માં રિલીઝ થઈ હતી. છેલ્લાં ૪ વર્ષથી ઈન્ડસ્ટ્રીમાંથી ગાયબ થયેલા અભિનેતાએ હવે ચોંકાવનારો ખુલાસો કર્યો છે.

ગોવિંદાએ જણાવ્યું કે, તેણે ગયા વર્ષે લગભગ ૧૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટને રિજેક્ટ કર્યા છે. તેણે આવું એટલા માટે કર્યું કારણ કે તેને ઓફર કરવામાં આવેલી ભૂમિકાઓમાં કંઈ નવું નહોતું.હાલમાં જ ગણેશ ચતુર્થીના અવસર પર અભિનેતાએ મીડિયા સાથે વાતચીત કરી હતી. આ દરમિયાન તેણે કહ્યું કે, ’હું કોઈ પણ કામ માટે સરળતાથી હા નથી કહેતો, પરંતુ જે લોકો એવું વિચારે છે કે, મારી પાસે કામ નથી, તેમને કહી દઉં કે બાપ્પાએ મને આશીર્વાદ આપ્યા છે. મેં ગયા વર્ષે લગભગ રૂ. ૧૦૦ કરોડના પ્રોજેક્ટને ફગાવી દીધા છે. ગોવિંદાએ આગળ કહ્યું, ’હું અરીસા સામે ઊભો હતો અને મારી જાતને થપ્પડ મારી રહ્યો હતો કારણ કે હું કોઈ પ્રોજેક્ટ સાઈન કરી રહ્યો ન હતો. તેઓ મને ઘણા પૈસાની ઓફર કરી રહ્યા હતા પરંતુ હું



માત્ર કોઈ રોલ કરવા માગતો ન હતો. હું કંઈક એવું ઈચ્છતો હતો જે મેં પહેલાં કર્યું ન હોય. ગોવિંદાએ હાલમાં જ પત્ની સુનીતા અને પુત્ર યશવર્ધન સાથે ગણેશ ચતુર્થીની ઉજવણી કરી હતી. તે અભિનેત્રી શિલ્પા શેટ્ટીના ઘરે તેના આખા પરિવાર સાથે ગણપતિ પૂજા માટે પણ પહોંચ્યો હતો. લગભગ ૧૭૦ ફિલ્મોમાં કામ કરી ચૂકેલા ગોવિંદાએ ૧૯૮૬માં બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. ૯૦ના દાયકામાં તેઓ એટલા લોકપ્રિય હતા કે તેમણે એક સાથે સૌથી વધુ ફિલ્મો સાઈન કરવાનો રેકોર્ડ બનાવ્યો હતો. અભિનેતા છેલ્લે ૨૦૧૯માં રિલીઝ થયેલી ’રંગીલા રાજા’માં મોટા પડદા પર જોવા મળ્યો હતો.

# જવાનમાં ‘સાઇડલાઇન’ થવા પર ફિલ્મ ડાયરેક્ટરથી નારાજ થઈ નયનતારા

**આ ફિલ્મમાં તેની મુખ્ય ભૂમિકા હતી પરંતુ તેમ છતાં તેનો રોલ દીપિકાના રોલ કરતા ઓછો જોવા મળ્યો હતો**

। મુંબઈ, તા.૨૩ ।

સાઉથની અભિનેત્રી નયનતારાએ હાલમાં જ ફિલ્મ જવાનમાં કામ કર્યું હતું. આ દરમિયાન તે લીડ રોલમાં જોવા મળી હતી. નયનતારાએ પ્રથમ વખત સુપરસ્ટાર શાહરૂખ ખાનની સાથે અભિનય કર્યો હતો અને તેની ભૂમિકાની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી. આ ફિલ્મ સફળ પણ રહી હતી અને ચાહકોને ખૂબ પસંદ આવી હતી.પરંતુ પછી એવું શું થયું કે નયનતારા ફિલ્મના ડાયરેક્ટર એટલીથી નાખુશ છે. નવીનતમ અહેવાલો અનુસાર, નયનતારાને ફિલ્મમાં તેના પાત્રની લેંથ સામે વાંધો છે. અહેવાલો અનુસાર, નયનતારાનું માનવું છે કે આ ફિલ્મમાં તેની મુખ્ય ભૂમિકા હતી પરંતુ તેમ છતાં તેનો રોલ દીપિકા પાદુકોણના રોલ કરતા ઓછો જોવા મળ્યો હતો. આ ફિલ્મમાં દીપિકા કેમિયો રોલમાં હતી પરંતુ તેનો રોલ મોટો હોવાનું જણાય છે. નયનતારા આનાથી નાખુશ છે અને નજીકના ભવિષ્યમાં બોલિવૂડની કોઈ ફિલ્મ સાઈન કરવા માંગતી નથી. તમને જણાવી દઈએ કે નયનતારા દ્વારા આ અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી અને સૂત્રોના હવાલાથી જ આ વાત સામે આવી છે. કારણ કે ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ જવાન ફિલ્મ ડાયરેક્ટર એટલીના જન્મદિવસ પર નયનતારાએ તેમને શુભેચ્છા પાઠવી હતી અને તેમની પ્રશંસા પણ કરી હતી. તેથી, બાબત ગમે તે હોય, ચાહકોએ રાહતનો શ્વાસ લીધો હશે કે નયનતારા અને એટલા વચ્ચેનો તણાવ બહુ ગંભીર નથી. જો કે આ બધાની વચ્ચે નયનતારા આગામી બોલિવુડ ફિલ્મો કરશે કે કેમ એ તો આવનારા સમયમાં જ ખબર પડશે પણ એ પહેલા અનેક ચર્ચાઓના કારણે અભિનેત્રીના ફેન્સ ચિંતીત છે. ફિલ્મ જવાન વિશે વાત કરીએ તો, આ ફિલ્મે અજાયબીઓ કરી છે અને રૂ. ૫૦૦ કરોડનો આંકડો પાર કરનારી સૌથી ઝડપી હિન્દી ફિલ્મ બની છે. આ ફિલ્મ વિશ્વભરમાં પણ ઘણી કમાણી કરી રહી છે અને ટૂંક સમયમાં ૧૦૦૦ કરોડ રૂપિયાનો આંકડો પાર કરશે. હવે જોવાનું એ રહે છે કે ફિલ્મ કેટલી ઝડપથી આ સ્થાને પહોંચે છે. જવાન સાથે શાહરૂખ ખાનની બે ફિલ્મોએ ૫૦૦ કરોડની કમાણી કરી છે. તેની ફિલ્મ ડંકી પણ આ વર્ષે રિલીઝ થવાની છે.



### ૧૯૭૦ના પુર વખતે તત્કાલિન

# વડાપ્રધાન ઇંદિરા ગાંધી પુર પીડિતોની મુલાકાતે આવેલા તો આ સરકારના મંત્રીઓ કેમ નથી આવતા ? : અબ્દુલ કામઠી

## સામાજિક કાર્યકર અબ્દુલ કામઠી અને એમની ટીમ દ્વારા જુનીતરસાલી અને સિસોદ્રા ગામે જીવન જરૂરી સામગ્રી કિટનુ વિતરણ કરવામાં આવ્યું




**। મલેક યસદાની ભરૂચ, તા.૨૩ ।**

ઝઘડિયા તાલુકાના જુની તરસાલી અને નાદોદ તાલુકાનાં સિસોદ્રા ગામ ખાતે ભરૂચ જિલ્લાના મુસ્લિમ અગ્રણી અને કોઈ પણ જાતના ભેદભાવ વિના સમાજ સેવા માટે હંમેશાં તત્પર રહેવા માટે જાણીતા અબ્દુલ ભાઈ કામઠી અને એમની ટીમ દ્વારા અનાજ અને ગાદલા તકીયા કીટનુ વિતરણ કરવામાં આવ્યું હતું.

મધ્ય પ્રદેશ ઉપર વાશમાં થયેલ ભારે વરસાદના કારણે સરદાર સરોવર ડેમ ઓવફ્લો થતા નર્મદા નદીમા વિપુલ પ્રમણમાં પાણી છોડાતા ભરૂચ જિલ્લો તેમ જ નર્મદા જિલ્લામા વિનાશક પૂરની સ્થિતિ સર્જાઈ હતી જેના કારણે સમગ્ર જિલ્લામા ખેડૂત,પશુપાલક,વેપારી અને સામાન્ય વ્યક્તિઓને ભારે નુકશાન થયુ હતુ ત્યારે ઝઘડિયા તાલુકામા પુરના કારણે ભારે તારાજી સર્જાઈ હતી જેમાં ઝઘડિયા તાલુકાના કાંઠા વિસ્તારના ગામોમાં પાણી ઘુસી જતા ભારે નુકશાન થયું હતું ત્યારે અબ્દુલ ભાઈ કામઠી અને તેમની ટીમ દ્વારા સમગ્ર જિલ્લામાં પુર અસરગ્રસ્ત વિસ્તારોમાં જઈ પીડિતોની મુલાકાત લઈ તેમને જીવન જરૂરીયાત ની ચીજ વસ્તુઓ અને અનાજ કીટ તેમ જ ગાદલાં તકીયા કીટ નુ વિતરણ કરવમાં આવી રહ્યુ છે ત્યારે અબ્દુલ ભાઈ કામથી અને તેમની ટીમ દ્વાર આજરોજ જુની તરસાલી અને સીસોદ્રા ગામ ખાતે આવી પુર પીડિતો ની મુલાકાત લઈ અનાજ કીટ તેમ જ ગાદલાં તકીયા કીટનુ વિતરણ કરવામાં આવ્યું હતું. જુની તરસાલી ગામ ખાતે પુર પીડિતોની મુલાકાતે આવેલ અબ્દુલ ભાઈ કામઠીએ જણાવ્યુ હતુ કે ૧૯૭૦મા આવેલ વિનાશક પુર વખતે તત્કાલિન વડાપ્રધાન ઈંદિરા ગાંધીએ જૂની તરસાલી ગામ ખાતે મુલાકાત લીધી હતી તો આ સરકારના મંત્રીઓ આ વિસ્તારના પુર પીડિતોની મુલાકાતે કેમ નથી આવતા? ગામના સામાજીક કાર્યકર કાદર ભાઈ શેખે જણાવ્યું હતુ કે સામાજિક સંસ્થાઓ દ્વારા પુર પીડિતોને સહાય મળી રહી છે પરંતુ સરકારથી કોઈ સહાય મળી રહી નથી જૂની તરસાલી ખાતે અબ્દુલ ભાઈ કામથી ઉપરાંત હાજી સબ્બિર ભાઈ વાઝા, હસન ભાઈ સેરપુરા, મૌલાના ઈમરાન,ઈબ્રાહિમ ભાઈ, પત્રકાર અલ્લી ભાઈ ભોજાણી, મોહંમદ કામથી, હુશેનુભાઈ કાઠી, નવી તરસાલી ગામના અગ્રણી કાદર ભાઈ તેમ જ ગ્રામ જનો ઉપસ્થિત રહ્યા હતા.

અબ્દુલ ભાઈ કામથી તેમ જ તેમની ટીમ દ્વારા નવી તરસાલી અને સીસોદ્રા ઉપરાંત દિવા, ભરૂચ શહેર નદી કાંઠાના વિસ્તારો,કાશિયા અને માંડવા વગેરે ગામોમાં પુર પીડિતો ને મદદ પોહચાડી છે તેમ જ આવનારા દિવસોમાં બાકી રહેલ તમામ ગામો મા પીડિતોને મદદરૂપ થઈ અવિરત કાર્યરત રેહવાનું લક્ષ છે.

### રાજપીપલા કલેક્ટર કચેરીએ જિલ્લા એકતા સમિતિની બેઠક મળી

# આગામી દિવસોમાં ગણેશ વિસર્જન, નવરાત્રી દિવાળીના તહેવારો શાંતિ પૂર્ણ માહોલમાં ઉજવાય તે માટે ના પ્રયાસો કરવા અનુરોધ



**। રાજપીપળા, તા.૨૩ ।**

રાજપીપલા કલેકટર કચેરીએ કોન્ફરન્સ રૂમમાં જિલ્લા એકતા સમિતિની બેઠક અધિક જિલ્લા કલેકટર સી એ ગાંધીના અધ્યક્ષ સ્થાને મળી હતી જેમાં જિલ્લા એકતા સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં અધિક જિલ્લા કલેકટર સી એ ગાંધીએ આગામી દિવસોમાં ગણેશ વિસર્જન, નવરાત્રી દિવાળી ના તહેવારો આવતા હોય જિલ્લામાં તહેવારો શાંતિ પૂર્ણ માહોલમાં ઉજવાય તેમાટે એકતા સમિતિ તંત્રની સાથે રહીને જિલ્લામાં શાંતિ સદભાવઅને કોમી એખલાસ જળવાય તેવા પ્રયત્નો કરવા અને જરૂરી સૂચનો કરવા જણાવ્યું હતું. તેમણે જિલ્લામાં કોમી સદભાવ બનાવી રાખવા અને સ્વૈચ્છિક સંસ્થાઓના સહકારમાં રહીને આ સ્પતિ કોમી તંગદિલી નિવારવા માટેના પ્રયાસો કરવા,તે માટે જિલ્લા સત્તાવાળાઓની મદદમાં રહીને વિવિધ કોમો/ જૂથો વચ્ચે સદભાવના જાળવવાનીકામગીરી કરવા તદ ઉપરાંત વિવિધ કોમોના ધાર્મિક તહેવાર શાંતિપૂર્ણ રીતે તથા સમૂહમાં ઉજવાય તે સારૂ વિવિધ કોમોના અગ્રણીઓ સાથે ચર્ચા વિચારણા કરી આવી ઉજવણી માટે જિલ્લા સત્તાવાળાઓને મદદરૂપ બનવા અનુરોધ કર્યો હતો.જિલ્લામાં રાષ્ટ્રીય એકતા અને અખંડિતતા જળવાઈ રહે તે માટે માર્ગદર્શક સૂચનો કરવાઅને કોમવાદ, જ્ઞાતિવાદ અને પ્રાદેશિકવાદ જેવા અનિષ્ટોને નાબુદ કરવાના ઉપાયો સૂચવવા જણાવેલ. જે સૂચનોમાં એકતા સમિતિના સદસ્ય દીપક જગતાપે મહત્વના સૂચનો કર્યા હતાં તેમણે શાંતિ સમિતિની બેઠકમાં મીડિયા અને એકતા સમિતિના સદસ્યોને આમંત્રિત કરવા જોઈએ.

### ઝાલોદ ઘટક ૨ ના આંગણવાડી કેન્દ્રોમાં ઉજવણી પોષણ માસની ઉજવણી




**। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૩ ।**

ભારત સરકાર દ્વારા દર વર્ષે સપ્ટેમ્બર માસમાં પોષણ માસની ઉજવણી કરવામાં આવે છે. જેના અનુસંધાને આઈ. સી.ડી.એસ. વિભાગના ઝાલોદ ઘટક ૨, શિક્ષણ વિભાગ, ગ્રામ પંચાયત વિભાગ દ્વારા સી.ડી.પી. ઓના માર્ગદર્શન હેઠળ આજ રોજ ઝાલોદ ઘટક ૨ ના ડુંગરી તથા સુથારવાસા સેજામાં મિલેટ્સ અંગે આંગણવાડી અને શાળાના બાળકો અને કિશોરીઓમાં જાગૃતતા ફેલાવવા માટે મિલેટ્સ માથી જુદી જુદી વાનગીઓ બનાવી, વાનગી પ્રદર્શન કરવામાં આવ્યું હતું. તથા મિલેટ્સના પોષણ વિષે સમજૂતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમ્યાન એન. એન.એમ., પા.પા. પગલી, બ્લોક ન્યુટ્રિશન મેનેજર, મુખ્યસેવિકા, આંગણવાડી કાર્યકરો, શાળા ના પ્રિન્સિપાલ,તથા ગ્રામજનો હાજર રહેલા હતા.

# ગાંધી એન્જિનિયરિંગ કોલેજમાં "ઉદ્યોગ સાહસિકતાને જાણો" વિષય પર તજજ્ઞોનો વાર્તાલાપ યોજાયો



**। સુરત, તા.૨૩ ।**

સુરતના મજુરા ગેટ સ્થિત ડૉ.એસ. & એસ. ગાંધી કૉલેજ ઑફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નૉલૉજીના મેટલર્જી વિભાગના ઉપક્રમે "ઉદ્યોગ સાહસિકતાને જાણો" વિષય પર તજજ્ઞોનો વાર્તાલાપ યોજાયો હતો.

વિદ્યાર્થીઓ માટે સંભવિત કારકિર્દીના માર્ગો શોધવા અને ઉદ્યોગ ક્ષેત્રમાં અગ્રણી વ્યક્તિઓ સાથે ચર્ચા સંવાદ કરવા માટેના આગવા પ્લેટફોર્મ સમાન આ સંવાદ કાર્યક્રમમાં નારોલા ડાયમંડ પ્રા.લિ.ના ચેરમેન બાબુભાઈ નારોલાએ વિદ્યાર્થીઓને સ્ટાર્ટ અપ અને ઉદ્યોગ ક્ષેત્રમાં રહેલી તકો અંગે તલસ્પર્શી માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓ સાથે સંવાદ દરમિયાન શ્રી નારોલાએ તેમના અમૂલ્ય અનુભવો શેર કરી ઉદ્યોગ સાહસિકતા, અને ઉદ્યોગમાં સંકળાયેલી જટિલ પ્રક્રિયાઓની સમજ આપી હતી.

તેમણે પડકારોનો સામનો કરવા મક્કમતા અને આત્મબળ કેળવવા પર ભાર મૂકી પડકારોના ઉકેલો મેળવવા અંગે ઉપયોગી માર્ગદર્શન પણ આપ્યું હતું.

# વડોદરા જિલ્લાના પૂર અસરગ્રસ્ત ગામોમાં પાણીથી પલળી ગયેલા રેશનકાર્ડ-આધારકાર્ડ વિનામૂલ્યે કાઢી આપવામાં આવશે

**। વડોદરા, તા.૨૩ ।**

વડોદરા જિલ્લામાં નર્મદા અને મહી, ઢાઢર અને ઓરસંગ નદીના પૂરના પાણીના કારણે નદી કાંઠા વિસ્તારના ગામો અસરગ્રસ્ત થયા હતા. નદી કાંઠાના ગામોના જે ઘરોમાં પાણી ભરાવાના કારણે આધાર કાર્ડ, રેશન કાર્ડ ગુમ કે પાણીમાં પલળી ક્ષતિગ્રસ્ત થયા છે.

પૂર અસરગ્રસ્ત ગામોના રહીશોની જીવનોપયોગી અને દૈનિક વપરાશમાં લેવાતી આવશ્યક ચીજવસ્તુઓના માટે રેશનકાર્ડ ગુમ અને ક્ષતિગ્રસ્ત થવાથી તેઓને મળવાપાત્ર રેશનીંગના જથ્થાથી વંચિત ન રહે તે માટે અસરગ્રસ્ત પરીવારોને તાત્કાલીક ધોરણે ડુપ્લીકેટ રેશનકાર્ડ તથા આધાર-કાર્ડ આપવા જિલ્લા કલેકટરશ્રી અતુલ ગોરે માનવીય અભિગમ અપનાવ્યો છે.

કલેકટરશ્રીએ હાલની પરિસ્થિતિને ધ્યાને રાખીને તમામ તાલુકા મામલતદારોને પૂર અસરગ્રસ્ત ગામોના પરિવારોને જે તે સ્થળ પર જ વિનામૂલ્યે અને ત્વરીત રેશનકાર્ડ તથા આધારકાર્ડ મળી રહે તે માટે સત્વરે વ્યવસ્થા ગોઠવવા જણાવ્યું છે.

### ઝાલોદ પોલિસ તંત્ર દ્વારા નગરપાલિકાને સાથે રાખી નગરમાં દબાણ હટાવ ઝુંબેશ ચાલુ કરાઈ

# ડી.વાય.એસ.પી પટેલ અને પી.એસ.આઇ રાઠવા દ્વારા હવાઇ દબાણ તેમજ નગરપાલિકાની જમીનમાં કરેલ દબાણ દુર કરાયાં



**। ઝાલોદ, તા.૨૩ ।**

ઝાલોદ પોલીસ તંત્ર દ્વારા છેલ્લા બે દિવસથી નગરના ખુલ્લા રોડ પર તેમજ દુકાનો દ્વારા કરાયેલ હવાઈ દબાણ દુર કરવાની ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે. ગઈકાલે તારીખ ૨૨-૦૯-૨૦૨૩ શુક્રવારના રોજ હાઈવે વિસ્તારના દબાણો દૂર કરવામાં આવેલ હતા. આજ રોજ ૨૩-૦૯-૨૦૨૩ શનિવારના રોજ નગરમાં સ્વર્ણિમ સર્કલ થી દબાણ હટાવવાની સરુંવાત કરવામાં આવી હતી.

સ્વર્ણિમ સર્કલ થી ગીતામંદિર થઈ વ્હોરાબઝાર થઈ વડબઝારથી ખાંટવાડા વિસ્તારમાં દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.દરેક વિસ્તારમાં પોલિસ દ્વારા ઉભા રહી હવાઈ દબાણ તેમજ રોડ પર કરેલ દબાણ દુર કરવામાં આવેલ હતા. આ સમગ્ર દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન વ્યાપારી વર્ગ દ્વારા પણ સ્વેચ્છાએ દબાણ દુર કરવા તંત્રને સપોર્ટ કરતા જોવા મળતા હતા. પોલિસ તંત્ર અને નગરપાલિકા દ્વારા દબાણ હટાવ ઝુંબેશ દરમ્યાન આ ઝુંબેશ જોવા પબ્લિકના લોકટોળા પણ ઉમટી પડેલ હતા અને લોકોમાં આગળ શું થશે તે વિશે ભારે કુતુહલ જોવા મળતું હતું. આ સમગ્ર દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન પોલિસ અને નગરપાલિકા દ્વારા કરાયેલ કામગીરી દરમિયાન કોઈ પણ વિરોધ વગર વ્યાપારીઓ દ્વારા સ્વેચ્છાએ સમર્થન આપી દબાણ હટાવવા લાગ્યા હતા.

# વર્લ્ડ સેલિબ્રિટી રાજવી પરિવારના યુવરાજ માનવેન્દ્રસિંહ ગોહિલે પોતાનો જન્મદિવસ સેવા દિવસ તરીકે ઉજવ્યો



**। દીપક જગતાપ રાજપીપળા, તા.૨૩ ।**

વર્લ્ડ સેલિબ્રિટી બનેલા રાજવી પરિવારના યુવરાજ માનવેન્દ્રસિંહ ગોહિલે પોતાનો જન્મદિવસ આજે રાજપીપળા પબ્લિક ગાર્ડનમાં સેવા દિવસ તરીકે ગાર્ડનની સફાઈ કામગીરી કરીને ઉજવ્યો હતો.હાથમા ઝાડુ પકડીને સફાઈ કામગીરી કરનાર રાજવી પરિવારને ગાર્ડનની સફાઈ કામગીરી કરવી પડે એ તંત્ર માટે શરમજનકબાબત કહી શકાય. આ પ્રસંગે જન્મદિનની શુભેચ્છા આપવા માટે તેમને રાજપીપળા નગરના અગ્રણીઓ વેપારીઓ, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ ઉત્તમભાઈ મહેતા,. યુવરાજ નાપિતાશ્રી મહારાજા રઘુવીરસિંહજી ગોહિલ, આચાર્ય સંઘના પ્રમુખ નિલેશ વસાવા તથા હોદ્દેદારો, શ્રીમતી વિરાજબેન મહિડા, ડો. યોગેશભાઈ સુખડિયા, અજિતસિંહ રાઠોડ, વેપારી મંડળના પ્રમુખ નયનભાઈ કાપડિયા વગેરેએ ઉપસ્થિત રહી તેમને પુષ્પાહારબુકે તેમજ શુભેચ્છા ભેટ અર્પણ જન્મદિનની શુભેચ્છા પાઠવીહતી. આ પ્રસંગે યુવરાજ માનવેન્દ્રસિંહે રાજપીપળાને સ્વચ્છ અને હરિયાળું તેમજ રાજપીપળા ગાર્ડનને સ્વચ્છ બનાવવા અંગેની સામુહિક પ્રતિજ્ઞા લેવડાવી હતી. ત્યારબાદ રાજપીપળા ગાર્ડનમાં આવેલ રાજવી પરિવારની એકમાત્ર બચેલ નિશાની બેન્ડ સ્ટેન્ડ પાસે જઈને ત્યાં હાથમાં ઝાડુ પકડીને સાથ સફાઈ કરી હતી. ગાર્ડનની સફાઈ કરીને પોતાનો જન્મદિવસ તરીકે ઉજવ્યો હતો.

આ પ્રસંગે યુવરાજ માનવેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે આજે મારો ૫૮ મોં જન્મદિવસ પબ્લિક ગાર્ડનમાં સફાઈ કામગીરી કરીનેસેવા દિવસ તરીકે પબ્લિકની સાથે ઉજવવાનું નક્કી કર્યું છે. નગરપાલિકાના ગાર્ડનની આજે દુર્દશા જોઈને ખેદ વ્યક્ત કરતા જણાવ્યું હતું નગરપાલિકાએ સફાઈથી કાળજી રાખી નથી કે રાજવી પરિવારે આપેલ બેન્ડસ્ટેન્ડ ઈમારતની જાળવણી કરી નથી.

# ખેડા-મહીસાગર જિલ્લાના ગામોમાં સિંચાઇની સુવિધા પૂરી પાડવાનો રાજ્ય સરકારનો મહત્વનો નિર્ણય

## ખેડા અને મહીસાગર જિલ્લાના ૬૧ ગામોના ૧૨૦ તળાવોને ઉદવહન સિંચાઇ યોજના દ્વારા પાઇપલાઇનથી જોડાણ કરાશે : જળ સંપત્તિ મંત્રી કુંવરજીભાઇ બાવળીયા

**। ગાંધીનગર, તા.૨૩ ।**

ખેડા અને મહીસાગર જિલ્લાના ૬૧ ગામોના ૧૨૦ તળાવોને ઉદવહન સિંચાઈ યોજના દ્વારા પાઈપલાઈનથી જોડી અંદાજે ૮૧૦૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઈના પાણીની સુવિધા પૂરી પાડવા મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. આ ઉદવહન સિંચાઈ યોજના માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૭૯૪.૪૦ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી હોવાનું જળ સંપત્તિ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું છે.

ખેડા અને મહીસાગર જિલ્લાના ખેડૂતોને સિંચાઈના પાણી માટે વિશેષ સુવિધા પુરી પાડવાનાં ઉદ્દેશ સાથે લેવામાં આવેલા આ નિર્ણયની વિસ્તૃત વિગતો આપતા જળ સંપત્તિ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું કે, ખેડા જિલ્લાના કપડવંજ, કઠલાલ અને ગલતેશ્વર તાલુકાના ૩૫ ગામોના ૮૩ તળાવો તેમજ મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાના ૨૬ ગામોના ૩૭ તળાવો એમ કુલ ૧૨૦ તળાવોને ઉદવહન સિંચાઈ યોજના દ્વારા પાઈપલાઈનથી જોડવામાં આવશે.

જળ સંપત્તિ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે વધુ વિગતો આપતાં જણાવ્યું હતું કે,ખેડા જિલ્લાનાં કપડવંજ, કઠલાલ અને ગલતેશ્વર તાલુકા તેમજ મહીસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકાનો એક મોટો હિસ્સો નર્મદા મુખ્ય નહેર અને સુજલામ સુફલામ સ્પ્રેડીંગ નહેરની વચ્ચે આવેલો છે. જેની પૂર્વ દિશાએ મહી નદી આવેલી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે અન્યો સાથે તમે ખુશહાલ ક્ષણો માણી રહ્યા હોવાથી તમારૂં સ્વાસ્થ્ ખીલી ઉઠશે. પર સાવચેત રહેજો કેમ કે સ્વાસ્થય પ્રત્યેની બેદરકારી તમને આગળ જતાં પજવી શકે છે. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે કોઈક બિનજરૂરી બાબતને લઈને દલીલબાજી કરવામાં તમારી શક્તિ વેડફશો નહીં. હંમેશાં તમારી જાતને યાદ દેવડાવો કે દલીલબાજીથી કશું મળતું નથી પણ તમે કશુંક ચોક્કસ જ ગુમાવો છો. વધુ પડતો ખર્ચ કરાવાનું ટાળો તથા શંકાસ્પદ આર્થિક સ્કીમ્સથી દૂર રહો. લોકો તથા તેમના આશય વિશે ઝડપી અભિપ્રાય બાંધશો નહીં.



**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારૂં અવિચારી વર્તન પત્ની સાથેના સંબંધો બગાડી શકે છે. કંઈપણ કરતા પહેલા તમારા વર્તનના પ્રત્યાઘાતો વિશે વિચારજો. શક્ય હોય તો તમારો મૂડ બદલવા ક્યાક બહાર જતા રહો. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ. મિત્રો મદદરૂપ અને ખાસ્સા ઉપયોગી સાબિત થશે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. તમને મારી સલાહ છે કે દારૂ સિગારેટ જેવી વસ્તુ પર પૈસા ખર્ચ ન કરો, આમ કરવા થી તમારું સ્વાસ્થ્ય તો બગડે જ છે, તે તમારી આર્થિક સ્થિતિ ને પણ ખરાબ કરે છે. તમારા લગ્નજીવનમાં આજે પરિસ્થિતિ તમારા અંકુશની બહાર જવાની શક્યતા છે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારૂં મગજ સારી બાબતોને સ્વીકારશે. ઉતાવળમાં મૂડીરોકણને લગતા નિર્ણયો લેતા નહીં- દરેક શક્ય બાજુથી તમે રોકાણ અંગે ચકાસણી નહીં કરો તો નુકસાન થવું ચોક્કસ છે. મિત્રની કોઈ સમસ્યા તમને ખરાબ લગાડી શકે છે અથવા ચિંતાતુર કરી શકે છે. આજે તમે પ્રેમની પીડા અનુભવશો. તમારા ઘર ના કોઈ સભ્ય આજે પ્રેમ થી સંબંધિત સમસ્યા શેર કરી શકે છે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારા વિચારોને કેટલાક હકારાત્મક વિચારોમાં વાળો કેમ કે તમે ભયના ડરામણા દૈત્ય સામે લડી રહ્યા છો, અન્યથા તમે આ કટ્ટર દૈત્યના નિષ્ક્રિય તથા આસાન ભોગ બની જશો. નજીકી સંબંધીઓ ના ઘરે જવું આજે તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે. લગ્નજીવન તમને થોડુંક કંટાળાજનક લાગશે. કશુંક ઉત્સાહજનક સોધી કાઢો.



**તુલા (ર,ત) :**

આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. આ રાશિના અમુક લોકો ને પોતાના સંતાન થી આર્થિક લાભ થવાની શક્યતા છે. આ સપ્તાહ માં, તમે ઘણું બધું કરવા માંગો છો, પરંતુ જો તમે કામ કરવા નું ટાળતા જશો, તો તમને ખીજવવું લાગશે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમને તમારા ટૅન્શનમાંથી મુક્તિ મળે એવી શક્યતા છે. જે લોકોએ કોઈ થી ઉધાર લીધું છે તેમને આજે કોઈપણ હાલત માં ઉધાર ચુકાવું પડી શકે છે જેથી આર્થિક સ્થિતિ નબળી થયી શકે છે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્ર તરફથી ભેટ-સોગાદ મળશે.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. આગળ જતાં જેનું મૂલ્ય વધવાનું છે એવી ચીજ ખરીદવા માટે શ્રેષ્ઠ દિવસ. ઘરના લોકો સાથે તમારે કશુંક ઉત્સાહજનક તથા અલગ કરવું જોઈએ. પરિસ્થિતિ આજે તમારી ધારણા પ્રમાણે કદાચ ન પણ ચાલે.



**મકર (ખ,જ) :**

આજના દિવસે ગુસ્સાની લહેર આજે વાદ-વિવાદ તથા ઘર્ષણ ભણી દોરી જશે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. તમારા જીવનસાથીની તબિયત ચિંતા કરાવી શકે છે. તમે તમારા જીવનસાથીના પ્રેમને ઝંખતા હતા.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો. મિત્રો દ્વારા તમે મહત્વના સંપર્કો બનાવશો. પ્રેમ એ વસંત, ફૂલો, પવન, સૂયર્યપ્રકાશ અને પતંગિયાં સમાન છે. તમારા જીવનસાથીએ તમને નીચા દેખાડ્યા એવું તમને લાગશે અને આ બાબત તમને તમારા લગ્ન તોડવાની ફરજ પાડી શકે છે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારી જાતને કોઈક રમત રમવામાં સાંકળો કેમ કે તે સનાતન યૌવનનું રહસ્ય છે. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.

### ભારતીય ક્રિકેટ ટીમે નવો ઈતિહાસ રચ્યો

# ભારત હવે ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં વિશ્વની નંબર ૧ ટીમ

### ભારતનું રેટિંગ ટેસ્ટમાં ૧૧૮ પોઈન્ટ, વનડેમાં ૧૧૬ રેટિંગ પોઈન્ટ અને T20 ઈન્ટરનેશનલમાં ૨૬૪ પોઈન્ટ

। મુંબઈ, તા.૨૩ ।

ટીમ ઈન્ડિયાના નામે એક ઐતિહાસિક મહારેકોર્ડ જોડાઈ ગયો છે. ખરેખર, ભારતીય ક્રિકેટ ટીમે એવો ચમત્કાર કર્યો છે કે તેણે ઈતિહાસ રચી દીધો છે. આ રેકોર્ડ હાંસલ કરવો હજુ ઓસ્ટ્રેલિયાની પહોંચની વાત રહ્યો નથી. ભારતીય ક્રિકેટ ટીમે નવો ઈતિહાસ રચ્યો છે. ICCએ તાજેતરની રેન્કિંગ જાહેર કરી છે, જે મુજબ ભારત હવે ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં વિશ્વની નંબર ૧ ટીમ છે. નવીનતમ ICC રેન્કિંગ અનુસાર, ભારતનું રેટિંગ ટેસ્ટમાં ૧૧૮ પોઈન્ટ, વનડેમાં ૧૧૬ રેટિંગ પોઈન્ટ અને T20 ઈન્ટરનેશનલમાં ૨૬૪ પોઈન્ટ છે. ક્રિકેટના ત્રણેય ફોર્મેટમાં ભારત વિશ્વની નંબર-૧ ટીમ છે.

આ સાથે, ભારતીય ક્રિકેટ ટીમે ઈતિહાસ રચ્યો છે અને તે જ સમયે આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ત્રણેય ફોર્મેટ, ટેસ્ટ, ODI અને T20 આંતરરાષ્ટ્રીયમાં વિશ્વની નંબર ૧ ટીમ બની ગઈ છે. ટીમ ઈન્ડિયા હાલમાં ટેસ્ટ, ODI અને



T20 ઈન્ટરનેશનલમાં વિશ્વની નંબર-૧ ટીમ છે. ભારતીય ક્રિકેટ ટીમે પ્રથમ વખત આ ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. ભારતે એક સાથે આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ત્રણેય ફોર્મેટ, ટેસ્ટ, ODI અને T20માં વિશ્વની નંબર-૧ ટીમ બનીને નવો ઈતિહાસ રચ્યો છે. તમને જણાવી દઈએ કે આ પહેલા ટીમ ઈન્ડિયા ક્યારેય પણ ઈન્ટરનેશનલ ક્રિકેટના ત્રણેય ફોર્મેટ, ટેસ્ટ, ODI અને T૨૦માં એક સાથે વર્લ્ડ નંબર-૧ ટીમ બની શકી ન હતી, પરંતુ હવે ટીમ ઈન્ડિયાએ આ શાનદાર રેકોર્ડ બનાવી લીધો છે. તમને જણાવી દઈએ કે ભારત પહેલા વર્ષ ૨૦૧૩માં એક જ સમયે આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ત્રણેય ફોર્મેટ, ટેસ્ટ, ODI અને T20માં માત્ર એક જ ટીમ વિશ્વની નંબર-૧ ટીમ બની શકી હતી અને તે છે દક્ષિણ આફ્રિકા છે.

### બાંગ્લાદેશ સામે રોહિત-વિરાટને આરામ અપાયો હતો

# વર્લ્ડ કપ માટે દિગ્ગજોને તાજા રાખવા રોહિત-વિરાટને આરામ અપાયો : દ્રવિડ

### ભારતીય ટીમ આઠ ઓક્ટોબરે ઓસ્ટ્રેલિયા સામે રમનાર વન ડે સિરીઝથી પોતાના અભિયાનનો પ્રારંભ કરશે

। નવી દિલ્હી, તા.૨૩ ।

એશિયા કપમાં સુપર-૪ રાઉન્ડમાં બાંગ્લાદેશ સામેની મેચમાં ભારતે કોહલી અને રોહિતને આરામ આપ્યો હતો. તાજેતરમાં એશિયા કપમાં જ્યારે મેનેજમેન્ટે બાંગ્લાદેશ સામે સુપર-૪ રાઉન્ડમાં વિરાટ કોહલી અને કેપ્ટન રોહિત શર્મા સહિત પાંચ ખેલાડીઓને આરામ આપવાનો નિર્ણય લીધો હતો, ત્યારે શરૂઆતમાં કંઈ થયું ન હતું, પરંતુ બાંગ્લાદેશ સામેની હાર બાદ માત્ર ચાહકો જ આ નિર્ણયથી નારાજ થયા હતા. હકીકતમાં ભૂતપૂર્વ ક્રિકેટરો પણ આ નિર્ણય અંગે અલગ-અલગ મત ધરાવતા હતા. ઘણા નિષ્ણાતોએ કહ્યું હતું કે વિજેતા ટીમે રમવાનું ચાલુ રાખવું જોઈતું હતું, જ્યારે કેટલાક નિષ્ણાતોએ તેનો બચાવ કર્યો હતો. જો કે હવે ભારતીય ક્રિકેટ ટીમના કોચ રાહુલ દ્રવિડે આ મામલે સ્પષ્ટતા આપી છે. દ્રવિડે કહ્યું કે કોહલી અને રોહિતને આરામ આપવામાં આવ્યો કારણ કે ટીમ ઈચ્છે છે કે વર્લ્ડ કપ ૨૦૨૩ માટે બંને



દિગ્ગજો તાજા રહે. પાંચ ઓક્ટોબરથી ભારતમાં વર્લ્ડ કપનો પ્રારંભ થશે. જ્યારે ભારતીય ટીમ આઠ ઓક્ટોબર ઓસ્ટ્રેલિયા સામે પોતાના અભિયાનનો પ્રારંભ કરશે. કોચ રાહુલ દ્રવિડે ભારત વિરુદ્ધ ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ વનડે અગાઉ કહ્યું હતું કે આ તે શ્રેણીમાંથી એક છે જ્યાં તમે જોયું છે કે અમારા કેટલાક ખેલાડીઓ પ્રથમ બે મેચમાં રમી રહ્યા નથી. અમે અમારા ઝડપી બોલર્સના વર્કલોડનું મેનેજેન્ટ કરતા રહીશું. તે ખૂબ જ સારું રહેશે કે અમારા કેટલાક ખેલાડીઓને વર્લ્ડ કપ ૨૦૨૩ પહેલા આ ત્રણ મુશ્કેલ મેચોમાં રમવાની તક



પૂર્વ ભારતીય ક્રિકેટર સચિન તેંડુલકર, રવિ શાસ્ત્રી અને ક્રિકેટ કાઉન્સિલના પ્રમુખ જય શાહ તેમજ અન્ય લોકોએ કાશી વિશ્વનાથ મંદિરમાં દર્શન કર્યા હતાં.

### ભારતના યજમાનપદે ૫ ઓક્ટોબરથી વન-ડે વર્લ્ડ કપ

# પાકિસ્તાનની ટીમને ભારત તરફથી વિઝા નથી મળ્યા

। નવી દિલ્હી, તા.૨૩ ।

ભારતની યજમાનીમાં વનડે વર્લ્ડ કપ ૫ ઓક્ટોબરથી યોજાશે. આ ટુર્નામેન્ટમાં પ્રેક્ટિસ મેચ ૨૯ સપ્ટેમ્બરથી શરુ થઈ રહી છે. ભારત પાસે વર્ષ ૨૦૧૧ બાદ ફરી એકવાર વનડે વર્લ્ડ કપ જીતવાની તક છે. વર્લ્ડ કપમાં ભાગ લેનાર તમામ ટીમોના વિઝાને મંજૂરી મળી ચુકી છે. જયારે પાકિસ્તાનની ટીમને હજુ સુધી ભારત સરકાર તરફથી વિઝાની મંજૂરી મળી નથી. જેથી પાકિસ્તાન ક્રિકેટ ટીમનો દુબઈ જઈને ખેલાડીઓ સાથે કેમ્પ લગાવવાનો પ્લાન રદ કરવામાં આવ્યો છે. વર્લ્ડ કપ પહેલા પાકિસ્તાન માટે આ મોટો ઝટકો છે. મળેલી માહિતી મુજબ પાકિસ્તાન ટીમ મેનેજમેન્ટનો પ્લાન હતો કે તેમના તમામ ખેલાડીઓ પ્રી-વર્લ્ડ કપ કેમ્પ માટે દુબઈ જશે. જ્યાંથી તેઓ બધા હૈદરાબાદ જવા માટે ફલાઈટમાં સવાર થશે. પરંતુ હવે આ પ્લાન બરબાદ થઈ ગયો છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે એક અઠવાડિયા પહેલા જ વિઝા માટે અરજી કરી હતી પરંતુ હજુ સુધી તેને મંજૂરી આપ વામાં આવી નથી.

પાકિસ્તાન ટીમ વિઝાની મંજૂરીના અભાવે લાહોરમાં રોકાશે અને ૨૭ સેપ્ટેમ્બરે દુબઈ જશે જ્યાંથી તે ૨૯ સેપ્ટેમ્બરે ન્યુઝીલેન્ડ સામે રમાનાર પ્રેક્ટિસ મેચ માટે હૈદરાબાદ આવશે. પાકિસ્તાની મેનેજમેન્ટનું માનવું છે કે ટીમને સમય મર્યાદામાં વિઝા મળી જશે.

### બ્રિટીશ કોલંબિયાના પ્રીમિયરનું મોટું નિવેદન

# નિજજરની હત્યામાં ભારતની સંડોવણીની ઓપન સોર્સ માહિતી

। ટોરેન્ટો, તા.૨૩ ।

ભારત કેનેડાના તણાવપૂર્ણ સંબંધો વચ્ચે બંને દેશો તરફથી એકબીજા પર નિવેદનો અને કાર્યવાહી થતી જોવા મળી છે. એવામાં કેનેડાના પીએમએ ભારત પર લગાવેલ આરોપને લઈ બ્રિટીશ કોલંબિયાના પ્રીમિયર ડેવિડનું એક મોટું નિવેદન સામે આવ્યું છે. તેમને ભારતના સમર્થનમાં એક નિવેદન આપ્યું હતું. બંને દેશોના તણાવ એક વૈશ્વિક મુદ્દો બની શકે છે. ડેવિડેએ એક વાતચીત દરમિયાન જણાવ્યું કે, તેઓ નિરાશ છે કે કેનેડાને હરદીપ નિજ્જરની હત્યામાં ભારતની સંડોવણી અંગે જે માહિતી આપવામાં આવી હતી તે તમામ ઓપન સોર્સ માહિતી હતી. એટલે કે આ બધી માહિતી ઈન્ટરનેટ પર પહેલેથી જ ઉપલબ્ધ છે.

ડેવિડનું આ નિવેદન એટલા માટે પણ મહત્વનું છે કારણ કે કેનેડાના બ્રિટિશ કોલંબિયા પ્રાંતના સરે શહેરમાં હરદીપ નિજ્જરની હત્યા કરવામાં આવી હતી. ડેવિડએ વધુમાં જણાવ્યું કે, કેનેડિયન સિક્યોરિટી ઈન્ટેલિજન્સ સર્વિસ (સીએસઆઈએસ) પાસેથી મળેલી માહિતીને ઓપન સોર્સ બ્રીફિંગ કહેવામાં આવે છે. આ તે માહિતી છે જે ઈન્ટરનેટ પર પહેલાથી જ ઉપલબ્ધ છે. સંસદમાં વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોએ આ અંગે માહિતી આપતા પહેલા મને આ અંગે જાણકારી આપી હતી.

### પૂર્વ મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદરસિંહના કેનેડા પર પ્રહાર

# ૨૦૧૮માં જ મેં એ કેટેગરીના ૯ આતંકીની યાદી કેનેડાને આપી હતી

### અમરિંદર સિંહે આતંકવાદીઓને સોંપવા માટે કેનેડા પર આંતરરાષ્ટ્રીય દબાણ વધારવાનું આહ્વાન કર્યું હતું

। નવી દિલ્હી, તા.૨૩ ।

ભારત અને કેનેડા વચ્ચે ખાલિસ્તાની આતંકી હરદીપસિંહ નિજ્જરની હત્યાને લઈને તણાવ ચાલી રહ્યો છે ત્યારે પંજાબના પૂર્વ મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહે કેનેડાના પીએમ જસ્ટિન ટુડો દ્વારા ભારત પર લગાવેલા પાયાવિહોણા આરોપોની આકરી નિંદા કરી છે. તેમણે કેનેડા પર આતંકવાદ સાથે સંકળાયેલા લોકોને રાજકીય આશ્રય આપવાનો આરોપ લગાવ્યો હતો અને કહ્યું હતું કે મે વર્ષ ૨૦૧૮માં એ-કેટેગરીના આતંકવાદીઓની યાદી આપી હતી જેની કેનેડાએ અવગણના કરી હતી. અમરિંદર સિંહ કહ્યું હતું કે ફેબ્રુઆરી ૨૦૧૮માં અમૃતસરમાં ભારત સરકારના તરફથી



પંજાબના મુખ્યમંત્રી તરીકે હું ટુડોને મળ્યો હતો, ત્યારે કાર્યવાહી માટે મે એ-કેટેગરીના નવ આતંકવાદીની યાદી આપી હતી પરંતુ કેનેડિયન સરકારે આ યાદીની સંપૂર્ણ અવગણના કરી હતી. જસ્ટિન ટુડોએ હાલમાં જ કેનેડામાં ખાલિસ્તાની વોંન્ટેડ આતંકવાદી હરદીપસિંહ નિજ્જરીની હત્યામાં ભારત સરકારના એજન્ટોની સંડોવણીનો આરોપ લગાવ્યો હતો. આ ઉપરાંત અમરિંદર સિંહે ભારતની ધરતી પર અનેક ગુનાઓમાં સામેલ આતંકવાદીઓને સોંપવા માટે કેનેડા પર આંતરરાષ્ટ્રીય દબાણ વધારવાનું આહ્વાન કર્યું હતું તેમજ ભારત વિરોધી ગતિવિધિઓને પ્રોત્સાહનનો આરોપ લગાવતા કહ્યું કે પાકિસ્તાન કદાચ આંતરરાષ્ટ્રીય પરિણામોના ડરથી આ કામ ગુપ્ત રીતે કરી રહ્યુ છે જ્યારે કેનેડા ખુલ્લેઆમ કરી રહ્યું છે. પંજાબના પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું કે ટુડો તરફથી લગાવેલા આરોપ આશ્ચર્યની વાત નથી કારણકે તેઓ ઉગ્રવાદીઓ સાથે છે. તેમણે વધુમાં કહ્યું હતું કે કેનેડા પોતે જ ભારત વિરોધી ગતિવિધિઓને પ્રોત્સાહન આપ્યું છે. પૂર્વ મુખ્યમંત્રીએ કેનેડામાં ભારતીય વાણિજ્ય દૂતાવાસ અને હિંદૂ ધર્મ સ્થળો પર થયેલા હુમલાઓ તરફ ઈશારો કરતા સવાલ કર્યો હતો કે શું કેનેડિયન સરકારે હિંસાના આ મામલાઓ માટે જવાબદાર લોકો સામે યોગ્ય પગલાં લીધા હતા. ભાજપના નેતાએ કેનેડાની ધરતી પર ભારત વિરોધી ગતિવિધિઓ પર અંકુશ ન લગાવવા પર ટુડો પર નિશાન સાધ્યું હતું અને કહ્યું હતું કે ટુડોના આરોપો રાજકીય કારણોથી પ્રભાવિત હોઈ શકે છે, જેમાં તેમની લઘુમતી સરકારની ખાલિસ્તાન પ્રમોટર જગમીતસિંહના નેતૃત્વવાળી ન્યૂ ડોમોક્રેટિક પાર્ટીના સમર્થન પર નિર્ભરતા પણ સામેલ છે.

## વિશેષ

### રમતગમત તથા સાંસ્કૃતિક વિભાગના મંત્રી હર્ષ સંઘવીની પ્રોત્સાહક ઉપસ્થિતિ

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખેલ મહાકુંભ ૨.૦ના રજીસ્ટ્રેશન કર્ટેઇન રેઇઝર ઇવેન્ટ નો પ્રારંભ કરાવ્યો

અમદાવાદ ખાતેથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ખેલ મહાકુંભ ૨.૦ના રજીસ્ટ્રેશન કર્ટેઈન રેઈઝર ઈવેન્ટ નો પ્રારંભ કરાવ્યો હતો. રમતગમત તથા સાંસ્કૃતિક વિભાગના મંત્રી શ્રી હર્ષ સંઘવી પણ આ વેળાએ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ ખેલ મહાકુંભ ૨.૦ ની રજીસ્ટ્રેશન લિંક તથા ટોલ ફ્રી નંબરને ખુલ્લો મૂક્યો હતો. ખેલમહાકુંભ ૨.૦માં ભાગ લેવા ઈચ્છુક યુવાનો https://khelmahakumbh.Gujarat.gov.in પર ઓનલાઈન રજીસ્ટ્રેશન તથા વધુ વિગતો મેળવી શકશે. આ ઉપરાંત ૧૮૦૦ ૨૭૪ ૬૧૫૧ ટોલ ફ્રી નંબર જાહેર કરાયો છે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી જે 'ખેલે તે ખીલે' ના ઉમદા વિચાર સાથે આરંભાયેલ ખેલમહાકુંભનું બીજ આજે વટવૃક્ષ બની ગયું છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્ય સરકાર રમતવીરો માટે તમામ પ્રકારની મદદ કરવા સંકલ્પ બદ્ધ છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પહેલાના સમયમાં ખેલકૂદ ક્ષેત્રે રાજ્યનું નામ નહોતું પરંતુ ખેલમહાકુંભના સફળ આયોજનોથી હવે રાજ્યના યુવાનો દેશ-વિદેશમાં ઝળક્યા છે.

ગુજરાત આજે દરેક ક્ષેત્રે આગળ વધી રહ્યું છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે વારાણસી ખાતે આશરે ૩૦,૦૦૦ જેટલા લોકો મેચ નિહાળી શકે તેવા સ્ટેડિયમનું ખાતમુર્હુત કર્યું છે. રાજ્ય સરકારે ૩૬મી નેશનલ ગેમ્સનું આયોજન ૩ મહિનાના ખૂબ જ ટૂંકા સમયગાળામાં કર્યું તે આપણા સૌ માટે ગૌરવપૂર્ણ બાબત છે તેવું એમણે ઉમેર્યું હતું. આ





પ્રસંગે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિભાગના મંત્રી શ્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, રમતવીરોના ઉજ્જવળ ભવિષ્ય માટે તથા યુવાનો ગુજરાત અને દેશનું નામ રોશન કરી શકે તે માટે ખેલમહાકુંભ વિવિધ રમતો માં વિજેતા થનાર ખેલાડીઓને કુલ ૪૫ કરોડ રૂપિયાના ઈનામો મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરણા અને માર્ગદર્શનમાં આપવામાં આવશે.

શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર યુવાનોને વધુમાં વધુ કેવી રીતે પ્રોત્સાહિત કરી શકે તે સંદર્ભે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં આ વખતે ખેલમહાકુંભમાં બદલાવ લાવવામાં આવ્યો છે. શ્રી હર્ષ સંઘવીએ ખેલમહાકુંભની સફળતા વર્ણવતા કહ્યું કે, ૨૦૧૦માં જ્યારે ખેલમહાકુંભની શરૂઆત થઈ ત્યારે ૧૬ લાખ યુવાનોએ રજીસ્ટ્રેશન કર્યું હતું જ્યારે ગયા વર્ષે ૫૫ લાખ જેટલા યુવાનોએ રજીસ્ટ્રેશન કર્યું એ ગૌરવની વાત છે.

આ વખતે ખેલમહાકુંભમાં કરવામાં આવેલા બદલાવ વિશેની વાત કરતા શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે, ખેલમહાકુંભ ૨.૦માં ૩૫ રમતો ઉપરાંત વુડબોલ, સેપક ટકરાવ, બીચ વોલીબોલ અને બીચ હેન્ડબોલ જેવી નવી ૪ રમતો મળી કુલ ૩૯ જેટલી રમતોની સ્પર્ધાનું આયોજન કરાયું છે.

આ ઉપરાંત અંડર ૯ વયજૂથનો સમાવેશ કરવામાં આવ્યો છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે યુવાનોના હિતમાં નિર્ણય કર્યો કે, ખેલમહાકુંભ ૨.૦માં કોઈપણ ખેલાડી ૨ રમતમાં ભાગ લઈ શકશે. શ્રી સંઘવીએ કહ્યું કે, આ વખતે ખેલમહાકુંભ ૨.૦માં દરેક રમતમાં વિજેતા ખેલાડીઓને આપવામાં આવતી રોકડ પુરસ્કારની રકમ પારદર્શકતા સાથે જે - તે વિજેતા ખેલાડીઓના બેંક ખાતામાં ઈ઼જીથી તબદીલ કરવામાં આવશે. આ ઉપરાંત સામાન્ય અને દિવ્યાંગ ખેલાડીઓ વચ્ચે કોઈ તફાવત નહીં રાખવા રાજ્ય સરકારે વ્યવસ્થાઓ કરી છે. વધુમાં તેમણે કહ્યું કે, રાજ્યકક્ષાની રમતમાં વિજેતા થયેલા ઉમેદવારોને નેશનલ - ઈન્ટરનેશનલ કક્ષાએ જવા માટે યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવશે. તેમણે કહ્યું કે, એશિયન ગેમ્સમાં ભાગ લેનાર તમામ ખેલાડીઓને રાજ્ય સરકાર તરફથી રૂ.૫ લાખની રકમ ઈનામ રૂપે આપવામાં આવશે. રમતગમત વિભાગના અગ્ર સચિવ શ્રી અશ્વિની કુમારે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, ખેલમહાકુંભ એ ગ્રાસરૂટ લેવલે યુવાનોનું ટેલેન્ટ આઈડેન્ટીફિકેશન કરી યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવાનું માધ્યમ છે. તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૦માં પ્રારંભ કરાવેલ ખેલમહાકુંભ આજે ૧૨ વર્ષ પૂર્ણ થયા છે. આ સફર ખૂબ જ પ્રેરણાદાયક રહી છે. વધુમાં તેમણે જણાવ્યું કે, રમતગમત વિભાગનો પ્રયાસ છે કે રાજ્યના દરેક રમતવીરોને યોગ્ય તક પૂરી પાડવામાં આવે. આ પ્રસંગે શહેરના મેયર શ્રીમતી પ્રતિભા જૈન, જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી.કે., સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સચિવ શ્રી આર.ડી.ભટ્ટ, યુવા અને સાંસ્કૃતિક વિભાગના જોઈન્ટ સેક્રેટરી શ્રી કે.એસ.વસાવા, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર શ્રી ડો.અર્જુનસિંહ રાણા તથા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.




અમદાવા ખાતે રામદેવપીરના નેજા ચડાવવા જઈ રહેલ ભક્તજનો.

## ન્યૂઝ બ્રિફ

### કાંકરેજની અગમ્ય કારણોસર પતિ-પત્નીએ કેનાલમાં ઝંપલાવ્યુ

। બનાસકાંઠા, તા.૨૩ ।

બનાસકાંઠા જિલ્લામાં આપઘાતનો સીલસીલો યથાવત છે. આજે એક જ દિવસમાં આપઘાતથી ત્રણના મોત છે. બનાસકાંઠાના કાંકરેજમાં કેનાલમાં અગમ્ય કારણોસર પતિ-પત્ની ઝંપલાવ્યુ છે. કાંકરેજના રાણકપુ મુખ્ય કેનાલમાં પતિ-પત્નીએ અગમ્ય કારણોસર જીવન ટૂકાવ્યું છે. સમગ્ર ઘટનાની જાણ થતાં સ્થાનિક તરવૈયા દ્વારા શોધખોળ હાથ ધરાઈ હતી.કાંકરેજના રાણકપુ કેનાલમા પતિ-પત્નીએ આપઘાત કર્યાની ઘટના પ્રકાશમાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. જો કે, સમગ્ર બાબતની સ્થાનિકોને જાણ થતાં શોધખોળ હાથ ધરાઈ હતી. ત્યાર બાદ પોલીસને જાણ કરાઈ હતી. પોલીસે ઘટના સ્થળે પહોંચી મૃતદેહોને શોધી પીએમ અર્થ ખસેડ્યા હતા. પોલીસે તપાસ હાથ ધરીબંન્ને મૃતદેહને પોલીસે કબ્જે કરી પીએમ અર્થે કાંકરેજ સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. જો કે સમગ્ર બનાવને લઈ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### સુરત મનપાના ફૂડ એન્ડ સેફ્ટી ઓફિસરે શંકાસ્પદ ઘીના નમુના લીધા

। સુરત, તા.૨૩ ।

સુરતમાં મનપાના ફૂડ વિભાગ દ્વારા અલગ અલગ ટીમ બનાવીને વરાછા એ ઝોનમાં દરોડા પાડ્યા હતા. આ દરમ્યાન પુણા સીમાડા ખાતે આવેલી સોસાયટીમાં શંકાસ્પદ ઘી બનાવતા હોવાનું ધ્યાને આવતા ફૂડ સેફટી ઓફિસરો દ્વારા ત્યાં દરોડા પાડી ઘીના નમુના લઈને તપાસ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. તપાસનો રિપોર્ટ આવ્યા પછી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમજ ૩,૩૩૬ લીટર ઘી જપ્ત કરી સીઝ કરવામાં આવ્યું છે. જેની અંદાજીત કિંમત દસ લાખથી વધારે છે. ફૂડ વિભાગના ફૂડ સેફટી ઓફિસરો દ્વારા વરાછા ઝોન-એમાં ૧૦ ફૂડ સેફટી ઓફિસરોની અલગ અલગ ટીમ બનાવીને તપાસ કરવામાં આવી હતી.

### સુરતના હીરા ઉદ્યોગ પર મંડરાયા કાળા વાદળો

। સુરત, તા.૨૩ ।

રશિયન રફની સપ્લાયમાં મોટો ઘટાડો નોંધાતા સુરતનો હીરા ઉદ્યોગ હાલ મંદીમાંથી પસાર થઈ રહ્યો છે. જેના કારણે લાખો રત્ન કલાકારોને પૂરતું કામ ન મળવાના કારણે મુશ્કેલી ઊભી થઈ છે. એટલું જ નહીં પરંતુ નાના હીરા ઉદ્યોગકારોમાં હાલ ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. સુરતના લેબર વર્ક્સ સાથે સંકડાયેલા નાના ઉદ્યોગકારોની હાલત કફોડી બની રહી છે. જ્યાં લેબર વર્કસ સાથે સંકળાયેલા નાના હીરા વેપારીઓને કામ ન મળતા કામના કલાકો પણ ઘટાડી દેવામાં આવ્યા છે. જોકે રત્ન કલાકારોને દિવાળી સુધી કામ મળી રહે તે માટેના પ્રયત્નો હીરા ઉદ્યોગકારો દ્વારા કરવામાં આવી રહ્યા છે. સુરતના નાના હીરા ઉદ્યોગકારોમાં છેલ્લા ઘણા દિવસોથી હાલ મંદીનો માહોલ ચાલી રહ્યો છે. લેબર વર્કસથી કામ લેતા નાના વેપારીઓ હાલ ચિંતામાં મુકાયા છે. કારણ કે, છેલ્લા દોઢ વર્ષથી ઈન્ટરનેશનલ માર્કેટમાં મંદીનો માહોલ ચાલી રહ્યો છે. જેની નેગેટિવ અસર સુરતના હીરા ઉદ્યોગ પર જોવા મળી રહી છે.

**ડેન્ગ્યુના ૮૦૦થી વધુ કન્ફર્મ કેસ । સૌથી મોટી સરકારી હોસ્પિટલ એવી વિનોબા ભાવે હોસ્પિટલમાં રોજના ૫૦૦૦ થી વધુ દર્દીઓ આવી રહ્યા છે**

# સેલવાસમાં બિમારીનો કહેર, આવી રહ્યા છે રોજના ૫૦૦૦થી વધુ દર્દીઓ

**હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યા વધતા હોસ્પિટલમાં સુવિધા નો પનો પણ જાણે ટૂંકો પડી રહ્યો છે**

। સેલવાસ, તા.૨૩ ।

સેલવાસ રાજ્યના પડોશમાં આવેલા સંઘ પ્રદેશ દાદરા નગર હવેલી જાણે રોગચાળાના ભરડામાં સપડાયું છે. કારણ કે પ્રદેશની સૌથી મોટી સરકારી હોસ્પિટલ એવી વિનોબા ભાવે હોસ્પિટલમાં રોજના ૫૦૦૦ થી વધુ દર્દીઓ આવી રહ્યા છે. આવી પરિસ્થિતિમાં હોસ્પિટલમાં જાણે બેડ પણ ખૂટી પડ્યા હોય તેમ લાગી રહ્યું છે. દર્દીઓની સંખ્યા વધી હોવાથી હોસ્પિટલ તંત્ર દ્વારા મજબૂરીમાં દર્દીઓને નીચે સુવડાવી અને સારવાર કરવાની ફરજ પડી રહી છે. જો કે ચોકાવનારી વાત એ છે કે આ આ વર્ષે પ્રદેશમાં ડેન્ગ્યુના ૮૦૦ થી વધુ કન્ફર્મ કેસ બહાર આવી ચૂક્યા છે. હજુ પણ ડેન્ગ્યુ સહિત અન્ય દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. હોસ્પિટલમાં દર્દીઓની સંખ્યા વધતા હોસ્પિટલમાં સુવિધા નો પનો પણ જાણે ટૂંકો પડી રહ્યો છે.

બનાવની વિગત મુજબ રાજ્યના પડોશમાં આવેલા સંઘ પ્રદેશ દાદર નગર હવેલીની સૌથી મોટી વિનોબા ભાવે હોસ્પિટલ આવેલી છે. આ હોસ્પિટલમાં સંઘ પ્રદેશ દાદરા નગર હવેલી ઉપરાંત પડોશી વલસાડ જિલ્લાના અને મહારાષ્ટ્રના પણ છેવાડાના વિસ્તારના દર્દીઓ સારવાર માટે આવે છે. જો કે છેલ્લા કેટલાક સમયથી આ વિસ્તારોમાં રોગચાળાનું પ્રમાણ વધતાં અત્યારે રોજિંદા સેલવાસની વીનોબા ભાવે હોસ્પિટલમાં ૫,૦૦૦ થી વધુ દર્દીઓ આવી રહ્યા છે.હોસ્પિટલના સત્તાવાર આંકડા મુજબ આ વર્ષે ૮૦૦થી વધુ ડેન્ગ્યુના કન્ફર્મ કહેશો નોંધાઈ ચૂક્યા છે. હજુ પણ સંખ્યા સતત વધી રહી છે. ડેન્ગ્યુની સાથે અન્ય રોગના દર્દીઓની પણ સંખ્યા વધુ હોવાથી હોસ્પિટલમાં તમામની સારવાર માટે સુવિધાઓનો પણ પનો ટૂંકો પડી રહ્યો છે. હોસ્પિટલના વોર્ડ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. અનેક દર્દીઓને બેડ ન મળતા મજબૂરીમાં આ દર્દીઓને હોસ્પિટલમાં નીચે સુવડાવી અને સારવાર કરવાની ફરજ પડી રહી છે. ૮૦૦થી વધુ ડેન્ગ્યુના કેસો બહાર આવતા પ્રદેશનું આરોગ્ય વિભાગ દોડતું થયું છે.

**શિક્ષકે BLOની કામગીરી કરવાની ના પાડી**

# ભાવનગરના ભોજપરા ગામે આખી શાળા વચ્ચે એક જ શિક્ષક હોય છે

**આ તરફ સામે શિક્ષક દેવેન્દ્રસિંહ ચુડાસમાએ જે પ્રકારે લેખિત જવાબ રજૂ કર્યો તેનાથી તંત્રમાં પણ ખળભળાટ મચી ગયો છે**

। ભાવનગર, તા.૨૩ ।

ભાવનગરથી શિક્ષણ જગતને લઈ એક ચોંકાવનારા અને ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, ચૂંટણીમાં શાળાઓમાંથી શિક્ષકોને BLO તરીકે જવાબડરી મળતી હોય છે. પરંતુ ભાવનગરમાં એક શિક્ષકે BLOની કામગીરી કરવાની ના પાડતાં મામલતદારે તેમને ખુલાસો કરવા જણાવ્યું હતું. જોકે સામે શિક્ષકે પણ લેખિતમાં જે જવાબ આપ્યો તે પણ ખરેખર ચોંકાવનારો અને ચિંતાજનક કહી શકાય. તાલુકાના ભોજપરા ગામે શિક્ષક તરીકે ફરજ બજાવતા દેવેન્દ્રસિંહ ચુડાસમાએ તેમને સોંપવામાં આવેલ BLOની કામગીરીનો અસ્વિકાર કર્યો હતો. જેથી મામલતદાર દ્વારા શા માટે BLOની કામગીરી નહિ કરી શકાય તે અંગે ખુલાસો માંગ્યો હતો. આ તરફ સામે શિક્ષક દેવેન્દ્રસિંહ ચુડાસમાએ જે પ્રકારે લેખિત જવાબ રજૂ કર્યો તેનાથી તંત્રમાં પણ ખળભળાટ મચી ગયો છે. દેવેન્દ્રસિંહનું કહેવું છે કે, અમારી શાળામાં ૫ શિક્ષકો ની સામે હું માત્ર એક જ શિક્ષક છે અને હાલમાં મારી પાસે આચાર્યનો પણ ચાર્જ હોઈ હું બાળકોને અભ્યાસ કરાવવા માટે સમય નથી આપી શકતો. આ કારણે જ મેં BLOની કામગીરી નહીં કરવા અને મામલતદારને પત્ર પાઠવ્યો છે.

**ખેડૂતોની મુલાકાતે આવેલા સાંસદનો લોકોએ કર્યો ઘેરાવ**

# વડોદરાના શિનોરના ગામમાં સાંસદ મનસુખ વસાવાનો વિરોધ

**વરસાદને કારણે નદી કાંઠા વિસ્તારમાં ખેડૂતોનો ઉભો પાક ૧૦૦ ટકા નષ્ટ થયો છે, જેને કારણે ખેડૂતો રોષે ભરાયા છે**

। વડોદરા, તા.૨૩ ।

વડોદરાના શિનોરના ગામમાં સાંસદ મનસુખ વસાવાનો વિરોધ કરવામાં આવ્યું. સુરાશામળ ગામમાં પૂરથી પીડિત લોકોને સાંસદ મળવા ગયા હતા. જોકે ખેડૂતોની મુલાકાતે આવેલા સાંસદનો લોકોએ ઘેરાવ કર્યો. વરસાદને કારણે નદી કાંઠા વિસ્તારમાં ખેડૂતોનો ઉભો પાક ૧૦૦ ટકા નષ્ટ થયો છે. જેને કારણે ખેડૂતો રોષે ભરાયા છે. ભાજપના વધુ એક નેતાએ પૂરના પીડિતોના રોષનો સામનો કરવાનો વારો આવ્યો. વડોદરાના શિનોર ગામે સાંસદ મનસુખ વસાવાને પૂર પીડિતોએ ઘેરી લીધા હતા. નદી કાંઠા વિસ્તારમાં ખેડૂતોનો ઉભો પાક ૧૦૦ ટકા નષ્ટ થઈ ગયો છે. જેને લઈ ખેડૂતોએ સાંસદ મનસુખ વસાવા સમક્ષ વેદના વ્યક્ત કરી. તો બનતી મદદ કરવાની ખાતરી મનસુખ વસાવાએ આપી.નર્મદા નદીમાં પૂરના કારણે વડોદરાના શિનોર તાલુકાના ખેડૂતોની હાલત કફોડી બની છે. પૂરમાં ૧૧ ગામો પ્રભાવિત થયા છે. ગામના ખેડૂતોને પાકમાં મોટા પ્રમાણમાં નુકસાની થઈ છે. જો કે, નુકસાની સામે રાજ્ય સરકારે વળતર આપવાની જાહેરાત કરી છે. પરંતુ, સરકારે જાહેર કરેલા વળતર કરતા ખેતરમાં વધુ નુકસાન થયું છે.

**સાસણ હોટેલ એસોસિએશને સરકાર પાસે અલગ અલગ માગો કરી**

# સાસણ ગીરમાં સ્ટેચ્યુ ઓફ લાયન બનાવવા હોટેલ એસો.ની માંગ

**દર વર્ષ લાખો પ્રવાસીઓ સાસણ ગીરની મુલાકાત લઇ રહ્યા છે જેના કારણે અહીં ૨૫૦થી વધુ હોટેલ અને ફાર્મ હાઉસ ચાલી રહ્યા છે**

। નર્મદા, તા.૨૩ ।

દેશ અને દુનિયાના પ્રવાસીઓનું આકર્ષણ બનેલા સાસણ ગીરમાં સ્ટેચ્યુ ઓફ લાયન બનાવવા હોટેલ એસોસિએશને માંગ કરી છે. સાસણ હોટેલ એસોસિએશને સરકાર પાસે અલગ અલગ માગો કરી છે. એસિયાટીક સિંહોના ગઢથી જાણીતા બનેલા સાસણ ગીર દેશ અને દુનિયાના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે અને દર વર્ષ લાખો પ્રવાસીઓ સાસણ ગીરની મુલાકાત લઈ રહ્યા છે. જેના કારણે અહીં ૨૫૦ થી વધુ હોટેલ અને ફાર્મ હાઉસ ચાલી રહ્યા છે. હાલ હોટેલોમાં મંદીનો માહોલ છે જે દૂર કરવા હોટેલ માલિકો સરકાર પાસે માંગ કરી રહ્યા છે. હોટેલ સંચાલકો નું કહેવુ છે કે અહી સ્ટેચ્યુ ઓફ લાયન બનાવવામાં આવે. આ સિવાય રિવરફ્રન્ટ અને અન્ય વિકાસના કામ કરવામાં આવે જેથી ધંધા રોજગાર ધમધમતા રહે.હાલ ચોમાસામાં ગીર ૪ મહિના બંધ રહે છે. ઉબડ ખાબડ રસ્તા અને સિંહોના મેટીંગ પિરિયડના કારણે ગીર ૪ મહિના બંધ રાખવામાં આવે છે. જેની સીધી અસર હોટેલ બિઝનેસ પર પડી રહી છે અને ૪ મહિના હોટેલ બિઝનેસ મંદીમાં ધકેલાય જાય છે. જેના કારણે હોટેલ એસો.એ માંગ કરી છે કે, ગીર ૪ મહિના નહિ પણ ૨ મહિના પૂરતું જ બંધ રાખવામાં આવે.તો બીજી તરફ સાસણ ગીરની હોટેલોમાં આવનારા દિવસોમાં રેસ્ટોરન્ટના મેનુમાં પ્રાકૃતિક ફૂડનું મેનુ જોવા મળે તો નવાઈ નહિ. કારણ કે જૂનાગઢ કલેકટરે હોટેલ એસો સાથે બેઠક યોજી મેનુમાં પ્રાકૃતિક ફૂડનું મેનુ એડ કરવા જણાવ્યું છે. આગામી ૧૬ તારીખથી સિંહોનું વેકેશન પૂર્ણ થાય છે અને ગીર ફરી એક વખત સહેલાણીઓ માટે ખુલ્લું મુકાશે.



ઉસ્માનપુરા એરોમા સ્કુલથી શિક્ષકોની પડતર માંગણીઓને લઈને રેલી યોજાઈ હતી.

**૬૦૦ કરોડના હીરાના ગણેશની પૂજા કરવામાં આવી**

# સુરતના વેપારી પાસે ૬૦૦ કરોડની કિંમતના ગણેશજી

। સુરત, તા.૨૩ ।

સુરત શહેરના ડાયમંડ ઉદ્યોગપતિ કનુભાઈ આસોદરિયા ૧૫ વર્ષ પહેલાં બેલ્જિયમ વ્યવસાય માટે ગયા હતા અને ત્યાંથી કાચા હીરા લઈને આવ્યા હતા. તે દરમિયાન તેઓના પિતાને સ્વપ્ન આવ્યું કે આ કાચા હીરામાં ગણેશજી છે અને જ્યારે તેઓએ કાચા હીરા જોયા ત્યારે તેમાં ગણેશજીની પ્રતિકૃતિ એક હીરામાં જોવા મળી ત્યારથી જ તેઓ આ હીરાને પૂજતા આવ્યા છે. અગત્યની વાત આ છે કે રફ ડાયમંડમાં ગણપતિબાપા જોવા મળે છે જે ૧૮૨.૩ કેરેટ છે અને જેનું વજન ૩૬.૫ ગ્રામ છે. આમ તો ઉદ્યોગ પતિ કનુભાઈઆની કિંમત જણાવતા નથી કારણ કે તેઓ અને ગણેશજીની કૃપા માને છે અને તેની પૂજા અર્ચના કરે છે અને આ ગણેશ કોઈને કોઈ કિંમતમાં પણ આપવા તૈયાર નથી. તેમ છતાં જ્યારે બજારમાં આ ગણેશજીની કિંમતની વાત કરવામાં આવે તો આ ૬૦૦ કરોડથી પણ વધુ કિંમત ધરાવે છે. આ સંપૂર્ણ રીતે પ્રાકૃતિક છે અને સૌથી અગત્યની વાત આ છે કે લંડનના વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા સર્ટિફાઇડ પણ કરવામાં આવી છે. અમેરિકાના કેલિફોર્નિયામાં પણ મંદિરમાં આ ગણેશજીની તસ્વીર મૂકવામાં આવી છે. કનુભાઈએ કર્મ ગણેશજીની તસ્વીર કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ, અમિતાભ બચ્ચન, બાબા રામદેવ સહિત અનેક લોકોને આપી ચૂક્યા છે. એટલું જ નહીં અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ પણ આ ગણેશને જોવા માટે ઈચ્છા વ્યક્ત કરી છે. કનુભાઈએ જણાવ્યું હતું કે, ૩૬૫ દિવસમાં માત્ર એક જ દિવસ ગણેશ ઉત્સવના પર્વ દરમિયાન તેઓ પૂજા અર્ચના કરે છે અને આ કર્મના દેવતા હોવાના કારણે તેમનું નામ કર્મ ગણેશા રાખવામાં આવ્યું છે.

**કેન્દ્રીય રેલવે મંત્રીની મોટી જાહેરાત**

# સાણંદમાં પણ ઉભી રહેશે અમદાવાદ-જામનગર વંદે ભારત

। અમદાવાદ, તા.૨૩ ।

સૌરાષ્ટ્રમાં રેલ્વેમાં મુસાફરી કરતા મુસાફરો માટે મોટા સમાચાર સામેં આવ્યા છે.હવે જામનગરથી અમદાવાદ વચ્ચે વંદે ભારત ટ્રેન દોડાવવા ઉચ્ચ કક્ષાએથી લીલીઝંડી આપી દેવામાં આવી છે. સૌરાષ્ટ્રને પ્રથમ વંદે ભારત ટ્રેન મળતા જ મોટી સંખ્યામાં લોકોને તેનો ફાયદો થશે. ખાસ કરીને સૌરાષ્ટ્રના બિઝનેસને વધુ વેગ મળશે.

આ તરફ હવે આજે સાણંદ જીઆઈડીસી ખાતે માઈક્રોન કંપનીની એસેમ્બલી અને ટેસ્ટિંગ ફેસિલિટીનું ખાતમુહૂર્તમાં હાજર રહેલ કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે પણ જામનગર-અમદાવાદ વંદે ભારતને સાણંદમાં સ્ટોપ આપવાની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા સાણંદ જીઆઈડીસી ખાતે માઈક્રોન કંપનીની



એસેમ્બલી અને ટેસ્ટિંગ ફેસિલિટીનું ખાતમુહૂર્ત. સાણંદ જીઆઈડીસી ખાતે માઈક્રોન કંપનીની એસેમ્બલી અને ટેસ્ટિંગ ફેસિલિટીનું ખાતમુહૂર્ત આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમદાવાદ-જામનગર વચ્ચે શરૂ થનાર વંદે ભારત ટ્રેનને લઈ કેન્દ્રીય રેલમંત્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા જાહેરાત કરાઈ હતી. જેમાં તેમણે કહ્યું કે, સાણંદમાં વંદે ભારતનો સ્ટોપ આપવામાં આવશે. આ સાથે તેમણે ઉમેર્યું કે, આગામી સમયમાં સાણંદમાં વર્લ્ડ ક્લાસ રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરાશે. સૌરાષ્ટ્રમાં રેલ્વેમાં મુસાફરી કરતા મુસાફરો માટે મોટા સમાચાર સામેં આવી રહ્યા છે. સૌરાષ્ટ્રવાસીઓની પરિવહન સેવામાં વધારો થયો છે અને હવે જામનગરથી અમદાવાદ વચ્ચે વંદે ભારત ટ્રેન દોડાવવા ઉચ્ચ કક્ષાએથી લીલીઝંડી આપી દેવામાં આવી છે. આ ટ્રેનનું ટ્રાયલ પણ ટૂંક સમયમાં પૂર્ણ થશે અને રવિવારથી સત્તાવાર આ ટ્રેન દોળતી થઈ જશે. સૌરાષ્ટ્રને પ્રથમ વંદે ભારત ટ્રેન મળતા જ મોટી સંખ્યામાં લોકોને તેનો ફાયદો થશે. ખાસ કરીને સૌરાષ્ટ્રના બિઝનેસને વધુ વેગ મળશે. વાત કરીએ સૌરાષ્ટ્રમાં દોડનારી પ્રથમ વંદે ટ્રેનની તો આ ટ્રેન જામનગરથી અમદાવાદ સપ્તાહમાં છ દિવસ દોડશે. પરંતુ ૨૪ તારીખ રવિવારથી આ ટ્રેનને વડાપ્રધાન મોદીની વર્ચ્યુલ ઉપસ્થિતિમાં સાંસદ પૂનમબેન માડમના હસ્તે લીલી ઝંડી આપી વિધિવત રીતે શરુ કરાશે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત દૈનિક સમાચાર પત્ર
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર
વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨